યા ગૌષ અલ મદદ !

શરીઅત વિરૂધ્ધ વર્તતા બનાવટી પીર, બાપુઓ, સૂફીઓની
પોલ સાચા બુઝુર્ગોના કથનો વડે ખોલતી લાજવાબ કિતાબ !

# એહમિયતે ઈલ્મે દીન વ હકીકતે તસવ્વુફ

યાને

# ઈલ્મે દીનનું મહત્વ તથા સૂફીપણાની વાસ્તવિકતા


★ લેખક ★

**હઝરત મૌલાના અબુલ કલામ રઝવી**

(ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ)

★ અનુવાદક ★

**પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરવી**



★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

**C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા.જિ. ભરૂચ.

ફોન : (૦૨૬૪૨) ૮૨૭૯૨, ૮૨૯૧૧

Designed by : Noorani Art-Dayadra. Ph. : **82792**

# આજે જ મંગાવો !

## ગુસ્તાખે રસૂલ વહાબી દેવબંદીની કમરતોડ પોલ ખોલનાર કિતાબ

### ★ ઝલઝલા ★

(હદિયો : ૩૫/– રૂા.)

**લેખક : અલ્લામા અર્શદુલ કાદરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : મર્હૂમ અ.ગફ્ફાર ચોલા–જામનગરી**

જેમાં જે વાતો નબી, વલી માટે તેઓ **શિર્ક** કહે છે તે જ વાતો પોતાના પેશ્વાઓ માટે કહેવામાં **ઈમાન** ગણે છે ! બે પાસાંનો અભ્યાસ કરીને ઈન્સાફથી વિચારી ઈમાન બચાવો.

### ★ જાઅલ હક્ક ★ (ઐતિહાસિક કિતાબ)

**લેખક : હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં નઈમી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

કુર્આન, હદીષ, ઉલમાનાં કથનો, અકલી દલીલો, વિરોધીઓના વાંધાઓ અને તેના જવાબો સાથે અહલે સુન્નત વ જમાઅત જે સહાબા, તાબઈન, ઔલિયાથી ચાલ્યો આવે તે જ મસ્લકે આ'લા હઝરતની હક્કાનિયતને દર્શાવતી તથા દેવબંદી, ગૈરમુકલ્લિદ વગેરેના બાતિલ અકીદાઓનું ખંડન કરતી કિતાબ જરૂરથી મંગાવો.

વાંચો ! વંચાવો ! વર્તમાનકાળમાં દુનિયાવી તમામ આફતોથી બચાવવા તમે સતત ઔલાદનું રક્ષણ કરો છો તો આખેરતની આફતોથી ઔલાદને બચાવવા આવી કિતાબો તમારા ઘરમાં વસાવો :–

**જાઅલ હક્ક ભાગ–૧ (૧૫/– રૂા.)**

**જાઅલ હક્ક ભાગ–૨ (૧૫/– રૂા.)**

**જાઅલ હક્ક ભાગ–૩ (૨૦/– રૂા.)**

**જાઅલ હક્ક ભાગ–૪ (છપાવાની તૈયારી)**



# ફખ્રે ગુજરાત મૌલાના યુનુસ મિસ્બાહીની અજોડ કૃતિ !

### ★ તોહફાએ નજાત ★

**(ભાગ–૨, ૫, ૬, ૭ ના ૧૭૦/– રૂા. થશે)**

**[ભાગ–૧, ૩, ૪ ના કુલ ૮૦/– રૂા. (થોડીક જ કોપી છે)]**

ગુજરાતીમાં અકીદા તથા અમલ સંબંધી દીનની તમામ બાબતો સમાવી લેતી આ અજોડ તથા અણમોલ કિતાબ **તમારા ઘરમાં અવશ્ય હોવી જ જોઈએ !**

રહી જશો તો પસ્તાશો !

### ★ કાનૂને શરીઅત (ભાગ–૧) ★

**(ગુજરાતીમાં)**

**હદિયો : ૫૦/– રૂા.**

**લેખક : હઝરત અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી રઝવી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા વહેમી ઝંઘારવી**

અકાઈદ, નમાઝ, રોઝા, કુર્બાની, શહીદ, મૌત, કફન દફન, ચાંદ જોવા વિશે વગેરેના મસાઈલ દર્શાવતી કિતાબ.

(ફકત થોડીક જ કોપીઓ છે.)

**(પ્રકાશકના સરનામે સંપર્ક કરો)**

# ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

મુ. દયાદરા, તા.જિ. ભરૂચ. ફોન : ૮૨૭૯૨, ૮૨૯૧૧

ગરીબ ગામડાંઓ તથા આબાદીઓમાં દીનો સુન્નિયતને ટકાવી રાખવા તથા ઈલ્મે દીનનો ફેલાવો કરવા માટે **મસ્જિદ, મદ્રસાઓના સંચાલનમાં સહાય કરવાના "મુખ્ય ઉદ્દેશ"** સાથે કામ કરતી આપની આ સંસ્થાની સહાય હેઠળ હાલમાં લગભગ **૨૦૦ મસ્જિદ, મદ્રસા** ચાલી રહ્યા છે. આ સવાબે જારિયહ્નુ કામ છે અને અતિશય ખર્ચાળ કાર્ય છે, મદ્રસાઓની વિઝિટ માટે વિઝિટરો રાખી યોગ્ય દેખરેખ પણ રખાઈ રહી છે. કૌમના સખી હઝરાતોને વિનંતી છે, દીનો સુન્નિયતની ભલાઈને ખાતર આપની લિલ્લાહ, ઝકાત, સદકા, ફિત્રા, કુર્બાનીની ખાલો... વગેરે અમને મોકલો અથવા મર્હૂમોના સવાબ અર્થે કમસે કમ રૂપિયા ૫૦૦, ૧૦૦૦, ૨૦૦૦ માસિક આપી એક, બે જે બને તે મદ્રસાના નિભાવની જવાબદારી લઈ લો. અલ્લાહ તઆલા બેહતરીન બદલો આપનાર છે.

**આપની ઝકાત, સદકા, ફિત્રા, ન્યાઝની રકમો, કુર્બાનીની ખાલો વગેરે આપની આ પ્રાણપ્યારી સંસ્થાને આપી સવાબે દારૈન હાંસલ કરશો.**

**-લિ. (ખાદિમ) પટેલ શબ્બીર અલી રઝવી**

યા ગૌષ અલ મદદ !

શરીઅત વિરૂધ્ધ વર્તતા બનાવટી પીર, બાપુઓ, સૂફીઓની
પોલ સાચા બુઝુર્ગોના કથનો વડે ખોલતી લાજવાબ કિતાબ !

# એહમિયતે ઈલ્મે દીન વ હકીકતે તસવ્વુફ

યાને

# ઈલ્મે દીનનું મહત્વ તથા સૂફીપણાની વાસ્તવિકતા

★ લેખક ★

**હઝરત મૌલાના અબુલ કલામ રઝવી**

(ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ)

★ અનુવાદક ★

**પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી**

★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા.જિ. ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૮૨૭૯૨, ૮૨૯૧૧

પ્રકાશન નં. : ૯૫ આવૃત્તિ–૪ પ્રત : ૩૫૦૦
૬–રજબ મુરજ્જબ હિ.સ. ૧૪૨૩ સપ્ટેમ્બર–૦૨

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ |
|---|---|---|
| ૧ | ચોથી આવૃત્તિ પ્રસંગે | ૦૩ |
| ૨ | ઈલ્મેદીનની જરૂરત શા માટે ? | ૧૦ |
| ૩ | કુર્આન હદીષની તાલીમ પામેલા કેવા હતા ? | ૧૧ |
| ૪ | ઈલ્મે દીન હદીષની રોશનીમાં | ૧૬ |
| ૫ | ઈલ્મે દીનની કદરનાં મીઠાં ફળો | ૨૧ |
| ૬ | અંગ્રેજ પધ્ધતિની તાલીમની તબાહકારીઓ | ૨૩ |
| ૭ | ગલત ફહમીઓ દૂર કરો ! | ૨૫ |
| ૮ | જાહિલ સૂફી—જાહિલ બેઅમલ પીરોથી સાવધાન ! | ૨૭ |
| ૯ | આખરી અપીલ | ૩૩ |
| ૧૦ | સાચા પીરની ઓળખ (પ્રકરણ—૨) | ૩૬ |
| ૧૧ | જાહિલ સૂફીને ઓળખો | ૩૬ |
| ૧૨ | જૂઠા સૂફીઓની પોલ ઉઘાડતાં મહાન બુઝુર્ગોના કથનો | ૩૭ |
| ૧૩ | જુનૈદ બગદાદીનો શાગિર્દ ! | ૩૯ |
| ૧૪ | કુર્આન હદીષનો ઈલ્મ (ઈલ્મે દીન) ન જાણનાર વલી બને એ અશકય ! | ૪૧ |
| ૧૫ | શૈતાની ધોકાની અનોખી દાસ્તાન ! | ૪૨ |
| ૧૬ | ગૌષપાક رضی اللہ عنہ ની દ્રષ્ટિમાં ઈલ્મ તથા શરીઅત | ૪૪ |
| ૧૭ | અમે પહોંચી ગયા છીએ ! | ૪૪ |
| ૧૮ | બાયઝીદ બોસ્તામી અને શરીઅત | ૪૫ |
| ૧૯ | અન્ય બુઝુર્ગો અને શરીઅત | ૪૬ |
| ૨૦ | પીરનો બેટો વિના લાયકાતે પીર ! | ૫૨ |
| ૨૧ | પીર થવાની શરતો | ૫૯ |
| ૨૨ | બય્અતનું વર્ણન | ૬૪ |
| ૨૩ | મુજદ્દિદ તથા વલી તે આનું નામ ! | ૬૫ |
| ૨૪ | બનાવટી સૂફીને મોહદ્દિષે આ'ઝમનો જીવન સંદેશ | ૬૭ |
| ૨૫ | પીરે સૈયદ જ હોવું જરૂરી નથી | ૬૮ |
| ૨૬ | ઈલ્મે શરીઅત તથા તરીકત | ૬૯ |
| ૨૭ | શરીઅતની ચાર પ્રકારની દલીલો | ૭૨ |
| ૨૮ | શરીઅત વિના તરીકતમાં રહેવું અશકય ! | ૭૪ |
| ૨૯ | કિતાબ સંપાદન કરવાનું કારણ | ૮૧ |
| ૩૦ | નમાઝનું મહત્વ | ૮૩ |
| ૩૧ | બશારતવાળી હદીષ | ૮૪ |
| ૩૨ | અઝાબની ધમકીવાળી હદીષો | ૮૪ |
| ૩૩ | આખરી નમ્ર વિનંતી — ખુદાના ગઝબથી ડરો ! | ૯૦ |
| ૩૪ | ખુદાના ખાતર આ કવ્વાલીઓ બંધ કરો | ૯૦ |
| ૩૫ | વાજિંત્રો સાથે કવ્વાલી કેવી ? | ૯૨ |

# રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શરીઅતની વાત જ માનો !

**(ચોથી આવૃત્તિ પ્રસંગે)**

بسم الله الرحمن الرحيم

نحمده ونصلي على رسوله الكريم

એક ભાઈને એક આલિમે દીને કહ્યું કે ભાઈ સાહબ ! તમે દાઢી રાખી છે તે સારી વાત છે પણ દાઢીને એક મુઠ્ઠી જેટલી થવા દો, ત્યારબાદ તેનાથી જે વધારે થાય તેને કાપજો. કેમ કે ટાંચી કરાવવી કે મુંડાવવી બંને એક જ હુકમમાં છે. તો તે ભાઈ જણાવે છે કે, "મને તો મારા પીરે આટલી જ દાઢી રાખવા કહ્યું છે !" તો આલિમ સાહબે કહ્યું કે, હું તો તમને સૌના પીર રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શરીઅતનો હુકમ જણાવું છું ! છતાં પણ તે ભાઈ હઠમાં જ રહ્યા ! પીરની વાત સામે રસૂલના હુકમોને માનવા તૈયાર ન થયા !

આવા તો અનેક પ્રસંગો જોવા સાંભળવા મળશે કે ઠેરે ઠેર બનાવટી પીરોની, ઢોંગી સૂફીઓની જાળમાં ઘણા લોકો સપડાયેલા છે. દુનિયામાં માણસોની જરૂરતોની તેમજ તમન્નાઓની કમી નથી. કોઈને કાંઈ ઉલઝન છે તો કોઈને કાંઈ ! કોઈને ફોરેન જવું છે તો કોઈને છોકરી કે છોકરાને મોકલવો છે ! કોઈ બીમારીથી ત્રાસી ગયેલ છે તો કોઈ આર્થિક તંગીમાં સબડે છે. એવામાં કોઈનું કોઈ કામ બનતું ન હતું અને કોઈ એવો પીર કે બાપુ હડફટે ચઢી ગયો ને ખુદાનું કરવું કે તેનું કામ તે અરસામાં બની ગયું, જેમ કે **"કાગડાનું બેસવું ને ડાળનું ભાગવું !"** તેમ કહેવાતા પીર બાપુ પાસે જવું અને તે કામનું કુદરતી જ બની જવું ! પણ હવે પેલા ભાઈ તે બાપુ કે પીરના દીવાના બની ગયા ! કે તેના વિરૂધ્ધમાં કે "એ બનાવટી પીર કે બાપુ છે" એવી કોઈ વાત સાંભળવા





તૈયાર નથી ! અને એવું કહેનારને દુશ્મન સમજવા લાગે છે. **કુર્આનની આયતોથી** કે **હદીષ**ની રોશનીમાં પણ સમજાવો છતાં આ અંધશ્રધ્ધાળુ તેનું દીવાનાપન છોડવા રાજી નથી થતો.

અફસોસ તો એ વાતનો છે કે અમુક તો થોડાક જાણકાર કહેવાતા ભાઈઓને પૂછીએ કે શરીઅતમાં ફલાણી ફલાણી વસ્તુ હરામ છે કે નહીં ? તો કબૂલે છે કે, "હા ! હરામ છે." પછી પૂછીએ કે હરામ કામ કરનાર ફાસિક કહેવાશે કે નહીં ? તો એ પણ કબૂલે છે કે, "ફાસિક છે !" પછી કહીએ કે એ જ કામો કોઈ કહેવાતો પીર કરે છે તો એ શરીઅતની રૂએ પીર કહેવાશે ?! કેમ કે ફાસિક પીર નથી થઈ શકતો ! તો ભાઈ હઠે ચઢી જાય છે અને ભવાં ચઢાવે છે ! અને તેના પીર પર એ વાત ફીટ થતી હોવાથી પકડમાં આવવા છતાં પોતે **"આંધળી અકીદતવાળા"** તથા **"અંધ શ્રધ્ધાળુ"** હોવાનું દ્રષ્ટાંત પૂરું પાડવા લાગે છે.

આજે **જાહેરમાં ધુમ ધડાકે ફોટા પડાવવાવાળા, નામહરમ જવાન ઔરતોને હાથ ચૂમાડવાવાળા, તેણીઓને બેપર્દા સામે બેસાડવાવાળા પીરોની જાણે નવાઈ નથી રહી !** કેટલા તો દાઢી મુંડા પણ પીર છે ! અને **ખિલાફત તો ડઝનબંધી જાણે પતાસાની જેમ વહેંચાઈ રહી છે ! બીજી તો શું વાત કરવી પણ જેને નમાઝના મસ્અલાની ખબર નથી તે ખલીફા છે !** અને તેના પણ મુરીદો છે !

આવા નાઝુક સમયે જરૂરત છે કે અલ્લાહના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી શરીઅતની રૂએ **આપણા મહાન બુઝુર્ગોએ, પીરી મુરીદી** વિશે શું પાંબદીઓ દર્શાવી છે અને જૂઠા સૂફીની કેવી ઝાટકણી કાઢેલી છે તેને લોકો સમક્ષ રજુ કરવામાં આવે, જેથી લોકો ભોળપણમાં કે અંધશ્રધ્ધામાં ન રહે, અને હક્ક તથા બાતિલ, ખરા તથા ખોટાની સમજ કેળવે. **ન તો કોઈનો અંગત અમને વિરોધ છે ન તો અમને હક્ક સિવાય કોઈની પરવા છે !** દરેકને મૌલા તઆલા શરીઅતની વાત સમજવા તથા હક્ક વાત સ્વીકારવાની સમજ આપે તથા નેક અમલની તૌફીક આપે.—આમીન.

**–પટેલ શબ્બીર અલી રઝવી**

(પ્રથમ આવૃત્તિ વખતે)

# દીનની ભલાઈ કાજે સાચા દિલથી ખૌફે ખુદા રાખી વિચારો !

**યા રસૂલલ્લાહ !**

**દિલ હૈ વો દિલ જો તેરી યાદસે મા'મૂર રહા**
**સર હૈ વો સર જો તેરે કદમોંપે કુર્બાન ગયા**

(صلی اللہ تعالیٰ علیہ وسلم) *(આ'લા હઝરત)*

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા દીવાનાઓ ! મુસલમાન, સાચા અર્થમાં સુન્ની મુસલમાન, જેના દિલમાં દીન તથા સુન્નિયતની હમદર્દી છે. રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહબ્બત જેના દિલમાં મોજાં મારે છે, તે કદાપી કોઈના પ્રભાવમાં, કોઈના વર્ચસ્વ કે દાબ દબાણમાં આવીને શરીઅત વિરૂધ્ધ કામોને અથવા એવાં કામો કરનારાઓને અથવા શરીઅતમાં છૂટછાટ મૂકીને પોલ ચલાવનારાઓને સાથ સહકાર કરશે નહીં, ન તેમની વાતોમાં લપસી પડશે. કુર્આન–હદીષના, ખુદા વ રસૂલના, શરીઅતે મુહમ્મદીના હુકમોથી દરેકની વાતને એક ઈમાનવાળો સમજુ ઈન્સાન તોળશે અને દીનની બાબતમાં બેબાકીથી નહીં પણ ગંભીરતાથી કદમ ઉઠાવશે, એ સ્પષ્ટ વાત છે.

ખુલ્લમ ખુલ્લા શરીઅત વિરૂધ્ધ કામો થતાં જોઈએ છતાં આંધળી અકીદતમાં રહીને શરીઅત વિરૂધ્ધ કામ કરનારની તરફદારીમાં સરકારે દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુકમને પણ અવગણીને સત્ય વાત કુર્આન–હદીષની વાત, સુન્નતે મુસ્તફાની વાત કોઈ સુન્ની જણાવે તેની દુશ્મની કરવી એ સ્પષ્ટ દેખતી આંખે ગુમરાહીમાં પડવું ગણાશે. સાચા અહલે સુન્નત જ તે છે જે બુઝુર્ગાને દીનની રાહ અકીદામાં, અમલમાં,





સુન્નતો પર ચાલવામાં અપનાવે. બેશરઅ પીર અથવા પીર કોઈ શરીઅત વિરૂધ્ધ કામ ખુલ્લમ ખુલ્લા કરે અને કોઈ તેને વખોડે તો તેના દુશ્મન બની જવું એ શરીઅતે મુહમ્મદીથી વફાદારીનું નામ નથી અને રસૂલેપાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બતમાં રહેનાર તો ગેર શરઈ વાત ગમે તેનાથી થાય પણ તેને ગલત સમજશે જ, શરીઅતની પરવા ન કરનારાની ખોટી પ્રશંસાઓ કરી વલી તરીકે જાહેર કરી અસંખ્ય કરામતો ચમત્કારો ઘડીને બયાન કરીને લોકોને આકર્ષવા એ ખિદમતે દીન નથી. બુઝુર્ગાને દીન તો કોઈ સુન્નતની પણ વિરૂધ્ધ વર્તનારને વલી માનવા તૈયાર નથી તો પછી શરીઅત વિરૂધ્ધ કામ કરનાર વલી કેમ કરી થઈ શકશે ? સાથોસાથ આ વાતની પણ સુન્નિયતની ભલાઈ કાજે દરેકે નોંધ લેવી જરૂરી છે કે વિવિધ સિલસિલા ભલે હોય પણ સુન્ની ગમે તે હોય, દુનિયામાં ગમે તે ખૂણે વસતો હોય તે આપણો દીની ભાઈ છે અને એકબીજાની નિકટતા, મેળાપ, સંગઠન વધારવું ખૂબ જ આવશ્યક બાબત છે. છતાં દુ:ખની વાત છે કે આજે કાફિરો મુનાફિકો સૌ બાતિલ તાકતો એક બની હુમલો કરી રહી છે એવી ગંભીર પળોએ પણ કેટલાક વચેટીયાઓ ભોળી કૌમને ગલત સલત રીતે ઉશ્કેરીને ટૂકડા પડાવવામાં જ મશ્ગૂલ છે ! અને વળી કેટલાક ભાઈઓ ઉચ્ચ કક્ષાએ આલિમોમાં થયેલા ફુરૂઈ મસાઈલના મતભેદોને ચગાવીને તેમજ ખોટા ખોટા આક્ષેપો એકબીજા પર લગાડીને અવામને એકબીજાથી વિમુખ કરી રહયા છે અને એને જ એ ખિદમતે દીન સમજી રહયા છે ! **કોઈ બંધ બેસતી પાઘડી ન પહેરે** પણ દિલથી આ વાતને ન્યાય આપી સુન્નિયતની મહોબ્બતને ખાતર હક્ક વાતનો સ્વીકાર કરી પોતે એવી પ્રવૃત્તિઓથી દૂર રહે, આપસમાં મહોબ્બતનું વાતાવરણ ખડુ કરવા પ્રયત્ન કરે. એવી વાત જેનાથી સુન્ની એકતામાં ફાચર વાગે તેને ચગાવવા કરતાં મૌન સેવી દબાવવી જોઈએ, સમયને ઓળખીને દીનમાં લાભને બદલે નુકસાન ઉભુ કરે તે વાતને જતી કરવી જોઈએ.

વળી કેટલાક સૂફી (બનાવટી) શરીઅતની પાબંદી કરતા

નથી, એશ આરામમાં દિવસો કાઢે છે અને પોતાને 'મજઝૂબ'માં ખપાવવા અવનવી હરકતો કરતા રહે છે ! તો એ બાબતે પણ 'મજઝૂબ' કોને કહેવાય તે ઉલમાથી લોકો એ જાણવુ જોઈએ. આજે આશ્ચર્યજનક પ્રસંગોને આધાર બનાવી લોકો વિલાયતનું લેબલ ગમે તેના પર લગાડી દે છે ! પણ એ **આશ્ચર્યજનક પ્રસંગો તથા બનાવટી સૂફીઓની શરીઅતથી બેપરવા સૂફીઓની કહેવાતી કરામતો શું છે તેની વિસ્તૃત સમજ સાચા સૂફીઓની ઝબાની આ કિતાબમાં વાંચો** અને અંધ શ્રધ્ધાઓને ઠુકરાવી હક્કના તલગાર બની જાવ. બુઝુર્ગો તો ફર્માવે છે કે, **''વલીની સૌથી મોટી કરામત એ હર હાલતમાં શરીઅત પર તેની અડગતા છે.''** બધા જ ઔલિયાનો આ સર્વસંમત ફેંસલો છે. તો બુઝુર્ગોના આશિકે તો એને માનવો જ રહ્યો ! નહીં તો દાવેદાર તેના દાવામાં જૂઠો સાબિત થશે. તસવ્વુફ શું છે તે માટે વિખ્યાત બુઝુર્ગો શું કહે છે ? તેનો પણ અભ્યાસ કરી લો :–

સૈયદી અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ ઈબ્ને ખફીફ ઝબ્બી કુદ્દેસસિર્રહૂ ફર્માવે છે કે ''તસવ્વુફ એનું નામ છે કે દિલ સાફ કરવામાં આવે અને શરીઅતમાં નબી ﷺની પેરવી કરવામાં આવે.'' *(મકાલુલ ઓરફા, અઝ : ઈમામ અહમદ રઝા)*

'તસવ્વુફ'એ તરીકતનું જ બીજુ નામ છે અને તરીકત એ માર્ગનું નામ છે **જે ખુદા સુધી પહોંચાડનાર હોય.** હવે ખુદા સુધી પહોંચાડનાર માર્ગ કયો છે તેને સૈયદના ગૌષે આઝમ શૈખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہની મુબારક ઝબાન થકી સાંભળો :–

''અલ્લાહ તઆલાની તરફ સૌથી વધુ નજીક માર્ગ બંદગીના કાનૂનને લાઝિમ પકડવો અને શરીઅતની ગિરહને પકડેલા રહેવું છે.'' *(બહજતુલ્ અસ્રાર)*

તો આ પરથી તથા પ્રસ્તુત કિતાબ વાંચી શરીઅતનું મૂલ્ય સમજીને જેઓ કાંઈ ગલત ફહમીમાં હોય તેઓ તથા નનામા પત્રો અમારા પર લખનારા મિત્રો પણ પોતાની ગેર સમજને દૂર કરે. વળી





એક હમદર્દે હિંદી અખબારમાં કેટલાક ફોટા અમુક હસ્તીઓના હતા તે મોકલી લખેલું કે, ''આમાં તમારા પીરનો ફોટો છે તેને ફ્રેમીંગ કરાવી ઘરમાં રાખશો અને હવે પીરે ફોટો ન પડાવવા બાબતે તથા પીરનો ફોટો ઘરમાં કે કયાંય ન રાખવા બાબતે લખશો નહીં......!!! વગેરે,'' તો અલ્હમ્દુલ્લિાહ ! એમાં મારા પીરો મુર્શિદનો ફોટો ન હતો ન તો તેમના નામનો પણ તે પેપરમાં ઉલ્લખે હતો !! ખેર, એ મિત્રને હું પૂછીશ કે, **ધારો કે પીર શરીઅત વિરૂધ્ધ કોઈ કાર્ય કરે તો તે શરીઅતમાં હવે જાઈઝ થઈ જશે ?!** વહાલા મિત્ર ! હરગિઝ નહીં. શરીઅત કયામત સુધી બદલાવાની નથી તેની નોંધ લેશો અને શા માટે ટેન્શન લઈને ફરો છો ? આવો ! રૂબરૂ મળીને પૂછો, અમે તો તમારાથી મિત્રભાવે જ વાત કરીને જે પણ ગેર સમજ હશે તે દૂર કરી દઈશું, ઈન્શાઅલ્લાહ ! ભલે અમે ગુનેગાર, હકીર, નીચ, અલ્પજ્ઞાની સહી પણ સરકાર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ના દીવાના જરૂર છીએ, આપની ગુલામી જ અમારી નજાતનો ઝરીયો છે. અને સરકારથી જે જે ચીજને નિસ્બત છે તેનાથી અમને મહોબ્બત છે જ, ચાહે આલે રસૂલ હોય કે નાયબે રસૂલ (આલિમ), સૌની તાઝીમ અનિવાર્ય સમજીએ છીએ, શરીઅત હોય કે શરીઅતનો કોઈ પાબંદ દરેક ચીજના અમો ગુલામ છીએ અને મોમિન સુન્ની સહીહુલ અકીદા માટે અમારા દિલમાં બેહદ હમદર્દી છે અને રહેશે, ઈન્શાઅલ્લાહ. (એટલે જ આ બધી કોશિશો પણ થાય છે.) અને એનું નામ જ ઝિંદા જિંદગી છે બાકીની જિંદગી મુર્દાપણુ છે. મૌલા કરીમ આપણને હક્ક સમજવાની તૌફીક અતા ફર્માવી, આપસમાં મહબ્બતની ગિરહને મજબૂત ફર્માવે, આમીન.

હવે એ પણ વિચારો કે જેમનો પીર દાઢી વિનાનો ફાસિક, ફાજિર, બેનમાઝી સીનેમાનો શોખિન હોય, ક્રિકેટ જોવાનો કે ટી.વી. સીરીયલોનો શોખિન હોય તો બતાવો તેનો મુરીદ શું હિદાયતની રાહ પામશે કે ગુમરાહીની ?! એવા પીર માટે ખૂદ લાઝમી છે કે તૌબા કરે, તે પીર હોવાને લાયક જ નથી. એ જ રીતે અન્ય કામો શરીઅત વિરૂધ્ધ કહેવાતા આવા પીર કરે તો તેમની તરફદારીમાં હક્ક વાત દર્શાવનારાના

દુશ્મન બનવું એ દીનથી બેઝારી નથી ?! હક્ક વાત કહેનારને દબાવવા તેના વિરૂધ્ધ ખોટી વાતો ઊભી કરવા ફાંફા મારવાં એ ગુમરાહી નથી ? યકીનન ગુમરાહી છે.

બનાવટી પીરોના તથા બેઅમલ આલિમના તથા દરગાહો પર અવામના ગૈર શરઈ કરતુતો દેવબંદી—વહાબીઓ માટે લોકોને ગુમરાહ કરવાનાં હથિયાર છે. તેઓ પોતે રસૂલને—વલીને આપણી જેવા સમજે છે એવા ગુસ્તાખો ખુદા વ રસૂલના દુશ્મનો લોકોને સુન્નીઓના બની બેઠેલા બેશરઅ પીરોનાં ગૈર શરઈ કૃત્યો બતાવીને ભોળભાળા લોકોને ફોસલાવી જતા હોય છે, તો જરૂરત છે કે અસલ હકીકતની અવામને જાણ થાય અને શરીઅત શું છે ? ઈલ્મે દીન કેટલી મહત્વની ચીજ છે ? પીર કેવા હોવા જોઈએ ? તે જાણીને પોતે ગુમરાહીથી બચે તથા અન્ય લોકોને બચાવે તથા સુન્ની એકતાના કાર્યમાં પ્રયત્નશીલ રહે, એ અર્થે ફરી એકવાર પ્રસ્તૂત કિતાબ મારા પ્યારા સુન્ની ભાઈ—બહેનો સમક્ષ પ્રથમ આવૃત્તિમાં કેટલોક ઉમેરો કરી રજુ કરીએ છીએ, ઉસ્તાદે મોહતરમ **હઝરત મૌલાના અબુલ કલામ રઝવી** સાહેબે કુર્આન, હદીષ, બુઝુર્ગોના કથનો તથા અમલોને આવરી લઈને અમૂલ્ય તોહફો આપણી સમક્ષ રજુ કર્યો છે, જઝાકલ્લાહ. મૌલા તઆલા આપણને સમજવાની તથા અમલ કરવાની નેક તૌફીક બક્ષે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم

**લિ. ખાકપાએ ઉલમા—વ—ઔલિયા**
**હકીર શબ્બીર અલી રઝવી દયાદરવી**

**બનાવટી સૂફીને ગૌષે આ'ઝમ رضی اللہ عنہની ચેતવણી**

...અને તેના દરેક અમરો નેહી (જે કરવાનો હુકમ થયો અને જેનાથી રોકયા છે)ની હિફાઝત કરે અને શરીઅતની પાબંદીઓમાંથી કોઈ પાબંદી તોડી તો જાણી લે કે ફિત્નામાં પડેલો છે, બેશક ! શૈતાન તારી સાથે ખેલી રહ્યો છે ! તો તરત જ શરીઅતના હુકમ તરફ પલટી આવ અને તેનાથી લપેટાઈ જા ! અને તારા નફસની ઈચ્છાને ત્યજી દે ! એટલા માટે કે જે હકીકતને શરીઅત સમર્થન ન કરે તે હકીકત બાતિલ છે. (કિતાબ ''તબકાતે ઔલિયા''માંથી)





# એહમિયતે ઈલ્મે દીન

## (ઈલ્મેદીનની જરૂરત શા માટે ?)

بسم اللہ الرحمن الرحیم

نحمدہ ونصلی علی رسولہ الکریم

### ☆ ઈલ્મે દીન અને કુર્આન ☆

રબ તઆલા કુર્આન શરીફમાં ફર્માવે છે :—

(અર્થ) : **તમે ફર્માવી દો શું સરખા છે જાણવાવાળા (આલિમ) અને અજાણ (જાહિલ)?** એટલે કે કદાપી સરખા નથી. *(પારા. ૨૩, આયત—૧૫)*

**બિરાદરાને મિલ્લત !** દીની તાલીમાતની મહાનતાને સામાન્ય માણસ શું સમજી શકે છે ? આ તાલીમાત હકીકતમાં તમામ ઈલ્મોનો ખજાનો છે. જેથી દીની ઈલ્મોની અગણિત કિતાબોમાંથી ફકત એક મુકદ્દસ કિતાબ કુર્આન મજીદના વિશે અલીમો ખબીર મૌલાનો ફેંસલો વાંચો. તે ફર્માવે છે (અર્થ) : અમે કુર્આનમાં કઈ વસ્તુને નથી છોડી ? સૈયદુલ મુફસ્સિરીન હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما આ જ કુર્આનના વિશાળ ઈલ્મના વિશે ફર્માવે છે કે, (અર્થ) : **જો મારા ઊંટના પગોની રસ્સી ગુમ થઈ જાય તો હું તેને કુર્આનમાં તલાશ કરીને મેળવી લઈશ.**

એ જ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એના વિશે કેટલું સરસ ફર્માવે છે, (અર્થ) : **તમામ ઉલૂમ (ઈલ્મો) કુર્આનની અંદર મૌજૂદ છે, તે અલગ વાત છે કે લોકોની ઉણપવાળી બુધ્ધિ તેને સમજવાથી લાચાર છે.**

કુર્આન મજીદના વિશાળ ઈલ્મના વિશે અલીએ મુશ્કિલ કુશા کرم اللہ تعالٰی وجہہ الکریم નો કૌલ સાંભળો, આપ ફર્માવે છે, જો **હું ઈચ્છું તો બિસ્મિલ્લાહના બે ની નીચેના નુકતાના ઈલ્મથી એંસી ઊંટો ભરી દઉં.**

અલ્લામહ અષમાદીની શરહે સલાત સૈયદી અહમદ કબીર رضی اللہ عنہ માં છે કે, અમારા સરદાર ઉમર મેહઝારથી મરવી (નકલ થયેલ) છે કે જો હું ઈચ્છું કે તમોને મૌખિક બતાવીને **માનન્સખ મિનઆયતિન**ની થોડી તફસીર લખાવી દઉં તો એક લાખ ઊંટો લદાય જાય અને તો પણ તેની તફસીર પૂરી ન થાય. અને યકીનન ! હું આવુ કરી શકું છું. અને તેમાં જ ખલીફા અબુલ ફઝ્લના ઘરાનાના કેટલાક બુઝુર્ગોથી મરવી છે કે, અમે કુર્આને કરીમના દરેક અક્ષર હેઠળ ચાલીસ કરોડ અર્થો પામ્યા.

ઈમામ આરિફ બિલ્લાહ અબ્દુલવહાબ શઅરાની 'મિઝાનુશ્શરીઅહ્'માં જણાવે છે : મારા ભાઈ અફઝલુદ્દીને સૂરએ ફાતેહાથી બે લાખ સુડતાલીસ હજાર નવસો નવ્વાણું અર્થો કાઢયા પછી તે સૌ ઈલ્મોને બિસ્મિલ્લાહ શરીફની તરફ ફેરવી દીધા. એટલે કે એટલા પ્રમાણમાં ઈલ્મ બિસ્મિલ્લાહ શરીફથી કાઢયા. પછી તે સહુ ઈલ્મને બિસ્મિલ્લાહની બેની નીચેના નુકતાની તરફ ફેરવી દીધા. એટલે તે સહુ ઈલ્મ **બે**ના નુકતાથી કાઢયા અને આપ (અફઝલુદ્દીન) એ જણાવતા હતા કે કુર્આનના ઈલ્મનો તે માણસ કદાપિ શહસવાર નથી જ્યાં સુધી ચારે મઝહબના ઈમામોએ જેટલા પ્રમાણમાં મસઅલા કાઢયા તે કુર્આનના દરેક અક્ષરથી ન કાઢે.

## ☆ કુર્આન હદીષની તાલીમ પામેલા કેવા હતા ? ☆

પરંતુ અફસોસ ! આજે મુસલમાનો દીની ઈલ્મના મોજાં મારતા સમુદ્રને છોડીને કોલેજ તથા યુનિવર્સિટીની બેહૂદા તથા મર્યાદિત તાલીમની તરફ પોતાનું સંપૂર્ણ કેન્દ્રિત કરીને બેઠા છે, અને તેના માટે





અભિમાન ! તેની જ ચર્ચા અને તેના જ ગુણ ગાવામાં સદા વ્યસ્ત જણાય છે. પરંતુ તેઓને શું ખબર કે પ્યારા રસૂલે જે સ્કૂલ (મદ્રસા)નો પાયો નાખ્યો હતો તેની તાલીમી વ્યવસ્થાની વિશિષ્ટતા શું હતી ? જરા ધ્યાનથી સાંભળો ! તે સ્કૂલની ન તો કોઈ ઈમારત હતી ન કોઈ ફર્નિચર, બસ આસમાનની છત હતી અને જમીનનું બિછાનુ હતું. અને તેમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ માટે ઉમરની પણ પાબંદી ન હતી, બાર વરસના બાળકો અને એંસી એંસી વરસના વૃધ્ધાઓ સૌ તે સ્કૂલના વિદ્યાર્થી હતા. તે મદ્રસાએ નબવિય્યહમાં તાલીમી કોર્સ ફર્માને રબ તથા ફર્માને રસૂલ એટલે કે કુર્આન તથા હદીષ સિવાય ત્રીજો કોર્સ ન હતો અને ખુદાના મહબૂબ, ગયબના જાણકારના સિવાય અન્ય કોઈ શિક્ષક પણ ન હતો. પૂરા ત્રેવીસ વરસો સુધી હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم પોતાના વિદ્યાર્થીઓને કુર્આન તથા હદીષનો કોર્સ પઢાવ્યો.

પણ દુનિયાના પરીક્ષાખંડોમાં જ્યારે તે વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી તો તે વિદ્યાર્થીઓના વિશે ઈતિહાસ સાક્ષી છે કે કેવા કેવા જ્ઞાની (વિદ્વાન), રાજનીતિજ્ઞ, કાનૂનના જાણકાર, જજ, માલ ઉત્પાદન તથા વેપારના માહિર તથા અર્થશાસ્ત્રીઓ, જનરલ ફિલ્ડ માર્શલ, બાકમાલ તથા અજોડ કાબેલ શખ્સો પેદા થયા.

**વહાલા વાંચકો !** તમે બતાવો કે જો કુર્આન તથા હદીષમાં તમામ ઉલૂમનો ખજાનો મૌજૂદ ન હતો તો પછી ફકત કુર્આન તથા હદીષ પઢીને આવા ઉલૂમ વ ફુનૂન (ઈલ્મો તથા વિદ્યાઓ)ના જાણકારો કેવી રીતે અને કયાંથી પેદા થયા ? ફારૂકે આઝમ જેવા જહાંગીર તથા જહાંબાની કરનારા ખલીફા, ખાલિદ ઈબ્ને વલીદ, અબૂ ઉબૈદહ ઈબ્ને જર્રાહ, સઅદ ઈબ્ને અબી વક્કાસ, ઉમર તથા ઈબ્ને આસ જેવા ફિલ્ડ માર્શલ, અલી મુર્તઝા જેવા જજ, અબૂબક્ર સિદ્દીક જેવા સલ્તનતના બાની, ઉષ્માન ગની તથા અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ જેવા વેપારના જાણકાર, જરા બતાવો તો ખરા ! કે ઈલ્મ વ હિકમતના આસમાનના આ ચમકતા સિતારાઓ કઈ કોલેજ કે યુનિવર્સિટીનું શિક્ષણ પામેલ

હતા ? તેના સિવાય અન્ય શું કહેશો કે આ બધા જ રસૂલના મદ્રસાનું શિક્ષણ પામેલા અને ઉલૂમે દીનીયહ (દીની ઈલ્મ)ના પઢવાવાળા હતા.

પરંતુ અફસોસ ! કે આપણે મુસલમાનોએ દીની ઈલ્મોની કોઈ કદર ન કરી. પોતાના ઘરમાં આવી અણમોલ નેઅમત હોવા છતાં આજે આપણે યુરોપ તથા અમેરિકાના મનઘડત કોર્સની તરફ લલચાયેલી નજરે જોઈ રહયા છીએ. આપણું દ્રષ્ટાંત બિલકુલ તે નાદાન (મૂર્ખ) માણસ જેવું છે કે જેના ખીસ્સામાં હીરા, મોતી તથા જવાહિરા પડેલાં હતાં પણ તે તેની કદર તથા કિંમતથી નાવાકેફ હતો અને કાચના ચમકતા ટુકડાઓને લોભામણી નજરે જોઈ રહયો હતો. એ જ સ્થિતિ આપણી પણ છે, કુર્આન તથા હદીષ જેવી કિતાબ આપણી પાસે છે પણ આપણે પોતાની કમ ઈલ્મીના લીધે અન્યોની ભરોસા વિનાની કિતાબો પર પરવાનાઓની જેમ તૂટીને પડી રહ્યા છીએ.

એ જ કારણ છે કે આજે મુસલમાન કૌમ અંગ્રેજી તાલીમ તથા પશ્ચિમી ઢબની કેળવણીના લીધે પોતાની અસલિયત સુધ્ધાં ભૂલી બેઠી છે. તેઓને એ પણ ખબર નથી રહી કે તેઓ મુહમ્મદી ગુલશનના સિંહ એટલે કે મુસલમાન છે. તેઓને ખબર જ નથી કે તેમના અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો) અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન તથા હૈદર رَضِيَ اللّٰهُ عَنْهُمْ હતા જેમના નામથી કૈસર તથા કિસરા કાંપ્યા કરતા હતા, તેમને યાદ નથી રહયું કે મુહમ્મદ ઈબ્ને કાસિમ અને તારિક ઈબ્ને ઝિયાદ જેવા જવાંમર્દો તેમની કૌમમાંથી હતા, જેમણે સિંધ તથા સ્પેનમાં ઈસ્લામનો ઝંડો લહેરાવ્યો હતો. તેઓને યાદ નથી કે ઈમામ જલાલુદ્દીન સિયૂતીના શાર્ગિદ સુલતાન સલાહુદ્દીન ઐયૂબીએ મુઠ્ઠીભર મુસલમાનોને લઈને પોતાની કોશિશોથી આખા યૂરોપ તથા મધ્ય એશિયાના અંગ્રેજોના સંગઠિત લશ્કરોને સખત હાર આપીને બૈતુલ મુકદસ આઝાદ કર્યું. કાશ ! હે મુસલમાન નવયુવાનો ! કદી તમે ઈસ્લામી આયનામાં પોતાની અસલી સૂરત જોઈ લેત અને તમોને યકીન થઈ જાત કે તમે તૌહીદે ઈલાહીના રક્ષક છો અને રિસાલતે મુસ્તફાના





જાંનિષાર છો. ખુદાની કસમ ! જે દિવસે પોતાની અસલી સૂરત જોઈ લેશો અને તમારો શાનદાર (મહાન) ભૂતકાળ તમારી નજરો સમક્ષ આવી જશે, તો તે વખતે તમારા શરીરની દરેક રુવાંટી અને શરીરનો દરેકે દરેક વાળ ઈસ્લામી કિરદારની દૌલતથી માલામાલ થઈ જશે. અને જ્યારે તમે સડકો પાર ચાલશો બજારોમાંથી નીકળશો તો ઈસ્લામના દુશ્મન પણ તમારી સીરત તથા સૂરત જોઈને પોકરી ઉઠશે કે,

**કશ્તીએ હક્કકા ઝમાનેમેં સહારા તૂ હય**
**અસ્રે નૌરાત હય ધુંધલાસા સિતારા તૂ હય**

માનનીય વાંચકો ! તે ઈસ્લામી આયનો જેમાં મુસ્લિમ નવયુવાનોને તેની અસલી સૂરત બતાવી શકાય છે તે શું છે ? તો વિ□ાસથી માનો કે તે ઈસ્લામી આયનો કુર્આન તથા હદીષ એટલે **દીની ઈલ્મ** છે. તમે દીની ઈલ્મને છાતીએ લગાડો, તેને પઢો અને પઢાવો અને તેની પવિત્ર તાલીમાત પર અમલ કરો તો ઈન્શાઅલ્લાહુ તઆલા તમે બંને જહાનમાં પ્રગતિના ઉચ્ચ સ્થાને પહોંચી જશો અને જો તમે કુર્આની તાલીમાતમાંથી મોઢું ફેરવી લીધું અને સૂરત તથા સીરત તથા ખયાલોમાં આ રીતે અંગ્રેજ બહાદુર બનેલા રહયા તો પછી યાદ રાખો કે બેઈજજતી તથા બદનામી અને તબાહી તથા બરબાદીની ગુફામાં ગબડી પડવા સિવાય તમારું કોઈ ભવિષ્ય નથી. **તમે માનો કે ન માનો ! આ એક જીવતી જાગતી હકીકત છે.** આપણા મુસલમાનોની બરબાદી તથા બેઈજજતીનું સૌથી મોટુ કારણ એ છે કે આપણે ઈસ્લામી તાલીમના સિરાતે મુસ્તકીમ (સીધા રાહ)ને છોડીને યહૂદી તથા નસારા તથા મુશરિકોની ડગર પર ચાલી નીકળ્યા છીએ.

સાચું કહયું છે ડો. ઈકબાલે :–

**વો ઝમાનેમેં મોઅઝ્ઝઝ્ થે મુસલમાં હોકર**
**ઔર તુમ ખ્વાર હુએ તારિકે કુર્આં હોકર**

કેટલા દુઃખ દર્દની વાત છે કે આજે આપણા મુસ્લિમ ભાઈ

બહેનો દુનિયાવી તાલીમના એટલા પ્રમાણમાં આશિક છે કે તેને અમેરિકા, યૂરોપ અને રૂસનો પૂરેપૂરો ભૂગોળ યાદ છે, તે બધા દેશોના એક એક રસ્ટોરન્ટ એક એક કલબના નામ અને તેની વાર્તાના હાફિઝ બનેલા છે. અબ્રાહમ લિંકન, હિટલર, નેપોલીયન, લેનીન, સ્ટાલીન, ગાંધીજી, નેહરૂજીના જીવન ચરિત્રો તો મોઢે યાદ કરેલાં છે (ક્રિકેટના ખેલાડીઓનો પૂરો ઈતિહાસ અને રેકોર્ડ મોઢે) છે પંરતુ કુર્આની તાલીમાતની દ્રષ્ટિએ એટલા પ્રમાણમાં જાહિલ (અજ્ઞાન) છે કે જરૂરીયાતે દીન (દીન માટે જરૂરી વાતો)ની પણ ખબર નથી, પોતાના ખુલ્ફાએ રાશેદીન અને પોતાના દીન તથા મઝહબના મહાન બુઝુર્ગોથી તદ્દન નાવાકેફ છે, અકીદાઓ અને ઈસ્લામી અમલોથી બિલકુલ જ કોરા છે.

**મોહતરમ વાંચકો !** આપ ગલતફહમીમાં ન પડશો, હું કદાપિ દુનિયાવી તાલમનો વિરોધી નથી બલ્કે તમે ઈસ્લામી સમજ પેદા કરીને બી.એ., એમ.એ એટલું જ નહીં પણ એથી પણ ઊંચી ડીગ્રીઓ હાંસલ કરો તો કાંઈ જ વાંધો નથી, પણ હું તમને એટલું જ કહેવા ઈચ્છું છું કે તમે જ્યાં પણ અને જે હાલમાં પણ રહો મુસલમાન બનીને જીવો, મુસલમાન બનીને મરો. અને એ ત્યારે જ શકય છે કે જ્યારે તમો ઈસ્લામી તાલીમ પણ જરૂર હાંસલ કરો અને પોતાના દીન તથા મઝહબથી માહિતગાર બનો. એ તો તાલીમની જ બરકત છે કે આજે પણ અગણિત ગૈરમુસ્લિમો ઈસ્લામનો અભ્યાસ કરીને અંતે ઈસ્લામની રહમતની ગોદમાં પનાહ લઈ રહયા છે. અને ઘણા એવા પણ નવયુવાન જોવા મળે છે જેઓ મુસ્લિમ ઘરાનામાં ઉછેર પામવા છતાં ઈસ્લામી તાલીમાત (શિક્ષણ) ત્યજવાને કરવાને પરિણામે પોતાના મઝહબને વિદાય આપીને ઈસાઈ તથા ગુમરાહ બની ગયા છે. મને સત્તાવાર ઝરીયાથી જાણવા મળ્યું છે કે બ્રિટનના કેટલાક એવા ભાગોમાં જ્યાં થોડા મુસ્લિમો તો છે પણ ત્યાં કોઈ મસ્જિદ ન હતી એટલે કેટલીક અંજુમનવાળી વ્યકિતઓએ ત્યાં મસ્જિદ બનાવવાનો ઈરાદો કર્યો અને ત્યાંના લોકોનો સંપર્ક સાધ્યો તો ઘણા એવા લોકો મળ્યા જેમની અટક





ઈસ્લામી હતી પણ જ્યારે તેમને મસ્જિદના વિશે વાતચીત કરવામાં આવી તો તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે અમારા બાપદાદા તો મુસલમાન હતા એટલે અમારી અટક મુસલમાન છે પરંતુ અમે હકીકતમાં મુસલમાન નહીં પણ ઈસાઈ બની ગયા છીએ !

## ☆ ઈલ્મે દીન હદીષની રોશનીમાં ☆

આ જ કારણે અલ્લાહના મહબૂબ, દાનાએ ગોયૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈલ્મ તથા આલિમોની બેપનાહ ફઝીલત બયાન ફર્માવી, એટલે સુધી કે ઉલમા (આલિમો)ને પોતાના વારસદાર ઠરાવ્યા અને તેમની મહાનતા વિશે આ શબ્દોમાં એલાન ફર્માવ્યું કે, **સવાર એ હાલતમાં કર કે તુ જાતે આલિમ હોય અથવા ઈલ્મ શીખતો (તાલિબે ઈલ્મ) હોય અથવા આલિમની વાતો સાંભળતો હોય અથવા આલિમની મહોબ્બત રાખતો હોય (આ ચાર સિવાય) પાંચમો ન બનતો નહીં તો હલાક થઈ જઈશ.** અને તેને પ્રાપ્ત કરવા માટે તાકીદ ફર્માવી. નમૂના રૂપે કેટલીક હદીષો વાંચો :–

**હદીષ (૧)** : ઈલ્મેદીનનું હાંસલ કરવું દરેક મુસલમાન પુરૂષ તથા સ્ત્રીના માટે ફર્ઝ છે. *(મુસ્નદે ઈમામ અબૂ હનીફા)*

**હદીષ (૨)** : ઈલ્મેદીન હાંસલ કરો ભલે પછી તે (દૂર દૂર દેશોમાં) ચીનમાં મળે. ઈલ્મ હાંસલ કરો ઘોડીયાથી કબર સુધી.

**હદીષ (૩)** : જેણે ઈલ્મની તલાશ કરી તો આ તલાશ પાછલા ગુનાહોનો કફ્ફારો બનશે. *(મિશ્કાત શરીફ)*

**હદીષ (૪)** : ઈલ્મની મજલિસમાં હાજર થવું તે હજાર રકાત (નફલ) નમાઝ, હજારવાર કુર્આન ખત્મ અને હજાર જનાઝાઓમાં શરીક થવાથી બેહતર છે. *(અહયાઉલ ઉલૂમ)*

**હદીષ (૫)** : હઝરત અબૂદરદા رضی اللہ عنہ થી મરવી છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા કે જે ઈલ્મની તલાશ કરવામાં કોઈ રસ્તે

જાય તો અલ્લાહ તઆલા તેને જન્નતના રસ્તાઓમાંથી કોઈ રસ્તે ચલાવશે. અને બેશક ! ફરિશ્તાઓ તાલિબે ઈલ્મની રઝામંદીના માટે પોતાની પાંખો બિછાવે છે અને યકીનન ! આલિમના માટે આસમાનો અને જમીનની ચીજો અને પાણીમાં માછલીઓ મગફિરતની દુઆ કરે છે, (અને હસન બસરીની રિવાયતમાં છે કે) મૃત્યુ બાદ તેઓને શહીદોનો મર્તબો મળે છે. અને આલિમની મહાનતા (ફઝીલત) આબિદ પર એવી છે જેવી રીતે ચૌદમી રાતના ચાંદની ફઝીલત બધા સિતારાઓ ઉપર. (અને એક રિવાયતમાં ફર્માવ્યું કે,) જેવી રીતે મારી ફઝીલત તમારામાંના અદના માણસ ઉપર. અને ઉલમા નબીઓના વારસ છે. નબીઓએ કોઈને દીનાર તથા દિરહમના વારસા નથી બનાવ્યા, તેમણે ફકત ઈલ્મના વારસા બનાવ્યા, તો જેણે ઈલ્મ અપનાવ્યો તેણે સંપૂર્ણ ભાગ પામ્યો. *(મિશ્કાત)*

**હદીષ (૬)** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, જેણે આલિમોનું સ્વાગત કર્યું તેણે મારું સ્વાગત કર્યું, જેણે આલિમની ઝિયારત (દીદાર) કરી તેણે મારી ઝિયારત કરી, જે કોઈ આલિમની ખિદમતમાં જઈને બેઠો તે મારી ખિદમતમાં બેઠો, જે મારી ખિદમતમાં બેઠો તો ગોયા (જાણે) કે ખુદાની હુઝૂરીમાં થયો. સુબ્હાનલ્લાહ !

**હદીષ (૭)** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કિયામતના દિવસે આલિમની શાહી (કલમની) શહીદોના લોહીના મુકાબલામાં તોલવામાં આવશે તો આલિમની શાહી ભારે થશે. *(અહયાઉલ ઉલૂમ)*

**હદીષ (૮)** : સહાબીઓએ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! આમાલમાંથી કોઈ શ્રેષ્ઠ (અફઝલ) છે ? આપે ફર્માવ્યું કે, ઈલ્મ ખુદાએ પાકનો. લોકોએ અર્ઝ કરી કે અમે આમાલ વિશે પૂછીએ છીએ ! હુઝૂરે ફર્માવ્યું, **ઈલ્મ ખુદાએ પાકનો.** લોકોએ (ફરી) વિનંતિ કરી કે, અમે તો આમાલના વિશે પૂછીએ છીએ ! અને યા રસૂલલ્લાહ ! આપ તો ઈલ્મના વિશે ઈર્શાદ ફર્માવો છો ! તો હુઝૂરે ફર્માવ્યું, ઈલ્મની સાથે થોડાક અમલ (પણ) કામ આવનારો હોય છે અને અજ્ઞાનતા





(જેહાલત)ની સાથે પુષ્કળ અમલ નકામો છે. *(ઈબ્ને અબ્દુલબર)*

**હદીષ (૯)** : હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે, હે લોકો ! ઈલ્મની પાછળ પડો કેમ કે અલ્લાહ તઆલા પાસે એક મહોબ્બતની ચાદર છે. જે વ્યક્તિ ઈલ્મના કોઈ પ્રકરણનો તાલિબ થાય છે તો અલ્લાહ તઆલા તે ચાદર તેને આઢાડે છે. પછી જો તે વ્યક્તિ કોઈ ગુનોહ કરે છે તો અલ્લાહ તઆલા પોતાની રઝાજોઈ (સાચા દિલથી તોબા કરી રાજી કરાવી લેવું) તેની પાસેથી કરાવી લે છે. પછી બીજી વાર જો તે ભૂલમાં સંડોવાય છે ત્યારે પણ તેનાથી પોતાની રઝાજોઈ કરાવી લે છે. ત્રીજી વાર આજ પ્રમાણે થાય છે. મતલબ કે આ દરેક વખત રઝાજોઈ કરાવી લેવાથી એવું થાય છે કે તેનાથી આ ચાદર ન છીનવી લે. ભલે તેનો ગુનોહ વધતાં મૃત્યુ સુધી પહોંચી જાય. *(અહયાઉલ ઉલૂમ)*

**હદીષ (૧૦)** : કિયામતના દિવસે અલ્લાહ તઆલા બંદાઓને ઉઠાડશે પછી ઉલમાને ઉઠાડીને તેમનાથી ઈર્શાદ ફર્માવશે કે, હે ઉલમાના ગિરોહ ! મેં જે તમારામાં મારો ઈલ્મ રાખ્યો હતો તો કાંઈક જાણીને જ રાખ્યો હતો. અને મેં મારો ઈલ્મ એટલા માટે નથી રાખ્યો કે તમોને અઝાબ આપું. જાવ ! મેં તમોનો બખ્શી દીધા. *(તિબ્રાની)*

**હદીષ (૧૧)** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ تعالیٰ عنہ ફર્માવે છે કે, લોકો ! ઈલ્મ શીખો એ અગાઉ કે ઈલ્મ ઉઠાવી લેવામાં આવે. અને તેનો મતલબ એ છે કે તેની રિવાયત કરનાર મરી જાય. તદ્ઉપરાંત કસમ છે મને તે જાતની જેના તાબાંમાં મારી જાન છે કે જે લોકો રાહે ખુદામાં માર્યા ગયા અને શહીદ થયા તેઓ આલિમોની બુઝુર્ગીઓને જોઈને એવું ઈચ્છશે કે અલ્લાહ તઆલા તેઓને આલિમ ઉઠાવત. અને આલિમ કોઈ જન્મ નથી લેતો બલ્કે શીખવાથી ઈલ્મ આવે છે. *(અહયાઉલ ઉલૂમ)*

**હદીષ (૧૨)** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમે એવા સમયમાં છો જેમાં ફકીહ (દીની ઈલ્મમાં સંશધક) વધારે છે અને ખતીબ (પ્રવચન કરનારા) ઓછા, તથા પ્રશ્ન કરનારાઓ ઓછા છે અને જવાબ આપવાવાળા ઘણા જ. આ સમયમાં ઈલ્મ કરતાં અમલ કરવો બેહતર

છે અને નજીકમાં જ લોકો પર એવો સમય આવશે જેમાં ફકીહ ઓછા હશે અને ખતીબ વધારે. આપવાવાળા થોડા અને માંગવાવાળા ઘણા જ. તેમાં અમલ કરતાં ઈલ્મ બેહતર હશે. *(તિબ્રાની)*

## ☆ આલિમેદીનને તુચ્છકારવાનું ભયાનક પરિણામ ! ☆

શરહે ફિકહે અકબરમાં છે કે, જે તિરસ્કારની નજરે આલિમને **ઉવયલમ** તુચ્છકારાત્મક શબ્દ એટલે કે જેમ કે **ઈકબાલને ઈકબાલ્યો** કહે છે, **એ જ રીતે આલિમને ઉવયલમ એટલે આલિમવા કહેવાથી કાફિર થઈ જાય છે.** ત્યાં સુધી કે ફુકહાએ કિરામે **તેને પણ કુફ્ર બતાવ્યું છે કે જો કોઈ એવું કહે કે, "માલ કમાવો જોઈએ, ઈલ્મે દીન શું કામ આવશે !"** (અલ્લાહની પનાહ !)

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આલિમે દીનની શાનમાં અયોગ્ય શબ્દો બોલવાવાળાને ખુલ્લો મુનાફિક જણાવ્યો. ઈર્શાદ ફર્માવે છે, ત્રણ શખ્શોના હક્કને હલકો જાણશે નહીં, પણ ખુલ્લો મુનાફિક. એક તે જેને ઈસ્લામમાં બુઢાપો આવ્યો, આલિમેદીન અને ન્યાયી (આદિલ) ઈસ્લામી બાદશાહ. *(તિબ્રાની ફિલ, કબીર)*

(એટલે કે **ખુલ્લો મુનાફિક** આ ત્રણ શખ્શોના હક્કને હલકો જાણશે.)

તદ્‌ઉપરાંત **મજમઉલ અનહર**માં છે કે, **જે કોઈ આલિમે દીન પ્રત્યે તુચ્છકારની દ્રષ્ટિએ 'મોલ્વીયા' (મોલ્વો) કહે તો તે કાફિર થઈ જશે.**

મશ્હૂર આલિમ, બુઝુર્ગ મદબ્બિર તથા શાયર હઝરત શૈખ સઅ્‌દી رحمۃ اللہ علیہ ફર્માવે છે , **બે ઈલ્મ નતવાં ખુદારા સનાખ્ત. એટલે કે ઈલ્મ વગર ખુદા સુધી પહોંચવું શકય નથી.**

ઉપર્યુકત કુર્આન તથા હદીષ વગેરેની રોશનીમાં ઈલ્મના મહત્વ પર દ્રષ્ટિ જમાવીને નિર્ણય કરો કે, શું એક મોમિન તે ઉલૂમે





દીનીયહ જેનું જરૂરત જેટલું શીખવું અલ્લાહ તથા રસૂલે દરેક મોમિન તથા મોમિનાત (મુસલમાન સ્ત્રી તથા પુરૂષ) માટે ફર્ઝે અયન ઠરાવ્યું અને આલિમ બનવાને ફર્ઝે કિફાયહ ઠરાવ્યું તો એની બાબતમાં ચેં ચૂં કે દલીલબાજી કરી શકે છે ? મોમિનની શાન એ છે કે જો માણસ હોવાને નાતે આળસ તથા સુસ્તીના લીધે ખુદા તઆલાના હુકમોનું પાલન ન કરી શકે તો પોતે પોતાની જાતને કુસૂરવાર સમજતો રહે અને તેના પર શરમ અનુભવતો રહે તો તેનાથી નજાત (છૂટકારા)ની આશા તથા અવકાશ રહે છે. જેમ કે તે વ્યકિત જે આળસ તથા સુસ્તીને લઈને નમાઝ નથી પઢતો પરંતુ દિલોજાનથી તેને માનવાવાળો (કાઈલ) છે અને ન પઢવાને કારણે પોતાને કુસૂરવાર ઠરાવે છે અને તના પર શરમીંદો થતો રહે છે તો આવી વ્યકિત મોમિન રહેશે અને તેની નજાતની આશા પણ છે. કેમ કે મુસલમાન તેને જ કહે છે જે ફર્માને ઈલાહી સમક્ષ પોતાની ગરદન નમાવી દે, પણ તે બદ્‌નસીબ જે નમાઝ તો પઢતો નથી પાછો ઉપરથી નમાઝના વિશે જાતજાતનો બકવાસ અને તેના ફર્ઝ હોવાનો ઈન્કાર કરે છે, તો આવી વ્યકિત બિલ ઈત્તેફાક (સર્વસંમતિથી) શરીઅતની રૂએ ઈમામના દાયરાથી ખારિજ અને જહન્નમના કાયમી અઝાબનો હકદાર છે. તે જ પ્રમાણે એક મોમિને એવું કરવું જોઈતું હતું કે જાતે પોતે ઈલ્મના અંલકારોથી સજતો અને જો કોઈ કારણે જાતે હાંસલ ન કરી શકયો તો પોતે પોતાને કુસૂરવાર સમજીને તેના પર શરમાત અને ઈલ્મ તથા આલિમને કદરની નજર જોતો રહેત. **પણ એથી ઉલ્ટુ કેટલાક ઝર (સોના, ચાંદી)ના બંદાઓ, દૌલતના બંદાઓ દૌલતના નશામાં દૌલત પરસ્તીને જ સર્વ કાંઈ સમજીને તેને હયાત રહેવાનો સરમાયો ઠરાવીને, ઈલ્મ તથા આલિમને તુચ્છકારની દ્રષ્ટિએ જોઈને પોતાની આકેબતને ખરાબ કરી રહયા છે.** તેમને ખબર નથી કે અલ્લાહે ઈલ્મને પોતાની સિફત ઠરાવી ઈલ્મના જ કારણે હઝરત આદમ علیہ السلام ને ફરિશ્તાઓના સિજદાને લાયક બનાવવામાં આવ્યા, ઈલ્મ તથા ઉલમાના ઉઠી જવાને કિયામતની નિશાની ઠરાવવામાં આવી, તમામ અંબિયા علیہم السلام ને ઈલ્મની

દૌલતથી સરફરાઝ કરવામાં આવ્યા, ઈલ્મના લીધે જ મહબૂબે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ આલિમને અંબિયાના વારસા ગણાવ્યા. તેમને કિયામતના દિવસે શફાઅત કરનારા ફર્માવીને તેમની વિશિષ્ટતા આ રીતે વર્ણવી કે (અસલ) શફાઅત કરવાવાળા ત્રણ છે : (પ્રથમ) અંબિયા પછી ઉલમા પછી શહીદો, આલિમોને શહીદો કરતાં અગ્રિમતા આપી.

## ☆ ઈલ્મેદીનની કદરનાં મીઠાં ફળો ! ☆

તેથી જ જ્યાં સુધી મુસલમાનો ઉલૂમે દીનીયહ્‌ને કદરની નજરે જોતા રહયા દુનિયામાં બલંદો બાલા, કામયાબ તથા સફળ રહયા અને જ્યારથી તેને બેદરકારીની નજરથી જોવા લાગ્યા તો ઝલીલો ખાર (બેઈજ્જત) દ્રષ્ટિમાન થવા લાગ્યા. એના અનુસંધાનમાં ઈસ્લામી કાનૂન તથા ઈતિહાસની તરફ રજૂ થઈએ. કાનૂને ઈસ્લામમાં ઈમામતના બે પ્રકારો બતાવવામાં આવ્યા છે :–

ઈમામતે સુગરા અને ઈમામતે કુબરા. ઈમામતે સુગરા નમાઝની ઈમામત છે અને ઈમામતે કુબરા ખિલાફત છે. આ (બીજી) ઈમામતના ઈમામ એટલે કે ખલીફા એવી વ્યકિતને બનાવવામાં આવે જે બહાદૂર અને રાજનીતિજ્ઞ અને આલિમ હોય અથવા ઉલમાની મદદ વડે કામ કરે. એ જ કારણે બધા ઈસ્લામના ખલીફાઓ ઈસ્લામના શહેનશાહો, ચાહે સિદ્દીકે અકબર હોય કે ફારૂકે આઝમ, ઉષ્માનગની હોય કે હૈદરે કર્રાર, હસને મુજતબા હોય કે અમીર મુઆવિયહ્‌, અબ્દુલ મલિક હોય કે ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ, હારૂન રશીદ હોય કે મામૂન રશીદ, ઉમ્વી ખલીફાઓ હોય કે અબ્બાસી, સલાહુદ્દીન અય્યૂબી હોય કે મહમૂદ ગઝનવી, શેરશાહ સૂરી હોય કે આલમગીર, શાહાને દક્કન હોય કે શાહાને દહેલી.....દરેક ઈલ્મના ઝેવરથી સજેલા હતા. લગભગ નેવુ ટકા ઈસ્લામી રાજાઓ દીની ઈલ્મોના સમુદ્રમાં ડૂબકી લગાડનારા હતા. જે આ દૌલતથી વંચિત હતા તેઓ ઉલમાએ દીનથી પોતાના દરબારને શણગારતા રહયા. જેમ કે તૈમૂર લંગ હઝરત સૈયદ શરીફ વગેરે વિખ્યાત ઉલમા અને શાહજહાં હઝરત મુલ્લા જીવનને પોતાના





દરબારની શોભા બનાવતા રહ્યા અને જે બાદશાહ આ બંને ચીજોથી વંચિત રહયા તેમની બરબાદી થઈ. જેમ કે અકબર બાદશાહ કે તેના પુત્રના પોત્ર આલમગીર رحمۃ اللہ علیہ એ પાછળથી તેને (અકબરને) કાફિર ઠરાવ્યો.

એના અનુસંધાનમાં મુસ્લિમ ઈતિહાસકારોના ઈતિહાસનો અભ્યાસ કરો. ઈસ્લામના દુશ્મનોના ઈતિહાસમાં તેનો સાચો અંદાજો લગાડી શકાતો નથી, જેમણે ઈસ્લામી ઈતિહાસની ખરી સૂરત બગાડીને રજુ કરી છે. જ્યાં સુધી ઈસ્લામી બાદશાહો ઈલ્મના કદરદાન રહયા ત્યાં સુધી તેઓ આખી દુનિયામાં છવાએલા રહયા, સૌના પર સવાર રહયા, ઈસ્લામના દુશ્મનો તેમનાથી દ્રષ્ટિ મેળવવાની શકિત ધરાવતા ન હતા, તેઓના દમથી ઈસ્લામની બોલબાલા હતી, મુસ્લિમ કૌમના માથા પર ઈજ્જત તથા અઝમતનો શેહરો (તાજ) ઝમમગી રહયો હતો. પરંતુ જ્યારથી ઈસ્લામી બાદશાહોની હુકૂમત જાહિલોના હાથમાં ગઈ ત્યારથી મુસ્લિમ કૌમની ઈજ્જત ધૂળમાં ભળી ગઈ. મોટા મોટા મુસ્લિમ નામધારી સત્તાધીશો આજે યૂરોપ અને અમેરિકાની ખુશામદના માટે અને તેમની રહમની ભીખ માંગવા માટે તેઓના મહેલોના તવાફ કરતા (ચક્કર લગાડતા) નજરે પડે છે. અહીં એ યાદ રાખશો કે જે સત્તાધીશોને મેં જાહિલ કહયા છે તેનાથી મારો હેતુ જેઓ ઉલૂમે દીનીયહના જાણકાર અને આલિમ નથી તેઓ છે અને શાહાને ઈસ્લામની તરફ જે ઈલ્મનો ઈશારો કર્યો છે તેનો મતલબ ઉલૂમે દીનીયહ છે.

મોગલ શહેનશાહોના અંતિમ દૌરની અગાઉ યૂરોપિયન તાલીમ તથા કલ્ચરનો રિવાજ ન હતો. એ તાલીમ કે કલ્ચરની ગોદમાં ઉછરીને કોઈ ફારૂકે આઝમ તથા સુલ્તાન સલાહુદ્દીન અય્યૂબી જેવો નથી થઈ શકતો. હા ! અલબત્ત તેની (યૂરોપિયન કલ્ચર તથા તાલીમની) ગોદમાં ઉછરીને સલમાન રુશ્દી જેવા શૈતાન બની શકે છે, તે પણ એવો શૈતાન કે જે કામ ઈસ્લામ વિરૂધ્ધ ઈસ્લામનો ખુલ્લો દુશ્મન

કરવાની હિંમત ન કરી શકે તે કામ એવા કરીને બતાવે ! અને આ ફકત એક શૈતાન રુશ્દી પૂરતું મર્યાદિત થોડું છે ! જોવામાં આવે તો તેના જેવા અગણિત શૈતાનો નજરે પડશે. ખાસ કરીને આજના દૌરમાં તે અંગ્રેજી તાલીમ પામેલા, જેઓ ઉલૂમે દીનીયહ, તાલીમાતે ઈસ્લામથી બિલકુલ અલિપ્ત એટલે સુધી કે આલિમે દીનની મેહફિલ તથા સોહબતની પણ નફરત તથા ઉપેક્ષા કરે છે. એવા લોકો પર જો દ્રષ્ટિ કરવામાં આવે તો તેઓ પણ રુશ્દીથી ઓછા નહીં જણાય, આવા લોકોના દિલમાં ન તો અલ્લાહનો ખૌફ, ન રસૂલની અઝમત, ન ઈસ્લામનો લેહાજ છે, બલ્કે જે દિલમાં આવ્યું બેલગામ અને બેખૌફ બનીને દીનના વિશે બકવાસ તથા મઝાક કરતા રહે છે. એવા લોકો માટે ડો. ઈકબાલે શું સરસ કહયું છે :–

**કલ્બમેં સોઝ નહીં, રૂહમેં એહસાસ નહીં,**
**કુછ ભી પૈગામે મુહમ્મદકા તુમ્હેં પાસ નહીં.**

(صلی اللہ تعالیٰ علیہ وسلم)

## ☆ અંગ્રેજ પધ્ધતિની તાલીમની તબાહકારીઓ ☆

આ સર્વ કાંઈ આખરે શું છે ? અંગ્રેજી તાલીમનું જ તો પરિણામ છે ! શું એનું નામ જ ઈસ્લામ છે કે જે દિલમાં આવે બકવાસ કરે ? અલ્લાહ તથા રસૂલની શાનમાં ગુસ્તાખીઓ કરે, ઈસ્લામ તથા ઈસ્લામના હુકમોની મઝાક ઉડાવે છતાં પણ મુસલમાન બનેલો રહેશે ! કેવળ એટલા માટે કે તેનું નામ મુસલમાન જેવું છે ? કદાપિ નહીં ! બલ્કે મુસલમાન થવું કોઈ સહેલી વાત નથી. કોઈ શાયરે શું સરસ કહયું છે :–

**યે શહાદત ગહે ઉલ્ફતમેં કદમ રખના હૈ,**
**લોગ આસાન સમઝતે હંય મુસલમાં હોના !**

યાદ રાખશો, ઈસ્લામનો સર્વસમંત ફેંસલો છે કે મુસલમાન થવા માટે જરૂરિયાતો દીનના પાબંદ હોવું જરૂરી છે. તેમાંથી એકની





પણ મઝાક ઉડાડી અથવા ઈન્કાર કર્યો તો બિલ ઈત્તેફાક ઈસ્લામથી નીકળીને કાફિરોના ગિરોહમાં ગણવામાં આવશે ભલે પછી તેનું ગમે તેવું ઈસ્લામી નામ કેમ ન હોય ! તદ્ઉપરાંત અંગ્રેજી તાલીમનો આ અંજામ પણ નજરે પડે છે કે મુસલમાનો પોતાનું ચાલચલણ તથા દેખાવ, સંસ્કૃતિ તથા સમાજ તથા પહેરવેશ બધું જ છોડી દઈને અંગ્રેજી સંસ્કૃતિ તથા સમાજ ચાલ ચલણ તથા દેખાવ તથા પહેરવેશ ધારણ કરીને તેના પર ગર્વ લે છે. અને કેવળ એટલા પર જ અટકતું નથી બલ્કે ઈસ્લામી સંસ્કૃતિ તથા સમાજને જોઈને તેની ઠેકડી પણ ઉડાડે છે ! અને તેને તુચ્છકારની દ્રષ્ટિએ જુએ છે. આવા લોકોને લક્ષમાં રાખીને ડોકટર ઈકબાલે ઘણી ઉમદા વાત કહી છે :–

**શોર હૈ કે હો ગએ દુન્યાસે મુસલમાં નાબૂદ,**
**હમ યે કહતે હૈં કે થે ભી કહીં મુસલમાં મૌજૂદ ?**

**વઝઅમેં તુમ હી નસારા તો તમદદુન મેં હુનૂદ,**
**યે મુસલમાં હૈ જિન્હેં દેખ કે શરમાએ યહૂદ !**

**યૂં તો સૈયદ ભી હો મિર્ઝા ભી હો અફઘાન ભી હો,**
**તુમ સભી કુછ હો બતાઓ તો મુસલમા ભી હો ?!**

અંગ્રેજી તાલીમને બદલે દીની તાલીમ પર દ્રષ્ટિ જમાવો. કેમ કે તેની ગોદમાં ઉછરીને એક સુલતાન સલાહુદ્દીન અય્યૂબી તથા હારૂન રશીદ જ એકલા મર્દે કામિલ બનીને નથી ચમકયા બલ્કે તેની ગોદમાં ઉછેરીને સલાહુદ્દીન અય્યૂબી જેવા હજારો મર્દે કામિલ બનીને કુફ્રને ગારત કરતા અને ઈસ્લામની બોલબાલા કરતા નજરે પડશે. આ તો ઉલૂમે દીનિયહની જ બરકત છે કે મરવાન જેવા જાલિમ તથા જાબિરના ઘરાનામાં પેદા થઈને હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ દુનિયાની બુઝુર્ગતરીન હસ્તી અને મુજદ્દિદ બનીને ચમકયા. અકબર બાદશાહ જેવા મલઊનના ઘરનામાં પેદા થઈને ઔરંગઝેબ સમયના મુજદ્દિદ બન્યા. તો મારા ભાઈઓ ! ખુદાના અઝાબથી ડરો ! કેમ કે આખરે એક

દિવસે મરવાનું છે, ખુદાની બારગાહમાં હાજર થવાનું છે જ્યાં આગળ આ ઈલ્મ તથા ઈમાન જ કામ આવશે. એટલા માટે ખુદાને વાસ્તે ઈલ્મ તથા ઉલમા તથા ઈમાનની કદર કરો અને એવી નિરર્થક વાતો બોલવાથી બચો કે, તમે લોકો તો આલિમ બનાવીને બાળકોની જિંદગી બરબાદ કરો છો ! એવી વાતોથી બચો નહીં તો યાદ રાખો,

**આયે થે દોનોં જહાં કે કામોંસે,**
**ન હુએ ઈધર કે ન હુએ ઉધરકે,**

**ન હુએ ખુદા હી કે ન હુએ વિસાલે સનમ,**
**ન હુએ ઈધરકે ન હુએ ઉધરકે.**

## ☆ ગલત ફહમીઓ દૂર કરો ! ☆

કેટલાક જાહિલોથી એ પણ સાંભળવામાં આવ્યું છે કે તેઓ ઉલમાની નફરતને લીધે કેટલીક પાયા વિનાની રિવાયતોના આધારે એવું કહે છે કે, તેરમી સદી પછીના તમામ ઉલમા જહન્નમી છે ! (તેઓના હાથે જહન્નમ સળગશે !) **વલા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીય્યીલ અઝીમ.** આ એટલો તો ભયંકર કૌલ છે કે જેના કારણે અગણિત હદીષો જૂઠી સાબિત થાય છે ! (અલ્લાહની પનાહ) દા.ત. હુઝૂરે ફર્માવ્યું, દરેક સદીને અંતે આ ઉમ્મતના માટે અલ્લાહ તઆલા એક મુજદ્દિદ જરૂર મોકલશે, જે ઉમ્મતના માટે તેનો દીન તાઝો કરે. આ હદીષ મુતલક (બે કૈદ) છે, તેમાં કોઈ પાબંદી નથી કે આટલી તેટલી સદી સુધી. જ્યારે હદીષમાં કોઈ સીમા રેખા નથી તો માનવું પડશે કે આ ક્રમ કયામત સુધી ચાલુ રહેશે. અને મુજદ્દિદ તે જ હોય છે જેના ઈલ્મનો ડંકો કેટલીક શરતોની સાથે દુનિયાભરમાં વાગતો હોય. તદ્ઉપરાંત હુઝૂરે એ પણ ખબર આપી કે કયામતની નજીક હઝરત ઈસા عليه السلام નું આસમાન પરથી ઉતરાણ થશે, આપ દજ્જાલને કતલ કરશે. તે જ અરસામાં ઈમામ મેહદી જાહેર થશે, આપ ઈમામત



★★ એહમિયતે ઈલ્મે દીન ★★

કરશે. હઝરત ઈસા عليه السلام આપની ઈકતેદા કરશે, તમામ ઔલિયા જેઓ આલિમ પણ હશે તેઓ આપનાથી બયઅત કરશે. અને ઈમામ મેહદી તો એટલા મોટા આલિમ હશે કે હઝરતે ઈમામે આઝમ વગેરેની જેમ મુજતહિદ પણ હશે. અને વળી હઝરત ઈસા عليه السلام ના ઈલ્મો ફઝલનું શું કહેવું ? કે અલ્લાહના પછી અંબિયાથી વધીને કોઈ આલિમ હોઈ શકતું જ નથી. અને આ વાત સૌના પર જાહેર છે કે હજી સુધી તેઓનું ઝહૂર થયું નથી તો પછી ચોક્કસ છે કે ચૌદમી સદી પછી જ તેમનું ઝહૂર થશે. હવે જો જાહિલોની રિવાયતને સ્વીકારી લેવામાં આવે તો આ રિવાયતની રૂએ તો મઆઝલ્લાહ હઝરત ઈસા عليه السلام, હઝરત ઈમામ મેહદી, અન્ય ઔલિયા ઉપરાંત તેરમી સદી પછીના તમામ મુજદ્દિદ...કોઈ પણ જહન્નમના નિશાનાથી સલામત નહીં રહે ! તો આ પરથી નિર્ણય કરો કે જાહિલોની આ પ્રકારની મનઘડત રિવાયત કેટલા પ્રમાણમાં ઈમાનની હલાકત માટે ખતરનાક છે ? ઉપર જણાવી તેવી વાતો (કે આલિમોથી દોઝખ સળગશે....) વગેરેએ યહૂદીઓની મનઘડત વાતો છે. તમને શું ખબર કે યહૂદી તથા નસરાનીઓએ ઈસ્લામનો ચહેરો બગાડવા માટે શું શું ચાલબાજીઓ કરી છે ?

મામૂન રશીદના દરબારમાં બે યહૂદીઓ હદીષ (બનાવટી) ઘડવાના ગુનાહ હેઠળ ગિરફતાર થઈને આવ્યા. મામૂન રશીદે બંનેને કતલ કરવાનો હુકમ આપ્યો. ત્યારે જાલિમ યહૂદીઓએ કહયું કે, ખલીફા ! અમોને અમારા મરવાનો કોઈ ગમ નથી ! કેમ કે અમે અમારા હેતુમાં કામયાબ થઈ ગયા છીએ ! તે એટલા માટે કે અત્યાર સુધીમાં **અમે બંને જણે દસ હજાર હદીષો ઘડીને રસૂલથી સંબંધિત કરીને લોકોમાં ફરતી કરી દીધી છે !** તો મામૂન રશીદે કહયું, હે ખબીષો ! સાંભળી લો ! આજે પણ ખુદાના ફઝલથી ઈસ્હાક મુસલી (અને એક અન્ય મુહદ્દિષનું નામ કહયું જે હાલ યાદ નથી રહયું) જેવા અમારામાં મૌજૂદ છે તેઓ બનાવટી હદીષ અને હદીષે રસૂલને એવી રીતે ઝટકીને અલગ કરી દેશે જેવી રીતે ચારણી વડે લોટને ભૂકાથી અલગ કરાય છે !

## ☆ જાહિલ સૂફી–જાહિલ બેઅમલ પીરોથી સાવધાન ! ☆

એવી રીતે અકબરના સમયમાં જાહિલ સૂફીઓએ સાધુઓની તાલીમોને ઈસ્લામી તાલીમમાં કોમી એકતાના નામે મિશ્ર કરીને ઈસ્લામની સૂરતને બગાડવામાં કોઈ કસર બાકી રાખી ન હતી અને આજે પણ જાહિલ સૂફી એ જ માર્ગે ડગ ભરી રહયા છે. અને આજે પણ તેઓ એવી એવી મનઘડત રિવાયતો નાની નાની કિતાબોમાં લખે છે અને લોકોમાં ફેલાવવાની કોશિશ કરે છે જેનું ઈસ્લામમાં કોઈ અસ્તિત્વ જ નથી. દા.ત. આખરી ચાર શમ્બહ (સફર મહિનાનો છેલ્લો બુધ) કે એના વિશે અવામમાં એ રિવાયત મશ્હૂર છે કે તે દિવસે હુઝૂર ﷺએ બિમારીથી તંદુરસ્તી પામી હતી એટલા માટે તે દિવસે ખાવા, મીઠાઈ વગેરે વહેંચે તથા ખુશીઓ મનાવે છે. એના વિશે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہથી જ્યારે પ્રશ્ન પૂછાયો તો આપે જવાબ આપ્યો કે, "આ આખરી બુધની કોઈ અસલિયત નથી, ન તે દિવસે હુઝૂર ﷺ સાજા થયા એવી સાબિતી છે, બલ્કે મરઝે અકદસ (આપની બિમારી) જેમાં વફાત મુબારક થઈ તેની શરૂઆત તે જ દિવસથી દર્શાવવામાં આવી છે. *(એહકામે શરીઅત)*

એ પ્રમાણે **આ ગલત રિવાયત પણ બહાર પડેલી છે** કે, હુઝૂર ﷺએ જિબ્રઈલથી પૂછયું કે, તમે વહી કયાંથી અને કઈ રીતે લાવો છો ? તેમણે અર્ઝ કરી કે એક પડદા પાછળથી અવાજ આવે છે. હુઝૂરે પૂછયું, તમે કદી પડદો ઉઠાવીને જોયું ? હઝરત જિબ્રઈલે જવાબ આપ્યો કે તે મારી હિમ્મત નથી કે પડદો ઉઠાવી શકું ! તો હુઝૂરે ફર્માવ્યું, હવે પછી પડદો ઉઠાવી જો જો. જિબ્રઈલે એજ પ્રમાણે કર્યું તો જુએ છે કે પડદાની અંદર ખૂદ હુઝૂર મૌજૂદ છે અને અમામો માથા પર બાંધે છે અને સામે આયનો રાખેલો છે અને ફર્માવી રહયા છે કે મારા બંદાને આ પ્રમાણે હિદાયત કરજો.........." જયારે આ'લા





હઝરતને આ બાબતે પ્રશ્ન કરવામાં આવ્યો તો આપે જવાબ આપ્યો, **"આ રિવાયત તદ્દન જૂઠી ખોટી અને જૂઠો આક્ષેપ છે.** અને તેનું આ રીતે વર્ણન કરનાર **ઈબ્લીસનો મસ્ખરો (ઠઠ્ઠા કરનાર)** છે અને તેના જાહેર થયેલ વિષયને માને છે તો **કાફિર** છે. *(ઈરફાને શરીઅત)*

એટલા માટે એક મોમિનની એ શાન નથી કે કુર્આન તથા અઈમ્માએ કિરામ (ઈમામો)ની વિ□ાસપાત્ર કિતાબોને છોડીને દરેક નથ્થુ ખયરૂ બુધ્ધુની કિતાબો જે બેચાર ઉર્દૂ કે ગુજરાતી કિતાબો વાંચીને નામ કમાવવા માટે ચો તરફની મનઘડત રિવાયતો ભેગી કરીને લખી મારે છે તેને વાંચીને અને તેના પર અમલ કરીને પોતાની આકેબતને ખરાબ કરે. બલ્કે કોઈપણ કિતાબ પઢતા અગાઉ તેના લેખકનું વજન જાણી લેવું અનિવાર્ય છે કે તે કોણ અને કેવો છે ? દીનદાર આલિમની લખેલી છે તો અભ્યાસ કરે અને તેમાં પણ જો તમને શંકા જણાય તો કોઈ ભરોસાપાત્ર આલિમની સમક્ષ રજુ કરીને પોતાની સુધારણા કરે, નહીં કે નાની નાની પાયા વિનાની કિતાબોનો સહારો લઈને બકવાસ કરે.

કેટલાક સંકુચિત માનસ ધરાવનારા એવું પણ કહેતાં સાંભળ વામાં આવ્યા છે કે, બહારના બાળકોને પઢાવવાની શું જરૂર ?! તેઓને પઢાવવાથી શું ફાયદો ?! વગેરે. આ પ્રકારના વિચારો પણ ઈસ્લામી વિચારસરણીની તદ્દન વિરૂધ્ધ છે. જો ઈસ્લામમાં આવું સંકુચિત માનસવાળુ વલણ હોત તો આપણા સુધી ઈસ્લામનું નૂર ન પહોંચત બલ્કે આરબના પ્રદેશ સુધી મર્યાદિત થઈને રહી જાત. બુઝુર્ગાને દીન, સહાબાએ કિરામે તો ઈસ્લામનો પૈગામ ઘર ઘર પહોંચાડવા માટે પોતાની જાનની બાજી લગાવી દીધી ત્યારે જ તો આપણે ઈમાનની દૌલતથી માલામાલ થયા. ઈસ્લામના પૈગામ અને રસૂલના ઈલ્મને પ્રસરાવવા માટે સહાબાએ કિરામને રસૂલે આ તાકીદ ફર્માવી કે, "લોકો તમારા તાબે છે અને ઘણાય લોકો દૂર દૂરથી તમારી પાસે ઈલ્મે દીન શીખવા માટે આવશે, જયારે તેઓ આવે તો તેઓની સાથે ભલાઈથી

વર્તો.'' *(મિશ્કાત)*

એટલા માટે ઉલમાએ તાલિબે ઈલ્મને રસૂલના મહેમાન ઠરાવ્યા. તેઓની ખિદમત જાણે રસૂલની ખિદમત કરવા બરાબર છે. એના જ લીધે આજે પણ યુ.પી.ના બધા મદ્રસાઓમાં હિંદુસ્તાનના ખૂણે ખૂણાના બાળકો નજર પડે છે, બલ્કે કેટલામાં તો યૂરોપ તથા આફ્રિકા સુધીના ઈલ્મ પિપાંસુઓ નજરે પડે છે. દૌલતની ઉણપ હોવા છતાં ત્યાંના લોકો કદી નથી વિચારતા કે આ તો બહારના બાળકો છે ! બલ્કે બહારના બાળકોને વધુ પ્રમાણમાં કદરની નજરે જુએ છે. આ સંકુચિત વલણ કેવળ ગુજરાતની ઉપજ છે જ્યાં દૌલતની રેલમછેલ છે. આવું સંકુચિત વલણ તો કાફિરોમાં પણ નથી જોવા મળતું કે જેમણે લોકશાહીનો પાઠ અમારી પાસેથી શીખ્યો છે ! તેઓ પણ એવું નથી કહેતા કે, અમે બ્રિટનવાળા બહારના એટલે કે ઈન્ડિયાના બાળકોને અથવા અમે યૂરોપવાળા એશિયાના બાળકોને ભણાવીશું નહીં......વગેરે. પરંતુ એક મુસલમાન જેના મઝહબે તમામ મઝહબોને લોકશાહીનો પાઠ શીખવાડયો, તે ખૂદ પોતાના મઝહબ તથા દીની તાલીમના વિશે આવા સંકુચિત શિકાર બની રહયો છે ! શું આ મુસલમાનોની પડતીની નિશાની નથી ?

કેટલાક લોકો પોતાના વિચારો આ રીતે વ્યકત કરે છે કે, ગામે ગામ દારુલ ઉલૂમની શું જરૂરત છે ? આખરે એ બધો ભાર તો અમારા જ માથે આવશે ને ! અને અમારે દર વર્ષે ચંદો આપવો પડશે ! આ પ્રકારના વિચારો પણ સરાસર ગલત છે. કોઈપણ બુધ્ધિશાળી ભલે તે કાફિર પણ કેમ ન હોય તે આવું કહેવા તૈયાર નથી થતો કે સમનીમાં સ્કૂલ છે તો દયાદરામાં શું જરૂરત ? અથવા દયાદરામાં છે તો દેરોલ વગેરેમાં તેની શું જરૂરત ! બલ્કે આજના દૌરમાં પણ દરેક સમજદાર ઈચ્છે છે કે વધુને વધુ બલ્કે ગામે ગામ સ્કૂલ થઈ જાય, તો પછી એક મુસલમાન એવું શા માટે વિચારે છે જ્યારે કે આપણી વિરૂધ્ધ આપણને નષ્ટ કરવા માટે આપણા દુશ્મનોનાં ગગનચુંબી ઈમારતોવાળા મદ્રસા ઠેર ઠેર દરેક બાજુએ નજરે પડે છે જેમાં તેઓના હજારો તલબા





(વિદ્યાર્થીઓ) તાલીમ પામી રહયા છે. એવી સ્થિતિમાં શું આપણા ઉપર જિમ્મેદારી નથી આવતી કે તેની રોક ઠામ તથા પોતાની તથા પોતાની ઔલાદની હિફાઝતના માટે આપણે પણ તેના જવાબમાં આપણી શકિત મુજબ કાર્યવાહી કરીએ ?....**તફસીરની કિતાબોમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે,** ''ઈસ્લામના દુશ્મનો જે પ્રકારના હથિયારો વડે મુસલમાનો પર હુમલો કરે તો મુસલમાનો ઉપર પણ વાજિબ છે કે તેઓ પણ તે જ પ્રકારના હથિયારોની ટ્રેનીંગ મેળવીને તેનો જવાબ આપે.'' એ નહીં કે દુશ્મન તો એટમ બોમ્બથી હુમલો કરે અને એ હાથમાં પથ્થર લઈને ઊભો રહે ! આ પ્રકારના વિચારોનો સમય હવે નથી રહયો. દુશ્મન ખૂબ જ પ્રગતિ કરી ચૂકયા છે તેથી આપણે પણ શસ્ત્રસજ્જ થવું જ પડશે. આપણે પણ દરેક પ્રકારની કુર્બાની રજુ કરવી પડશે. (એ કેમ નથી વિચારતા કે પોતાના એકાદ બાળકને પણ તેમાં દાખલ કરીએ ! આલિમ, હાફિઝ, ઈમામ, કારી બનાવીએ !) જો આપણે તેમાં ઉણપ વર્તી તો યાદ રાખો અલ્લાહનો દીન છે, અલ્લાહ જ તેની હિફાઝત ફર્માવશે અને આપણા બદલે બીજી કૌમને પેદા કરશે તેના ઝરીયે પોતાના દીનની હિફાઝત ફર્માવશે. પરંતું આપણી સુસ્તીની આપણને ચોક્કસ સજા મળશે, અને તે એટલી ખતરનાક સજા કે તેનાથી મુકિત પામવા દૌલત સાથ આપશે નહીં. એટલા માટે હજી સમય છે, અલ્લાહે તમને દૌલત આપી છે તો અલ્લાહના દીનની હિફાઝતના માટે તેને ખર્ચ કરવામાં પાછી પાની ન કરો. અલ્લાહની રાહમાં જે દૌલત ખર્ચ કરશો તેને પોતાની પૂંજી તથા બેંક બેલેન્સ સમજો. તે જ પૂંજીથી જન્નતની દરેક નેઅમત ખરીદી શકશો. તેનાથી દૌઝખના દરેક અઝાબથી મુકિત હાંસલ કરી શકશો. અને જે દૌલતને પૂંજી બનાવીને દુનિયામાં બેંક બેલેન્સ બનાવો છો તો એક દિવસે તે ફના થવાવાળુ જ છે, જરૂરતથી વધારાની દૌલત તમારી પાસેથી છીનવી લઈને બીજાને આપી દેવામાં આવનારી છે, મરજીથી નહીં તો (મૌત આવતાં) ના છૂટકે પણ જશે. અને તે સમયે પસ્તાવું પડશે કે કાશ ! હું અલ્લાહના માર્ગે ખર્ચ કરીને અલ્લાહ પાસે જ વીમો

ઉતરાવી લેત ! પરંતું તે સમયે પસ્તાવું કાંઈ કામ આવશે નહીં. જે કાંઈ કરવું છે તે અત્યારે કરો અને અલ્લાહના રસ્તામાં આપ્યા પછી પણ એહસાન ન જતાવો, બલ્કે ખુદાનો શુક્ર અદા કરો કે અલ્લાહે આપણને તેના માર્ગમાં ખર્ચ કરવાની તૌફીક આપી, નહીં તો દૌલત શૈતાની કામોમાં વપરાય જાત. અને એક ખાસ વાત કે હઝૂરે ફર્માવ્યું કે, **જે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે તે કદી ખોટમાં નથી થતો.** *(મિશ્કાત)*

અલ્લાહ તઆલા ફર્માવે છે કે, "અલ્લાહના માર્ગમાં ખર્ચ કરનારનું દ્રષ્ટાંત તે દાણાની જેમ છે જેણે ઉગાડી સાત કંતીઓ (ડુંડાંઓ) દરેક કંતીમાં સો દાણા અને ખુદા એનાથી વધારી દે જેના માટે ચાહે." *(કુર્આન, પા–૩૦)*

એટલે કે અલ્લાહના માર્ગમાં જે એક પૈસો ખર્ચ કરે છે તેના બદલામાં સાત સો ગણુ વધારે અતા ફર્માવે છે. બલ્કે નિય્યતમાં વધુ નિખાલસતા હોય તો અલ્લાહ એનાથી પણ વધારે અતા ફર્માવે છે અને તેની કોઈ હદ નથી. એટલા માટે અલ્લાહના રસ્તામાં દિલ ખોલીને ખર્ચ કરો, અલ્લાહ તમારી દૌલતમાં વધુને વધુ બરકત આપશે, દિલમાં નિખાલસતા હોવી જોઈએ. સલાહ સૂચનો છોડતા રહેવા કરતાં તમારાં બાળકોને જરૂરથી પઢાવો, આલિમ બનાવો એમાં જ તમારી ભલાઈ છે, કેવળ વિરોધ માટેની જીભ ખોલીને ન ચલાવો.

આજે આપણા સુન્ની ભાઈઓ જે પ્રમાણે પોતાની બદ્આમાલીની સીમા પર પહોંગી ગયા છે તેની સાથે ઈલ્મથી દૂર અને આલિમોથી નફરત પણ કરવાનું શરૂ કરી દીધું છે. જેના લીધે આપણે દરેક ક્ષેત્રે અધોગતિનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે રસૂલુલ્લાહ ﷺ એ ખૂબ જ સખ્તીથી તાકીદ ફર્માવી કે, **સવાર કર એ હાલમાં કે ખૂદ આલિમ હોય અથવા ઈલ્મ શીખતો હોય અથવા આલિમની વાતો સાંભળતો હોય અથવા આલિમથી મહોબ્બત રાખતો હોય અને પાંચમો ન થતો નહીં તો હલાક થઈ જઈશ.**

પરંતું રસૂલે ગિરામીના આ મુકદસ ફર્માનને સદંતર ભૂલી





જઈને આજે આપણે દુનિયા તથા આખેરતનું નુકસાન ઉઠાવી રહયા છીએ. જ્યારે એથી ઉલ્ટું બાતિલ ફિર્કાવાળાઓ તેના પર અમલ કરીને દિન પ્રતિદિન જાહેરી પ્રગતિ તરફ આગેકૂચ કરતા નજરે પડે છે. અને દેશના ખૂણે ખૂણે આલીશાન ઈમારતોવાળા તેમના મોટા મોટા દારુલ ઉલૂમો આપણે જોઈએ છીએ, જેમાં હજારો વિદ્યાર્થીઓ તાલીમ હેઠળ છે. લગભગ મારું ધારવું ખોટું નહીં હોય કે દેશભરમાં તેમના તમામ દારુલ ઉલૂમોમાંથી વર્ષે હજાર વિદ્યાર્થીઓ તો મોલ્વી બનીને જરૂર ફારિગ થતા હશે. અને તેઓના દરેક મોલ્વી જિંદગી દરમ્યાન સેંકડો માણસોને તો જરૂર ગુમરાહ કરવાનો ભય છે. આ રીતે દિન પ્રતિદિન તેમની જાહેર પ્રગતિ થતી રહેશે.

અહીં એક વાત કહયા વગર નહીં રહીશ કે તેમની આ ઈલ્મી પ્રગતિનું મૂળ રહસ્ય શું છે ? તો એ વિ□ાસથી જાણો કે તેમની આ પ્રગતિનું એક કારણ એ છે કે તેમની કૌમના લોકો ઈલ્મ તથા ઉલમાને સન્માનની નજરે જુએ છે. બલ્કે જાહિલ અમીરે જમાઅતને પણ કદરની નજરે જુએ છે. તથા તેની આજ્ઞાના પાલનને પોતાની નજાતનો ઝરીયો સમજે છે ! અને ઈલ્મી આગેકૂચ તથા પ્રગતિના માટે દિલ ખોલીને શકય તેટલી બધી ઈમદાદ તથા સહાય કરે છે. એથી ઉલ્ટું અમારા સુન્ની સદ્ગૃહસ્થોમાં ઈલ્મ તથા આલિમ સાથે સુગ અને દુરવ્યવહાર સિવાય તેઓના દિલોમાં ન કોઈ કદર છે ન ઈજ્જત ! જેથી તેઓ પોતાની દરેક નિર્થક, ઈચ્છાઓ અને બુરાઈઓમાં તો હજારો રૂપિયા કશાય હિસાબ વગર ખર્ચી નાખે છે અને દીન કે ઈલ્મે દીનના નામ પર કેવળ દસ રૂપિયા કાઢવા ભારે પડી જાય છે ! અને પોતાને ત્યાંનાં મોલ્વી, હાફેઝીઓને પોતાના ઘરોના નોકર, ચાકર, સુથાર, કડીયાના જેટલો પણ પગાર આપવા તૈયાર નથી, (આ ક્ષેત્રે વિચારવાની કોઈને ઈચ્છા નથી થતી ! *–અનુવાદક)* જેનું પરિણામ એ આવે છે કે જે વ્યક્તિઓના દિલોમાં થોડી દીની કદર પણ હોય છે તે પણ પોતાના બાળકોને આલિમ બનાવવા માટે તૈયાર નથી. એટલા માટે જેની જાતથી દીનની હિફાઝત

થઈ શકતી હતી તેઓ હવે ક્રમે ક્રમે ઓછા થતા રહયા છે. જેની લીધે આજે આપણે અધોગતિનો સામનો કરવો પડે છે.

## ☆ આખરી અપીલ ☆

**મારી અંતિમ અપીલ** એ છે કે ઈલ્મની મહાનતા જાણી લીધા બાદ જે ભાઈઓ પાસે ખુદાના ફઝલો કરમથી બે ત્રણ બાળકો હોય તેમાંથી **સૌથી વધારે હોશિયાર** બાળકને ખિદમતે દીન કાજે, ખુદા વ રસૂલને રાજી કરવા માટે વકફ કરી દે, એટલે કે આલિમેદીન બનાવે. એવું કદાપી ન વિચારો કે જો અમે અમારા બાળકને આલિમે દીન બનાવીશું તો દુનિયાવી કમાણી વધુ નહીં થઈ શકે. આવા વિચારો પણ ઈસ્લામી રિવાયતો અને અકીદાઓની તદ્દન વિરૂધ્ધ છે કારણ કે તવંગરી કે ગરીબાઈ અલ્લાહના તરફથી છે. જેના નસીબમાં ખુદાએ તવંગરી લખી દીધી છે તે તવંગર થઈને જ રહેશે અને જેના નસીબમાં ગરીબાઈ લખાઈ છે તે ગમે તેટલું માથુ કૂટતો રહે, પ્રયત્નો કરતો રહે પણ ગરીબ થઈને જ રહેશે, પોતાના કિસ્મતના લખાણથી એક દાણો પણ વધુ નથી મેળવી શકવાનો, નસીબમાં જે લખ્યું તે થઈને જ રહેશે. **અલ્લાહની નક્કી કરેલ તકદીર કદી બદલાતી નથી, એના પર ઈમાન રાખવું દરેક મોમિનના માટે અનિવાર્ય છે.** નસીબનું જ તો પરિણામ છે કે ઊંચી ઊંચી ડિગ્રીવાળા દર દરની ઠોકરો ખાય રહયા છે અને એક અંગૂઠા છાપ માણસ કરોડપતિ બનીને સેંકડો ભણેલા ગણેલાઓને નોકરો તરીકે રાખે છે.

હવે જ્યારે બધો દારોમદાર નસીબ પર છે તો શા માટે એક પુત્રને આલિમેદીન બનાવી આખેરત સુધારી લેવામાં ન આવે ? આલિમેદીન રસૂલે ખુદાના નાયબો હોય છે એટલે તેમનું સૂવું ઈબાદત, જાગવું ઈબાદત, દીની બાબતોમાં એક ડગલુ ઈબાદત ગણાય, દીની બાબતે તેમના મોઢેથી નીકળતો શબ્દે શબ્દ ઈબાદત, એમને પોતાના નસીબમાંથી મળતી જાઈઝ કમાણી પણ ઈબાદતમાં ગણાય. ઉપરાંત





આપ વાંચી ગયા તથા આગળ કિતાબમાં વાંચશો કે આલિમની ફઝીલત કેટલી છે, જેમનું પોતે પઢવું સવાબ, પઢાવવું સવાબ. એટલું જ નહીં દરેક દરેક અક્ષરના બદલામાં દસ નેકીઓ મળશે. અને સૌથી મોટી વાત તો એ છે કે તેમના સવાબની કોઈ હદ નથી. તેમનો સવાબ સવાબે જારિયહ્ ગણાય છે, જેનો ક્રમ કયામત સુધી ચાલુ રહેશે.

એને એ રીતે સમજો કે તમારો દીકરો આલિમેદીન બને અને જીવન દરમ્યાન દસ શાગિર્દોને તૈયાર કરી દે અને તે દસ શાગિર્દો પોતાના જીવન દરમ્યાન દસ શાગિર્દોને તૈયાર કરી દે, અને તે દસ જણા પોતાના જીવન દરમ્યાન જે પણ દીની સેવાઓ, ઈબાદતો ત્યાં સુધી કે જે પણ નેક કાર્યો કરશે એ સૌનો સવાબ પણ તમારા દીકરાને મળશે. અને પેલા દસ શાગિર્દો પોતાના જીવનમાં જેટલા પણ શાગિર્દો બનાવશે તે સહુનો પણ જીવનપર્યંતનો સવાબ મળશે અને આવો ક્રમ કયામત સુધી ચાલશે અને કયામત સુધી આ બધો સવાબ ક્રમસર તમારા દીકરાને મળતો રહેશે. અને જ્યારે તે પોતે કબરમાં નિરાંતે પોઢેલા હશે ત્યારે પણ એનો સવાબ ચાલ્યા કરશે ! અને ખૂબીની વાત એ કે કોઈ શાગિર્દના સવાબમાંથી કાંઈ ઓછું થશે નહીં. અને આપના પુત્રને જે સવાબે જારિયહ્ મળતો રહેશે તેમાંથી તમને પૂરેપૂરો ભાગ મળશે એટલા માટે કે તે આલિમ કેવળ તમારા લીધે જ બન્યો. જો તમે એને આલિમે દીનના બદલે વકીલ.....વગેરે બનાવત તો શું આ ફઝીલત તથા સવાબે જારિયહ્નો હકદાર તે થઈ શકત ! કદાપી નહીં. તેથી તમે એના બધા ફઝાઈલ તથા જાઈઝ અને સવાબે જારિયહ્ના સબબ બન્યા અને એ પણ કેટલું સુનેહરૂ કે જેના દ્વારા હજારો માણસો સીધા માર્ગ પર આવશે. તો જેના મારફતે આટલું કામ થાય તે શું વંચિત રહી શકે છે ? કદાપી નહીં. પણ પૂરેપૂરા સવાબના હકદાર થશે.

હવે તમોને છૂટ છે ! કે પોતાના પુત્રને આલિમે દીન બનાવીને જાઈઝ કમાણી અને સવાબે જારિયહ્ પ્રાપ્ત કરો અને મૃત્યુ, કબર, હશ્ર, મિઝાન, પુલસિરાત, જન્નત, દોઝખ વગેરે પ્રસંગે એનો લાભ ઉઠાવો. અથવા તે પછી પોતાના પુત્રને વકીલ વગેરે બનાવી દુનિયાવી તાલીમ

દ્વારા તેને જૂઠ, છેતરપિંડી, બુરાઈ વગેરે કામોમાં નિપૂણ બનાવીને અંતે તો નસીબમાં મળનારી સંપત્તિ પ્રાપ્ત કરાવો. પરંતુ એ પણ ભૂલશો નહીં કે તમારી કેળવણી તથા તાલિમના કારણે જે તમારો પુત્ર આ બધાં ખરાબ કામોનો માહિતગાર બન્યો અને પછી આગળ જતાં એના પર અમલ કર્યો તો એ બધા જ ખરાબ કામોનું માધ્યમ પણ તમે જ બન્યા માટે એ જીવનમાં જે બુરાઈઓ જે ગુનાહો પણ કરશે તેનો ભાગ પણ તમને ચોક્કસ મળશે જ ! એટલા માટે પોતાની ઔલાદ માટે જે પણ ડગલું ભરો સમજી વિચારીને ભરો. એ પણ યાદ રાખશો કે તમારા બાળકને **સુન્ની દારુલ ઉલૂમ, સુન્ની ઉસ્તાદ પાસે જ પઢાવશો. વહાબી દેવબંદી, મવદૂદી (જમાઅતે ઈસ્લામી), ગૈરમુકલ્લિદ (એહલે હદીષ) વગેરેના મદ્રસામાં પઢાવશો નહીં.** નહીં તો આલિમેદીન નહીં પણ શૈતાન બનીને નીકળશે અને કુંટુંબીઓનું ઉપરાંત સેંકડો લોકોનું ઈમાન બગાડશે. આ બદ્‌મઝહબને આલિમેદીન કહી શકાય નહીં કેમ કે જ્યારે તેઓ પાસે ઈમાન જ નથી પછી કોઈ પ્રશ્ન બાકી રહેતો જ નથી. અલ્લાહ વ રસૂલની ગુસ્તાખી કરનારા શૈતાની ઈલ્મવાળા છે. તેઓ અલ્લાહ વ રસૂલની ગુસ્તાખીના લીધે ખૂદ કાફિર થઈ ગયા છે. માટે **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ એ જણાવ્યું છે કે, **બદ્‌મઝહબવાળાને 'આલિમેદીન' કહેવું કુફ્ર છે.** આલિમની ઈજ્જત નિસ્બતે રસૂલના કારણે છે અને બાતિલ ફિર્કાવાળા તો રસૂલના ગુસ્તાખ છે. માટે વારિસુલ અંબિયામાં સુન્ની આલિમનો જ સમાવેશ થાય છે. કહેવાનું ઘણું છે પણ લખાણ લંબાતુ જાય છે તો આટલે જ અટકું છું.

મૌલા તઆલા તમામ સુન્ની ભાઈ-બહેનોને ઈલ્મની કદર કરવાની તૌફીક આપે. અને હક્ક સમજવાની તૌફીક આપીને હઠધર્મીથી બચાવે, આમીન. અલ્લાહુમ્મ સલ્લે અલા સૈયદેના મુહમ્મદિંવ વ આલિહી વઅસ્હાબિહી અજમઈન.

وما علينا الا البلاغ المبين





-: પ્રકરણ નં-૨ :-

# સાચા પીરની ઓળખ યા'ને હકીકતે તસવ્વુફ

## (સૂફીપણાની વાસ્તવિકતા)

بسم الله الرحمن الرحيم

نحمده ونصلي على رسوله الكريم

### ☆ જાહિલ સૂફીને ઓળખો ! ☆

**પ્યારા સુન્ની ભાઈ બહેનો !!!**

આપણી અધોગતિનું એક કારણ તો **'જાહિલ સૂફી'** છે જેઓ તસવ્વુફની થોડીક વાતો ગોખીને પોતે પોતાને સૂફી અને તરીકતવાળા જાહેર કરે છે. અને શરીઅતે મુતહ્‌હરાને અભરાઈ ઉપર ચઢાવીને શરીઅતની હાંસી ઉડાવે છે. અને રોઝા તથા નમાઝને પોતાના માટે જરૂરી નથી સમજતા એટલા માટે પોતે પણ નમાઝ-રોઝાથી દૂર અને પોતાના ચેલાઓને પણ એની છૂટ આપે અને કહે છે કે જ્યારે માણસ તરીકતની મંઝિલે પહોંચી જાય છે તો એના માટે શરીઅતની પાબંદી કરવાની જરૂર નથી અને પોતાના આ પોલને છુપાવવા માટે મનઘડત અને પાયા વગરની હદીષો વર્ણન કરીને પોતાના ચેલાઓના દિમાગમાં એવું ફીટ કરે છે કે ૧૪ મી સદીના જેટલા આલિમ છે બધા દોઝખી છે. (અલ્લાહની પનાહ !)

આ રીતે ચેલાઓને ઈલ્મ તથા ઉલમાની સોહબતથી દૂર રાખે છે. અને જાહિલ સૂફીઓને આ બેહુદા તાલીમ અકબર બાદશાહના દીને ઈલાહીથી વરસામાં મળી છે જે ધર્મનું સંચાલત પોતે અકબર કરી રહયો હતો. જેમાં શરીઅતે મુતહ્‌હરાની ઉઘાડી મઝાક ઉડાવવામાં

આવી રહી હતી. અને સાધુ, જોગી અને પંડિતોના નિયમો ઈસ્લામી શરીઅતમાં ભેળવીને એક મિશ્ર ધર્મનો પાયો નાખવામાં આવ્યો હતો. તે જ ધર્મના રીત–રીવાજોની બરકત આજે પણ દ્રષ્ટિમાન થાય છે કે જાહિલ સૂફીઓ તેના પર અમલ કરીને ઈલ્મ તથા ઉલમા અને શરીઅતે મુતહ્હરાની ઉઘાડી મઝાક ઉડાવી લોકોને ગુમરાહ કરી રહ્યા છે.

## ☆ જૂઠા સૂફીઓની પોલ ઉઘાડતાં મહાન બુઝુર્ગોનાં કથનો ☆

આવા સૂફીઓના વિશે તરીકતના સરતાજ, શરીઅતના ઈલ્મના મોજાં મારતા સમંદર (સમુદ્ર) હુજ્જતુલ ઈસ્લામ મુહમ્મદ ઈમામ ગઝાલી رحمۃ اللہ علیہ પોતાની જગવિખ્યાત તસવ્વુફની કિતાબ **'કીમીયાએ સઆદત'**માં લખે છે કે : "પોતે પોતાની જાતને સૂફીના વેશમાં જાહેર કરવું અને એમની સિફત અને આદતો ધારણ ન કરવી કેવળ નિફાક તથા ઉઠાંતરા પણું છે. એ લોકો (બનાવટી સૂફી)માં સૌથી ખરાબ તે વ્યકિત છે જે સૂફીઓની થોડી વાતો યાદ કરી લઈ બેહૂદા (કઢંગો) બકવાસ કરે અને જાણે કે દુનિયાની પૈદાઈશથી લઈને કયામત સુધીનો ઈલ્મ પ્રાપ્ત થઈ ગયો છે ! ત્યારે જ તો આવી (સૂફીયાણી) વાતો કરી શકે છે. કયારેક તો આ વાતોનું ખરાબ પરિણામ એને ત્યાં સુધી પહોંચાડી દે છે કે ઉલમા અને એમના ઈલ્મને તિરસ્કારની દ્રષ્ટિથી જોવા લાગે છે, ને કદાચ શરીઅત પણ એમની દ્રષ્ટિમાં હલકી અને નાચીઝ જણાતી હશે. અને કહે છે કે શરીઅત તો અશકતો અને કમજોરોના માટે છે. જે લોકો તરીકતના રસ્તે સશકત અને મજબૂત થઈ ગયા છે એમને શરીઅત કાંઈપણ હાની નથી પહોંચાડી શકતી. (એટલે કે શરીઅતને છોડી દેવામાં કોઈ નુકસાન નથી.) એટલે એમનો દીન તે 'દહ દર દહ' હોઝની હદ સુધી પહોંચી ગયો છે એટલા માટે કોઈ પણ વસ્તુથી નાપાક થતો જ નથી. (એટલે કે જેવી રીતે દહ દર દહ (૧૦×૧૦ હાથની હોઝ) હોઝમાં નાપાકી પડવાથી હોઝ નાપાક નથી થતી એવી રીતે તરીકત





પર કદમ જમાવી દીધા પછી નમાઝ–રોઝા છોડવાથી અને શરીઅતની પાબંદીથી અલગ થઈ જવાથી કાંઈ નુકસાન નથી) જયારે આ ગોદડીધારી (બનાવટી પીર સૂફી) આ દરજા પર પહોંચી જાય ત્યારે તેમનામાંના દરેકને કત્લ કરવું રોમ અને હિંદમાં હજાર કાફિરોને કત્લ કરવાથી પણ અફઝલ છે. એટલા માટે કે મુસલમાનો પોતે પોતાની જાતને ખુલ્લા કાફિરોથી તો બચાવે જ છે પણ આ મલઊન પોતાની જાતને મુસલમાન કહેવડાવે છે અને (ખરેખર તો) ઈસ્લામને બાતિલ ઠરાવે છે (એટલા માટે મુસલમાનો પોતે પોતાને બચાવી નથી શકતા.)

**"સયફુલ ગૌષુલ આઝમ"** નામની કિતાબમાં છે કે, **"બનાવટી સૂફી કહે છે કે** જયારે બંદો મહોબ્બતના સ્થાને (એટલે કે તરીકતમાં) પહોંચી જાય છે તો એના માટે શરીઅતની બધી અમરો નેહી (શરીઅતના હુકમો) રદ થઈ જાય છે. (એટલે કે માફ થઈ જાય છે,) એના કારણે તેઓ નમાઝ નથી પઢતા, રોઝા, નથી રાખતા, હરામને હલાલ સમજે છે. તેથી એટલા માટે આ બધા કાફિર જહન્નમી થઈ ગયા અને કાયમ માટે દોઝખમાં સબડીને અઝાબ ચાખતા રહેશે.

**"અન્વારુલ આરેફિન"** માં છે કે, "હઝરત મુજદ્દિદ અલ્ફેષાની ફર્માવે છે કે અહવાલ (કશ્ફની હાલત) શરીઅતના તાબા હેઠળ છે. અને શરીઅત કતઈ છે અને ખુદાની વહીથી સાબિત થયેલ છે. અને અહવાલ ઉમુરે ઝન્ની (ધારણાથી નક્કી થયેલ) છે જે કશ્ફ અને ઈલ્હામથી સાબિત છે." એના પછી હઝરત ફર્માવે છે કે, "કેટલાક અધુરા દરવેશ (બનાવટી સૂફી) પોતાના કશ્ફ પર ભરોસો કરીને શરીઅતે મુતહ્હરાનો ઈન્કાર અને વિરોધ કરવા લાગે છે. જો હઝરત મૂસા કલીમુલ્લાહ علیہ الصلوٰۃ والسلام પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના સમયમાં હોત તો એમને પણ નબી صلی اللہ تعالیٰ علیہ وسلمની પૈરવી કર્યા વગર કોઈ રસ્તો ન હતો. તો પછી આ કોરબાતિનો (દિલના આંધળા એટલે બનાવટી સૂફી)ને વિરોધ કરવાનો શું હક્ક છે ?

**"મરગૂબુલ કુલૂબ"**માં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની એક હદીષ નકલ

કરવામાં આવી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, એટલે કે **જે શખ્સ ઈલ્મે દીન પ્રાપ્ત કર્યા વગર ઝાહિદ (દુનિયાથી મોઢું ફેરવી લઈને ખુદાની નજદીકી પ્રાપ્ત કરવાવાળો) બને છે તે જીવનના અંતકાળમાં પાગલ થઈ જાય છે."**

એનો ભાવાર્થ એ થાય છે કે શૈતાન ખરાબ કામ કરવાવાળાઓથી વધુ છેડછાડ નથી કરતો, હા ! અલબત્ત જયારે એને ખબર પડે છે કે ફલાણો બંદો ખુદા સુધી પહોંચવાની કોશિશ કરી રહયો છે તો તે એના પાછળ હાથ ધોઈને પડી જાય છે અને પોતાના બધા દાવપેચ લગાડી એ ઝાહિદને ખુદાના રસ્તાથી હટાવીને પોતાની તરફ વાળી દે છે. જો એની પાસે રસૂલની તાલીમ તથા ઈલ્મે દીનનો ચિરાગ (દીવો) સાથમાં હોય તો એ નૂરથી શૈતાની ધોકાબાઝીને તે ઓળખી લેશે, નહીં તો શૈતાનની જાળમાં ફસાઈને ઈમાનથી પણ હાથ ધોઈ નાખશે. (એટલે કે ઈમાન પણ ગુમાવશે.)

## ☆ જુનૈદ બગદાદ رحمۃ اللہ علیہનો શાગિર્દ ! ☆

સૈયદુત્તાઈફા હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہના શાગિર્દની સાથે પણ આજ પ્રમાણેનો એક પ્રસંગ બન્યો હતો. એક શખ્સ હઝરત જુનૈદની મહેફિલમાં આવ્યા કરતો હતો પછી તેણે આવવાનું બંધ કરી દીધું. હઝરતે લોકોથી પૂછયું કે ફલાણો માણસ મારી મેહફિલમાં આવતો રહેતો હતો હવે તે કેમ નથી આવતો ? લોકોએ એની પૂછપરછ કરી અને તે માણસને મળીને મહેફિલમાં ન આવવાનું કારણ પૂછયું, તો તેણે જણાવ્યું કે હું હઝરતની મહેફિલમાં એટલા માટે જતો હતો કે ખુદા સુધી પહોંચી જાઉં, પરંતુ હવે તો હું પહોંચી ગયો છું એટલે હવે હઝરતની મહેફિલમાં જવાની જરૂર નથી રહી ! લોકોએ આવીને હઝરતને વસ્તુ સ્થિતિ જણાવી. તો હઝરતે જણાવ્યું કે હા ! જરૂર પહોંચી ગયો પણ ખુદા સુધી નહીં પરંતુ શૈતાન સુધી પહોંચી ચૂકયો છે ! પછી હઝરતે એક માણસને મોકલીને તે ઈલ્મ વિનાના ઝાહિદને બોલાવ્યો. જયારે તે





આવ્યો તો હઝરતે એને પ્રશ્ન કર્યો કે તુ ખુદા સુધી પહોંચી ગયો છે એ તને કેમ કરીને જણાઈ ગયું ? તો એણે જણાવ્યું કે, હુઝૂર ! હું જયારે મારા વિર્દો–વઝાઈફમાં તલ્લીન થઈ જાઉં છું તો આકાશ તરફથી એક તખ્ત આવે છે અને એના પર સવાર થવા માટે હુકમ આપવામાં આવે છે. હું તેના પર સવાર થઈ જાઉં છું. તે તખ્ત મને ઉડાડીને જન્નતમાં લઈ જાય છે ત્યાં હુરો ગિલમાન હોય છે અને એક આલિશાન તખ્ત પર ખુદા બિરાજમાન થયેલ હોય છે. અને સજદો કરવાનો મને હુકમ અપાય છે અને હું હુકમ મળતાં જ સજદામાં પડી જાઉં છું અને જયાં સુધી ઈચ્છા થાય હું ત્યાં રહું છું. પછી એ જ તખ્ત દ્વારા મને મારા નિવાસ સ્થાને ઉતારી દેવામાં આવે છે.

હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہએ પૂરી કહાની સાંભળીને જણાવ્યું કે હવે પછી જયારે પણ આવો પ્રસંગો ઊભો થાય તો ફકત આટલું પઢી લે જે, **"લાહવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીય્યીલ અ'ઝીમ."** તે માણસ ચાલ્યો ગયો અને પછી જયારે તેની સમક્ષ તેવો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે તેને પોતાના ઉસ્તાદની વાત યાદ આવી અને **'લા હવ્લ વલા કુવ્વત'**નો ઝર્બ (મારો) લગાડયો.

**લાહવ્લ** જેવું પઢયું કે તરત બધા જ હુરો ગિલમાન અને તખ્ત પર બિરાજેલ ખુદા ચીસો પાડતાં ભાગી ગયાં ! અને તે ઈલ્મ વગરના ઝાહિદે પોતાની જાતને નરકના ઢગલા પર નરકથી ખરડાઈને લથલથ પામી. હવે તે બેઈલ્મ ઝાહિદની આંખો ઉઘડી ગઈ કે આ જે કાંઈ હતું તે શૈતાનની ધોકાબાઝી હતી.

એટલા માટે શેખ સઅદી رحمۃ اللہ علیہએ શું સુંદર વાત કહી છે, કે "બઈલ્મ ન તવાં ખુદારા સનાખ્ત" એટલે કે **ઈલ્મે દીન વિના ખુદાને ઓળખી શકાતો નથી.** નાદાન, બેઈલ્મ બનાવટી સૂફીઓ કે જેઓ તરીકતના નશામાં ઈલ્મેદીન અને શરીઅતે મુતહ્હરાની હાંસી ઉડાવે છે (મશ્કરી કરે છે) એમને મારી વિનંતી છે કે તેઓ ઉપરની વાતોને ધ્યાનથી વાંચે અને બોધ (સબક) પ્રાપ્ત કરે અને એના પર અમલ કરી

શૈતાની ધોકાબાઝીથી બચવાની કોશિશ કરે એમાં જ ભલાઈ પણ છે અને છૂટકારો પણ.

## ☆ કુર્આન–હદીષનો ઈલ્મ (ઈલ્મે દીન) ન જાણનાર વલી બને એ અશકય ! ☆

જેમ કે એના જ અનુસંધાનમાં મુજદ્દિદે દીનો મિલ્લત, આરિફ બિલ્લાહ હઝરત મીર અબ્દુલવા હિદ બેલગ્રામીએ પોતાની મશ્હૂર કિતાબ **'સબએ સનાબિલ શરીફ'**માં જેને રસૂલે ખુદાએ મકબૂલ તથા પસંદ ફર્માવી છે. તેમાં લખ્યું છે કે : કેટલાક મશાઈખે કેબારએ ફર્માવ્યું છે કે શૈતાન જ્યારે તે જાહિલ (પીર)થી મળે છે જે ઈલ્મે દીન નથી ધરાવતો અને તેની સમક્ષ કોઈ છુપી ચીજ જાહેર થઈ ગઈ છે તો તે (શૈતાન) તેના પર હસે છે અને તેને ખૂબ જ ઝલીલ કરે છે. તેને અજબ ગઝબની હરકતો બતાવે છે. કયારેક ગુલાબનો ભરેલો ગ્લાસ બતાવે છે જે હકીકતમાં શૈતાનનું મૂત્ર હોય છે જે તેના ઉપર ટીપે ટીપે ટપકાવે છે અને તે ગરીબ (જાહિલપીરને) સંખ્યાબંધ લોકોને બહેકાવવાનો વસીલો બનાવી દે છે. પછી શૈતાનનો તે જાહિલની સાથે સૌથી મોટો મામલો એ રહે છે કે સૌથી પહેલાં તો તેને ગુમરાહ કરે છે એટલે તેને સારા સારા ચહેરાઓ દેખાડે છે અને તેના દિલમાં એ વાત પેદા કરે છે કે ખરેખર તે ચહેરાઓ અલ્લાહ તઆલાની તજલ્લીઓ છે ! અને તે જાહિલ તેના પર યકીન કરી લે છે, ખરેખર તે ચહેરાઓ અલ્લાહ તઆલાની તજલ્લીઓ જ છે. અને આ રીતે 'ગિરોહે મુજસ્સમહ્' (એટલે અલ્લાહને શરીર તથા શરીરવાળા હોવાનું માનનાર)માં દાખલ થઈને ગુમરાહીના જંગલમાં અટવાઈ પડીને બરબાદ થઈ જાય છે. અને શૈતાન તેને ઉલ્માએ હક્ક અને મશાઈખે કેબારથી પણ દૂર રાખે છે કે જેઓ તેને ખરા ખોટાનો ફર્ક સમજાવે. પછી (શૈતાન) તે જાહિલને કહે છે કે તારા જેવો દુનિયામાં કોણ છે કે જેની તું પયરવી કરે ! એટલા માટે કે અલ્લાહ તઆલા તારી ઈચ્છા





વગર તારા પર તજલ્લી નાખે છે ! જ્યારે હઝરત મૂસા عليه الصلوٰة والتسليم એ ઈચ્છા દર્શાવી પણ અલ્લાહે તેમને જલ્વો ન દેખાડયો તો પછી કોઈ આલિમ અથવા બુઝુર્ગની પયરવી કરવાનો તું શા માટે મોહતાજ બને ? શું તું એવું વિચારે છે કે તે તારા મામલાઓમાં તારાથી વધુ જુએ તથા જાણે અને શકિત ધરાવે છે કે તને તે શૈતાનના પ્રપંચથી બચાવી શકે ?

અને જ્યારે એ જાહિલ તે શૈતાની વસવસાઓને સ્વીકારી લે છે તો શૈતાન તેનો પીર બની જાય છે. અને જો કોઈ કામિલ બુઝુર્ગ ભલુ ઈચ્છવાના લીધે તેને તે ગુમરાહીથી સાવચેત કરે છે તો તે તેનો વિરોધી બની જાય છે. એવા લોકો માટે જ રબ તઆલાએ ફર્માવ્યું, (અર્થ) : "તેના મોટા બનવા એ (મોટાઈ દેખાડવી તે) તેને ગુનાહ માટે તૈયાર કર્યો પછી પૂરતી છે તેને દોઝખ." અને જો કોઈ તેના મુરીદોને તેની પયરવીથી રોકે અને તેની બયઅતથી મના કરે તો તેઓ દુશ્મની પર ઉપરી આવે છે અને કહે છે કે અમારા પીરની ઈજ્જત અને મકબૂલિયત તેમનાથી જોઈ શકાતી નથી તેટલા કારણે ઈર્ષા તથા દુશ્મનાવટમાં આવી વાતો કહે છે. મલતબ કે તે જાહિલ વડે શૈતાન ઘણી બધી મખ્લૂકને ગુમરાહ કરે છે.

## ☆ શેતાની ધોકાની અનોખી દાસ્તાન ! ☆

કયારેક તો શૈતાન લોકોના દિલના ઈરાદાઓથી જાહિલ પીરને માહિતગાર કરી દે છે જેથી તે લોકોના દિલોના ભેદ બતાવે, અને તે લોકો તેને રોશન દિલ કહે. કયારેક તો અજબની વાતો તેના દિલમાં નાખી દે છે કે જેથી તે પીર તે બાબતોને લોકોની સમક્ષ રજુ કરે અને યોગાનુયોગ તે સાચી પડે તો લોકો તેને સાહિબે કશ્ફ સમજે અને રહમાની કશ્ફ અને શૈતાની કરિશ્મામાં તફાવત ન કરી શકે અને જાહિલ પીર પણ પોતાના કશ્ફ તથા કરામતની પ્રશંસા કરવા લાગે. તેના વિશે હઝરત અબ્દુલવાહિદે આ શેઅર નકલ ફર્માવ્યો કે,

**હર કે ઉલા કશ્ફે ખૂદ ગોયદ સુખન**
**કશ્ફે ઉરા કફશ કુન બર સર બઝન**

**"જે વ્યક્તિ પોતાના કશ્ફની વાતો બતાવવા માંડે તો તેના કશ્ફને પગરખુ (જોડા) બનાવીને તેના માથા પર મારી દો."**

કયારેક એવું થાય છે કે શૈતાન પોતાનું તખ્ત જમીન તથા આસ્માન વચ્ચે બીછાવીને તેના પર બેસે છે અને તે જાહિલ પીર સમક્ષ એવું જાહેર કરે છે જાણે કે ખુદા અર્શ પર જલ્વા ફર્મા છે અને તેના પર તજલ્લી નાખી રહેલા છે.

જેમ કે નકલ થયેલ છે કે તે જ પ્રકારનો એક શખ્સ મિસર જઈ રહયો હતો. શૈતાનને જોયો કે અર્શ પર બેઠો છે. વિચાર્યું કે ખુદા છે અને તેણે તેને સિજદો કરી લીધો. પછી ત્યારબાદ તે બનાવને બગદાદના બુઝુર્ગાને દીનની એક જમાઅત સમક્ષ વર્ણવ્યો. તો સૌ બુઝુર્ગોએ ફર્માવ્યું કે તે શૈતાન હતો ! અને દલીલરૂપે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ હદીષ બયાન કરી, **ઈન્નલિશ્શયતાનિ અરશમ બયનસ્સમાઈ વલઅર્દિ વહુવા યજલિસુ અલાયહિ.** એટલે કે **શૈતાનનું એક તખ્ત આસમાન અને જમીનની વચ્ચે અધ્ધર છે તે તેના પર બેસે છે.** તે શખ્સ આ સાંભળીને ઉઠયો અને નમાઝ પઢી પછી ઈમાનની તજદીદ કરી (તૌબા કરી નવેસરથી ઈમાન લાવ્યો) અને તે જગાએ જ્યાં શૈતાની તખ્ત જોયું હતું ત્યાં ગયો અને તેના પર લઅનત મોકલી અને તેનો ઈન્કાર કર્યો.

જોઈ લીધું તમે ! આરિફ બિલ્લાહ હઝરત મીર અબ્દુલવાહિદ رحمۃ اللہ علیہ એ કેવી રીતે જાહિલ પીરનો નકશો ખેંચીને લોકોને સાવચેત કર્યા છે. **ઈલ્મે તરીકતમાં ડગ ભરતાં પહેલાં દીનનો ઈલ્મ તથા શરીઅતનો ઈલ્મ જાણવું જરૂરી શા માટે ?** ઈમામ આરિફ બિલ્લાહ અબ્દુલગની નાબેલ્સી رضی اللہ عنہ "હદીકએ નદીયહ્" માં ફર્માવે છે કે, "ઈમામ માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે, **ઈલ્મૂ બાતિનિ લા યઅરિફુહુ ઈલ્લામન અરફા ઈલ્મુઝ્ઝાહિર** એટલે કે, **ઈલ્મે બાતિન નહીં જાણશે પણ તે જે જાહેરી ઈલ્મ જાણે છે.**





(**અર્થાત** : જાહેરી ઈલ્મ જાણતો ન હોય તે બાતિની ઈલ્મ જાણી શકશે નહીં.)

ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે, **"અલ્લાહ તઆલાએ કદી પણ કોઈ જાહિલ (અજ્ઞાની)ને પોતાનો વલી (દોસ્ત) નથી બનાવ્યો."**

## ☆ ગૌષપાક رضی اللہ عنہ ની દ્રષ્ટિમાં ઈલ્મ તથા શરીઅત ☆

ગૌષે આ'ઝમ સરકારે બગદાદ رضی اللہ عنہ ફર્માવે છે કે, "ખુદા સિવાય કોઈ ચીજની તરફ ધ્યાન ન લઈ જાય (તરીકતની રાહ પર ચાલનાર) જે એવું ઈચ્છે તે એનાથી નકકી કરેલી હદોને (શરીઅતને) કદી ન ઓળંગે અને એના દરેક 'અમરો નેહી' (કામ કરવા કે ન કરવાના હુકમો)ની હિફાઝત કરે. જો શરીઅતની હદોમાંથી કોઈ હદમાં ખલેલ પાડશે તો જાણી લે કે તું ફિત્નામાં પડેલો છે, નિઃશંક ! શૈતાન તારી સાથે રમત કરી રહેલ છે. તો તુ તરત જ શરીઅતના હુકમ તરફ પાછો વળી જા અને એને વળગી જા અને પોતાના નફસની ઈચ્છાઓ છોડી દે એટલા માટે કે જે હકીકત શરીઅતની દ્રષ્ટિએ સ્વીકાર્ય ન હોય તે હકીકત બાતિલ છે. *(તબકાતુલ ઔલિયા)*

આ જ ગૌષેપાક رضی اللہ عنہ ફર્માવે છે કે, "ફિકહનો ઈલ્મ પ્રાપ્ત કર ! ત્યાર બાદ ખલ્વતનશી (દુનિયાથી સંબંધ છોડી ખૂણામાં બેસી ઈબાદત કરનાર) બન. જે ઈલ્મ વગર ખુદાની ઈબાદત કરશે તે જેટલું સમારશે તેના કરતાં વધુ બગાડશે. પોતાની સાથે ખુદાની શરીઅતની શમ્આ લઈ લે." *(બેહજતુલ અસરાર)*

## ☆ અમે પહોંચી ગયા છીએ ! ☆

હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ને લોકોએ વિનંતિ કરી કે કેટલાક લોકો એવા વહેમમાં રહે છે કે શરીઅતના હુકમો તો ખુદા સુધી

પહોંચવાનો ઝરીયો હતો અને અમે પહોંચી ગયા છીએ. એટલે હવે અમારે શરીઅતની શું જરૂર ?! એના જવાબમાં હઝરતે જણાવ્યું કે તેઓ સાચુ કહે છે, તેઓ ચોક્કસ પહોંચી ગયા પણ કયાં સુધી? જહન્નમ સુધી ! ચોર, વ્યભિચારી આવા અકીદાવાળાઓથી વધુ સારા છે. પછી જણાવ્યું કે જો હું હજાર વરસ જીવંત રહું તો પણ ફર્ઝો અને વાજિબો તો મોટી વસ્તુઓ છે, જે નવાફિલ (નફલો) અને મુસ્તહબ જે નક્કી કરી લીધેલ છે તે શરઈ ઉઝર (મજબૂરી) વિના તેમાંથી કાંઈ પણ ઓછુ કરું. *(અલયુવાકેતુલ જવાહિર)*

આ જ સૈયદુત્તાએફા હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "જેણે ન કુર્આન યાદ કર્યું ન હદીષ લખી એટલે કે જે શરીઅતના ઈલ્મથી માહિતગાર નથી તો તરીકતના વિષયમાં એનું અનુસરણ ન કરો અને એને પોતાનો પીર ન બનાવો, કારણ કે આપણો આ તરીકતનો ઈલ્મ એકદમ કુર્આન અને હદીષનો પાબંદ છે." *(રિસાલએ કુશૈરિયહ્)*

## ☆ બાયઝીદ બોસ્તામી અને શરીઅત ☆

સુલતાનુલ આરિફીન હઝરત બાયઝીદ બોસ્તામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "જો તમે કોઈ વ્યકિતને જુઓ કે એવી કરામત પામેલ છે કે હવા ઉપર પલાંઠી વાળી બેસી શકે છે તો એનાથી છેતરાશો નહીં, જ્યાં સુધી એ ન જુઓ કે ફર્ઝો તથા વાજિબો અને મકરૂહ તથા હરામ તદ્ઉપરાંત શરીઅતની હિફાઝત માટેના જરૂરી આદબોમાં એની શું હાલત છે ? *(રિસાલએ કુશૈરિયહ)*

આ જ કારણ હતું કે એક વાર સુલ્તાનુલ આરિફીન પોતાના શાગિર્દો સાથે લઈને એક બુઝુર્ગના દીદાર માટે તશરીફ લઈ ગયા જેણે પોતે પોતાને ઝાહિદ તરીકે પ્રખ્યાત કર્યો હતો. હઝરત જ્યારે ત્યાં પહોચ્યા તો યોગાનુયોગ એ ઝાહિદ કાબા શરીફ તરફ થૂંકયો. હઝરત તુરંત ત્યાંથી પાછા વળી ગયા અને તેનાથી સલામ તથા વાતચીત પણ





ન કરી ! અને ફર્માવ્યું કે આ વ્યકિત ખુદાના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આદાબોમાંથી એક અદબની તો સાચવણી કરતો નથી અને જે વસ્તુ (વિલાયત)નો એ દાવો કરે છે એને કઈ રીતે પાળતો હશે ?

*(રિસાલએ કુશૈરિયહ)*

અને બીજી રિવાયતમાં છે કે આ વ્યકિત શરીઅતના એક અદબનો તો અમાતદાર નથી, ખુદાના ભેદોનો કઈ રીતે અમાનતદાર હોઈ શકે ? *(રિસાલએ કુશૈરિયહ્)*

## ☆ અન્ય બુઝુર્ગો અને શરીઅત ☆

આરિફ બિલ્લાહ હઝરત અબૂ અબ્દુલ્લાહ ઈબ્ને ખફીફ ફર્માવે છે કે, "તસવ્વુફ (સૂફીપણુ) એનું નામ છે કે દિલ સવચ્છ કરવામાં આવે અને શરીઅતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પૂરેપૂરી પૈરવી (અનુસરણ) કરવામાં આવે." *(તબકાતે કુબરા)*

ઈમામ શહાબુદીન સુહરવર્દી પોતાની કિતાબ "અવારેફુલ મઆરિફ"માં ફર્માવે છે કે, કેટલાક ફિત્નાખોરોએ સૂફીઓનો વેશ ધારણ કરી લીધો છે જેથી સૂફી તરીકે ઓળખાય. જો કે એમને સૂફીઓથી કાંઈ લેવા દેવા નથી. પરંતુ તેઓ ઘમંડ ભમ્રમાં સપડાએલા છે. અને કહે છે કે એમના દિલ કેવળ ખુદાની તરફ વળી ગયેલાં છે અને આજ ધ્યેય સુધી પહોંચી જવું છે. અને શરીઅતના નિયમોનું પાલન કરવાનું એ (બનાવટી સૂફી) સામાન્ય લોકોના માટે જ હોવાનું જણાવે છે. એમની આ વાત તદ્દન બેદીનીની તથા અલ્લાહ તઆલાની બારગાહથી દૂર કરી દેનાર છે. એટલા માટે કે જે હકીકતને શરીઅત રદ કરી દે તે હકીકત નથી પરંતુ બેદીની જ છે. *(અવારેફુલ મઆરિફ)*

આ જ ઈમામ સહુરવર્દી ફર્માવે છે કે, "એ મારો અકીદો (માન્યતા) છે કે જે વ્યકિતના હાથે ચમત્કાર થાય અને તે શરીઅતના હુકમોનું સંપૂર્ણ પાલન કરતો ન હોય તો તે વ્યકિત **બેદીન** છે. અને એ ચમત્કાર જે તેના હાથે જાહેર થાય તે કરામત નથી પણ **છેતરપીંડી**

તથા **ઈસ્તેદરાઝ** છે. *(નફહાતુલ્ ઉન્સ)*

આરિફ બિલ્લાહ નાબેલ્સી ફર્માવે છે કે, "તે કે જે અમારા સમયના કેટલાક સૂફી બનવાવાળા દાવો કરે છે અને અમે ખૂદ સાહિબે કુર્આનથી મેળવીએ છીએ, આ વાત ઈજમાઅથી ઘણી બધી રીતે ચોક્કસ કુફ્ર છે. આ બધામાંથી એ કે શરીઅતના હુકમની પાબંદી કરવી જેના માટે શરત છે એટલે કે આકિલ–બાલિગ હોવા છતાં કહી દીધું કે અમે શરીઅતના હુકમોના તાબા હેઠળ નથી. પછી ફર્માવ્યું કે જો જાહેરી ઈલ્મ છોડી દેવામાં એને ન શીખવું અને એની કદર ન કરવાનો ધ્યેય હોય, એવું વિચારીને કે જાહેરી ઈલ્મની જરૂરત નથી, તો એણે ખુદાના હુકમોને મૂર્ખ બતાવ્યા અને અંબિયાને મૂર્ખ ઠરાવ્યા. રસૂલને મોકલવા તથા કિતાબોને નાઝિલ કરવાને નિરર્થક તથા બાતિલની પ્રત્યે નિસ્બત કરી. તે કોઈ જાતના શક વગર તે **કાફિર** છે અને એનું કુફ્ર સૌથી વધુ સખત કુફ્ર છે. *(હદીકએ નદીયહ્)*

ઈમામ આરિફ બિલ્લાહ હઝરત અબ્દુલવહાબ શહરાની ફર્માવે છે કે "બેશક ! અલ્લાહ તઆલાએ ઈબ્લીસને કુદરત (શકિત) અર્પી છે જેમ કે હુજ્જતુલ ઈસ્લામ વગેરે બુઝુર્ગોએ સ્પષ્ટતા કરી છે કે સાહિબે કશ્ફ આસમાન, અર્શ, કુર્સી, લોહો તથા કલમ જ્યાંથી પોતાનો ઈલ્મ મેળવે છે એ મકાનની બનાવટી તસવીર એની સમક્ષ ઉપસ્થિત કરી દે. અને હકીકતમાં તે અર્શ તથા કુર્સી, લોહ તથા કલમ ન હોય પરંતુ શૈતાનનો ધોકો હોય. હવે શૈતાન આ છેતરપિંડીના સહારે પોતાનો શૈતાની ઈલ્મ ઈલ્કા (દિલમાં વાત નાખવી) કરે અને આ સાહિબે કશ્ફ (જાહિલ સૂફી) એને અલ્લાહ તઆલા તરફથી છે એવો વહેમ રાખી એના પર અમલ કરી બેસે છે અને પોતે પણ ગુમરાહ થાય છે તથા અન્યોને પણ ગુમરાહ કરે છે. એટલા માટે અઈમ્માએ કિરામ તથા ઔલિયાએ એઝામે કશ્ફવાળા પર વાજિબ કર્યું છે કે જે ઈલ્મ કશ્ફ દ્વારા પ્રાપ્ત થાય એના પર અમલ કરતાં પહેલાં એને કુર્આન તથા હદીષ સમક્ષ રજુ કરે, જો કુર્આન તથા હદીષના આદેશ મુજબ હોય તો ઠીક





નહીં તો એના પર અમલ કરવો **હરામ** છે. *(મિઝાનુશ્શરીઅહ્)*

ઉપરોકત લખાણથી શરીઅતની કેટલી જરૂરત છે તે તમે જોઈ લીધું. જો શરીઅતનો દામન પકડયો તો શૈતાન કાચા સુતરની લગામ પહેરાવી તમોને પોતાની શૈતાનિયતમાં ફેરવ્યા કરશે. એટલા માટે જ તો હદીષે પાકમાં ફર્માવવામાં આવ્યું છે કે, **આબિદ** ફિકહ (ના ઈલ્મ) વગર **ઘંટીનો ગધેડો** છે.

એના જ અનુસંધાનમાં ઈમામ આરિફ બિલ્લાહ અબ્દુલગની નાબેલ્સી એ શરીઅતની તા'ઝીમ અને તેની મહત્વતાના વિશે મહાન હઝરાત સૈયદુત્તાઈફા જુનૈદ બગદાદી, સર્રી સકતી, સુલ્તાનુલ આરેફીન બાયઝીદ બોસ્તામી, અબૂ સુલૈમાન દારાની, ઝુન્નુન મિસરી, બિશ્ર હાફી, અબૂ સઈદ ખરાઝ વગેરે رضی اللہ عنہم ના કથન મુબારકોનો ઉલ્લેખ કરી ફર્માવ્યું છે કે : "હે બુધ્ધિશાળી ! હે ખુદાના તલબગાર ! જોઈ લે કે આ તરીકતના મશાઈખે એઝામો, આ મહાન હકીકતવાળા બધા જ શરીઅતે મુતહ્હરાની તા'ઝીમ કરી રહયા છે અને કેમ ન કરે કે તેઓ ખુદા સુધી ન પહોંચત પણ આ જ શરીઅતે અકદસની તા'ઝીમ અને આ જ શરીઅતના સીધા માર્ગ પર ચાલવાના કારણે. અને તેઓમાંથી અથવા તેમના સિવાય બીજા ઔલિયાએ કામેલીનના સરદારોમાંથી કોઈ એકે પણ નથી જણાવ્યું કે એમણે શરીઅતે મુતહ્હરાના કોઈ હુકમને તુચ્છ જાણ્યો હોય અથવા એને માનવાથી પર રહયો હોય. પરંતુ તેઓ બધાએ એની (શરીઅતની) સમક્ષ ગરદન ઝુકાવી છે અને પોતાના બાતિની (છુપા) ઈલ્મને શરીઅતે મુહમ્મદીની કસોટીથી પારખતા રહે છે. તો (સાવચેત થઈ જા !) કે આ જાહિલોની જે બનાવટી સૂફી બનેલા છે તેમની મર્યાદા બહારની વાતો તને ધોકામાં ન નાખે. પોતે બગડે છે અને બીજાઓને બગાડે છે. પોતે ગુમરાહ થાય છે અને બીજાઓને ગુમરાહ કરે છે. શરીઅતે મુતહ્હરા જે સિરાતે મુસ્તકીમ (સીધો માર્ગ) છે એનાથી અલગ થઈ જહન્નમના રસ્તે ચાલે છે. તેઓ ઉલમાએ શરીઅતના માર્ગથી બહાર, મશાઈખે તરીકતના

મસ્લકથી ખારિજ (જુદા) છે. એટલા માટે કે શરીઅતના આદાબ ધારણ કરવાથી અલાયદા રહ્યા અને એના મજબૂત કિલ્લાઓમાં આશરો લેવાનું છોડી દીધું છે. તેથી તેઓ શરીઅતનો ઈન્કાર કરવાને કારણે કાફિર છે. અને દાવો તો એવો કરે છે કે એમના ફૂયુઝ તથા બરકતોથી બધું રોશન છે ! તરીકતના મશાઈખ તો શરીઅતના નિયમોના પાલનમાં રચ્યા પચ્યા છે, શરીઅતના હુકમોની તા'ઝીમ કરવામાં વિ□ાસ ધરાવે છે. એટલા માટે અલ્લાહ તઆલાએ એમને કમાલાતે કુદ્સ (પાકીઝા કમાલાતો)ની ભેટ અર્પણ કરી. અને આ (જાહિલ સૂફી) પોતાની કઢંગી બકવાસ પર ઘમંડ કરે છે ! **એ સૂફીઓનો વેશ ધારણ કરીને જાહેરમાં તો મુસલમાન અને હકીકત (વાસ્તવિક)માં કાફિર છે.** તેઓ હમેશાં પોતાના તાર્કિક બુતોની સામે આસન જમાવી બેઠેલા છે. શૈતાન જે વસવસો એમનાં દિલો દિમાગમાં નાખે છે એના પર મોહી પડેલા છે. તો બરબાદી થાય ! પૂરી બરબાદી થાય એમની તથા એમના માટે જેમનો તે પીર હોય અથવા એમના કામને સારું સમજે, એટલા માટે કે **તેઓ ખુદાની રાહના લૂટારા છે.** *(હદીકએ નદીયહ)*

આ તે જ કારણ છે કે ઔલિયાએ કામેલીન જેઓ તસવ્વુફ તથા તરીકતના તલબગાર હતા તેઓ સૌ પ્રથમ જાહેરી ઈલ્મમાં કમાલ પ્રાપ્ત કરી લીધા પછી તરીકતની મંઝિલ પર કદમ રાખતા. તેથી જ ગૌષે આ'ઝમ સરકારે બગદાદ رحمۃ اللہ علیہ કે જેઓ માદરઝાદ (માના પેટમાંથી) વલી હતા, જેમના પરથી પિતાની છત્રછાયા બાળપણમાંથી જ ઉઠી ગઈ હતી તો પણ આ પરેશાનીની હાલતમાં પણ, ઈરાની ઉલમાથી ઈલ્મ પ્રાપ્ત કરી ચૂકયા હતા છતાં આપને સંતોષ ન થયો તો દૂર દેશાવરની મુસાફરી કરીને ઈરાકના શહેર બગદાદમાં પહોંચીને કામિલ ઉલમાથી જાહેરી ઈલ્મની પરિપૂર્ણતા કરી ત્યારે રાહે સુલૂક તથા તરીકતની રાહ (માર્ગ)માં કદમ આગળ ધપાવ્યો. એ જ રીતે ખ્વાજએ ખ્વાજગાં હઝરત મોઈનુદ્દીન ચિશ્તીએ પણ સુલૂક (તરીકત)ની મંઝિલ પર ડગલુ ભરતાં પહેલાં સંજરને ખુદા હાફિઝ કરીને બુખારા





તથા સમરકંદના જાહેરી ઈલ્મવાળા ઉલ્માથી જાહેરી ઈલ્મમાં પારંગતતા પ્રાપ્ત કર્યા પછી તરીકતના માર્ગમાં કદમ મૂકયો. હઝરત ઈબ્રાહીમ અદ્‌હમ બલ્ખી رحمۃ اللہ علیہ તરીકતની કેડી પર ડર ભરતાં પહેલાં ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہના શિષ્ય બન્યા.

છેવટે આ ઔલિયાએ કામેલીનને શું જરૂર હતી કે આટલી મહેનત તથા તકલીફો વેઠીને જાહેરી ઈલ્મ પ્રાપ્ત કરે ? પરંતું ના ! એમને જાણ હતી કે શરીઅતના ઈલ્મ વગર તરીકતના ઈલ્મમાં ડગલું ભરવું અશકય છે. તરીકત અને મારેફતની તે ઘાટીઓ (પહાડીઓ વચ્ચેના વિકટ રસ્તા) છે જેમાં શૈતાને પોતાની સુક્ષ્મ અને ગુંચવણ ભરી જાળ ફેલાવેલી છે. જેથી કુર્આન તથા હદીષના પ્રકાશ તથા મદદ વગર આ ઘાટીઓને પાર કરવી અશકય છે. તદ્‌ઉપરાંત આ કામેલીન લોકોની દ્રષ્ટિ સમક્ષ ઔલિયાએ કિરામની તે વાત પણ ગુંથાએલી હતી કે ખુદા તઆલા સુધી પહોંચ પામવા બંદાઓના માટે પાંચ ઈલ્મ જરૂરી છે : **(૧)** ઈલ્મેઝાત **(૨)** ઈલ્મે સિફાત **(૩)** ઈલ્મે અસ્મા **(૪)** ઈલ્મે અફઆલ **(૫)** ઈલ્મે એહકામ.

આ બધામાં દરેક પહેલો (ઈલ્મ) બીજાથી વધુને વધુ મુશ્કેલ છે. તો જે સૌથી સહેલા ઈલ્મે એહકામમાં આજિઝ (કમઝોર–લાચાર) હશે તે સૌથી અઘરા ઈલ્મે ઝાતને કઈ રીતે પ્રાપ્ત કરી શકશે ? દા.ત. જે વ્યકિત 'અલિફ–બે–તે'...ની તખતી (અરબી મૂળાક્ષરો) પણ નથી પઢતો તે કુર્આનનો ઈલ્મ, તફસીર તથા હદીષના મોટા મોટા ગુંચવણભર્યા મસાઈલવાળી કિતાબ કઈ રીતે પઢી શકશે ? આ જ કારણે છે બધા ઔલિયાએ કિરામ તરીકતના ઈલ્મની મંઝિલ જે બાદમાં આવનારી છે તેમાં કદમ રાખતાં પહેલાં ઈલ્મે એહકામ એટલે જાહેરી દીની ઈલ્મ જે પહેલી મંઝિલ છે તેને પ્રાપ્ત કરવામાં સતત રચ્યા પચ્યા રહે છે. એનાથી ફુરસદ મેળવ્યા પછી (જાહેરી ઈલ્મમાં નિપૂણ થયા બાદ) તરીકતની દિશામાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. આ રહસ્યને ઈમામ શાફઈ رحمۃ اللہ علیہએ રીતે વર્ણવે છે કે, **"અલ્લાહે કદી કોઈ જાહિલ**

**(અજ્ઞાની)ને પોતાનો વલી (દોસ્ત) નથી બનાવ્યો."**

ઈમામ શાફઈના આ કથનથી કેટલાક લોકોના દિલમાં એ શંકા ઉદ્‌ભવી શકે કે અમે તો જોઈએ છીએ કે કેટલાક એવા પણ બુઝુર્ગ થઈ ગયા છે જેમણે કોઈ મદ્રસા અથવા દારુલ ઉલૂમમાં દીનનો ઈલ્મ પ્રાપ્ત કરવા પ્રવેશ કર્યો હતો નહીં ! તો એનો જવાબ ખૂબ જ સરળ છે. હકીકતમાં અલ્લાહ તઆલા કોઈ જાહિલને પોતાનો વલી નથી બનાવતો પરંતું જો કે કેટલાક અભણ (અનપઢ)ને કેટલીક કલબી લતાફત (દિલની નરમી, પાકીઝગી) અને પસંદ પડી જનારી અદા (ગમી જાય તેવું વર્તનથી)થી ખુશ થઈને પોતાની વિલાયત તથા નઝદીકી અપર્ણ કરે છે, પરંતું વિલાયત તથા નઝદીકી અર્પણ કરતાં પહેલાં એને જાહેરી ઈલ્મથી માલામાલ કરી દે છે ત્યારે જ વિલાયતનો દરજ્જો અતા કરે છે. જો એનું ઉદાહરણ જોવું હોય તો ગૌષે વકત (સમયના ગૌષ) હઝરત અબ્દુલ અઝીઝ દબ્બાગ કુત્બે આલમ અબુલ હસન ખરકાની, ગૌષે ઝમાના હઝરત મુગીસ યમની رَضِیَ اللّٰہُ عَنۡہُمۡ ની જીવનની હાલતનો અભ્યાસ કરો તો જણાશે કે આ હઝરાતોએ જાહેરી ઈલ્મ કોઈ દર્સગાહમાં પ્રાપ્ત કર્યો ન હતો તેમ છતાં પણ ઈલ્મે એહકામ તથા શરીઅતના ઈલ્મો તથા અન્ય દીની કિતાબોના એટલા બધા પ્રમાણમાં માહિતગાર હતા કે હજારો ફુકહા તથા મોહદ્દિષો પોતાના હલ ન થઈ શકે તેવા મસાઈલને એમની સમક્ષ લઈ જતા અને તેઓ આંખના પલકારામાં ઈલ્મી અને સંતોષકારક જવાબ આપતા કે મોટા મોટા ફકીહો (ફિકહનો ઈલ્મ જાણનાર) તથા મોહદ્દિષીને એઝામ એમનો જાહેરી ઈલ્મ જોઈને આશ્ચર્યમાં ગરકાવ થઈ જતા.

હવે આજના બનાવટી જાહિલ સૂફી જેઓ પોતાને કરામતવાળા બુઝુર્ગ તરીકે મશ્હૂર કરે છે, જો તેમની આઝમાઈશ કરવી હોય તો એમની સમક્ષ કોઈ સારા આલિમને લઈ જઈને, કોઈ તફસીર અથવા ફિકહની કિતાબ લઈ જઈને રજુ કરો. અને કોઈ અઘરો મસઅલો સમજાવવા માટે કહો તો પળવારમાં બધી પોલ ખુલી જશે. જનાબ !





સમજાવવાનું તો બાજુએ રહેશે પણ અરબી લખાણ વાંચવું પણ મુશ્કેલ પડશે ! **સુબ્હાનલ્લાહ** ! દાવો તો તરીકતનો પણ એહકામનો ઈલ્મ એટલે હરામ તથા હલાલ, હક્ક તથા બાતિલ, કુફ્ર તથા ઈમાન, ખુદાનો માર્ગ તથા શૈતાની માર્ગથી પણ માહિતગાર નથી ! અને બની બેઠા છે પીરે મુગાં ! (કામિલ પીર !) આવા લોકોને મારી વિનંતી છે કે ખરેખર તમો તસવ્વુફ તથા તરીકતના ઉમેદવાર છો તો બુઝુર્ગોની બનાવેલી કેડી પર ચાલીને પ્રથમ જાહેરી ઈલ્મમાં નિપૂર્ણ બનો ત્યારબાદ કોઈ કામિલ પીરની તર્બિયત (તાલીમ હેઠળ)માં રહીને તસવ્વુફ તથા તરીકતની મંઝિલો પાર પાડો. નહીં તો ફકત નફસ પરસ્તી (પોતાના નફસને ખુશ કરવા) માટે તસવ્વુફ તથા તરીકતને બદનામ ન કરો. અને પેટ ભરવા ખાતર શરીઅતની વિરૂદ્ધ આડી અવળી બકવાસ કરી સામાન્ય લોકોને ગુમરાહ ન કરો, આનાથી વહાબી ફિર્કાવાળા વિરોધીઓને તક મળી રહી છે. જાહિલ સૂફીઓની કઢંગી બકવાસની પકડ કરીને એમના (જાહિલ સૂફીના) શિષ્યોને કુર્આન તથા હદીષનો સહારો લઈ સૂફીની પોકળતા ઉઘાડી પાડીને પોતાની તરફ આકર્ષી લે છે. આ પ્રકારના ઘણા પ્રસંગો બની ગયા છે. જો જાહિલ સૂફીમાં ઈલ્મ હોત તો ઈલ્મની શકિતથી બાતિલ ફિર્કાવાળાને જડબાતોડ જવાબ આપતે અને પોતાના શિષ્યોને બચાવી લેતે. પરંતું અફસોસ ! એવું નથી થતું. જેમના પ્રત્યે આપણને દીની ખિદમત તથા હિફાઝત (સલામતી)ની ખૂબ જ આશા બંધાયેલી હતી આજે એમની સ્થિતિ પણ કહેવાને લાયક રહી નથી. જેના કારણે આજે આપણે સુન્નીઓએ અધોગતિનો સામનો કરવો પડે છે. ખુદા ભલુ કર અને અમો સુન્નીઓની સલામતિ તારા કરમના હેઠળ લઈ લે. આમીન.

## ☆ પીરનો બેટો વિના લાયકાતે પીર ! ☆

આ બાબતમાં કે બાપ પીર તો અમે પણ પીર ! પછી ભલે પીર થવા માટેની શરતો એમની પાસે મૌજૂદ ન હોય, હઝરત મૌદૂદ ચિશ્તીનો પણ એક આશ્ચર્યમાં ગરકાવ કરી દેનારો પ્રસંગ છે. જેમણે

બાપના વિસાલ પછી પીર હોવાની શરતો પોતાનામાં ન હોવા છતાં બાપની ગાદી પર બેસીને હજારો લોકોને મુરીદ બનાવી લીધા હતા. જેમની હિદાયત અને ચેતવણી માટે શૈખુલ ઈસ્લામ કુત્બે વકત હઝરત અહમદ નામકી જામી رضی اللہ عنہને રબ તબારક વ તઆલાએ નિયુકત કર્યા હતા તેઓ (મૌદૂદ ચિશ્તી) પછી આગળ જતાં ચિશ્તિયા સિલસિલાના અઝીમુશ્શાન (મહાન શાનવાળા) બુઝુર્ગ બન્યા. હઝરત શૈખુલ ઈસ્લામ અહમદ નામકી જામીએ હઝરત મૌદૂદ ચિશ્તીને જણાવ્યું, "અવ્વલ મુસલ્લા રા બર તાક નેહ વ બેરવ વ ઈલ્મ આમોઝ કે ઝાહિદે બે ઈલ્મ મસ્ખરાએ શૈતાન અસ્ત." એટલે કે, **"સજ્જાદગી (ગાદીનશીંની) અભરાઈ પર ચઢાવો ! અને પહેલાં જઈને ઈલ્મ શીખો ! કારણ કે ઈલ્મ વગરનો ઝાહિદ શૈતાનનો મસ્ખરો છે."** હવે મૂળ પ્રસંગે જુઓ;

આ હિકાયત ખૂબ જ ઉમદા છે એનો ખુલાસો કરી દઉં જેથી મૂળ વાતનો પ્રસંગ મતલબ જાણવા મળે. અને ખ્વાજા મૌદૂદ ચિશ્તી જેઓ ચિશ્તિયા સિલસિલાના સરદાર છે એમના પ્રત્યેનો વહેમ દૂર થાય. અને આજકાલના ઘણા જ નામચીન દાવેદાર જે વિલાયતના હોદ્દાને બાપનો વારસો સમજે છે એમના માટે હિદાયતનો સબબ બને. હઝરત મૌદૂદ ઔલિયાએ કિરામના ખાનદાનમાંથી છે. બાપ–દાદાઓ, મહાન પાક હસ્તીઓ, ખુદાના મહબૂબ બંદાઓ અને શરીઅત તથા તરીકતના સરદારો અને ઈલ્મ તથા કરામતવાળા હતા. એમના પછી હઝરત મૌદૂદ ચિશ્તીએ બાપના હોદ્દા (ગાદી) પર સ્થાન જમાવ્યું. હજારો માણસો એમના મુરીદ થઈ ગયા. જો કે આપ હજી આલિમ બન્યા ન હતા કે ન તરીકતની કેડી પર કોઈ કામિલ મુર્શિદ (પરિપૂર્ણ પીર)ની તાલીમ મુજબ ચાલ્યા હતા. પરંતુ ઈનાયતે અઝલી એમની હાલત પર નઝરે કરમ ફર્માવી રહી હતી તેથી હઝરત શૈખુલ ઈસ્લામ અહમદને એમની તાલીમ તથા સમજાવટ માટે હોરાત મોકલ્યા. ત્યાં આમ તથા ખાસ (સામાન્ય માણસ તથા અસામાન્ય માણસો) એમની આ'લા કરામતો જોઈને મુરીદ તથા ચાહવાવાળા બની ગયા. અને બધા વિસ્તારમાં





એમની ખ્યાતિ થઈ ગઈ. જે સાહબઝાદા મૌદૂદ ચિશ્તીને રૂચ્યું નહીં. અને મનમાં નકકી કર્યું કે શૈખુલ ઈસ્લામને આ પ્રદેશમાંથી બહાર કાઢી મૂકીએ. મુરીદોનું લશ્કર લઈને આગળ વધ્યા. શૈખુલ ઈસ્લામના સાથીઓને એની ખબર પડી ગઈ પણ અદબના કારણે કાંઈ જણાવી શકયા નહીં. પરંતુ હઝરત પોતે બધું જાણતા હતા. એક દિવસે જ્યારે સવારનો નાસ્તો હાજર કરવામાં આવ્યો તો આપે જણાવ્યું કે થોડીવાર ઊભા રહો, કેટલાક કાસિદો (સંદેશો પહોંચાડનારા) આવી રહ્યા છે ! થોડીવાર પછી સાહબઝાદા મૌદૂદ ચિશ્તીના કાસિદો આવી પહોંચ્યા. હઝરતે એમને ખાવા ખવડાવ્યું પછી ફર્માવ્યું કે તમે કહેશો કે હું બતાવી દઉં કે તમે શા માટે આવ્યા છો ? કાસિદોને વિનંતી કરી કે હુઝૂર ! આપ જ જણાવી દો. જેથી હઝરતે જણાવ્યું કે મૌદૂદ ચિશ્તીએ તમોને એટલા માટે મોકલ્યા છે કે અહમદ (શૈખુલ ઈસ્લામ)ને કહો કે તે અમારા પ્રદેશ (વિલાયત)માં કેમ આવ્યો ? ચુપચાપ સીધી રીતે પાછો જતો હોય તો જલ્દીથી જાય, નહીં તો ગમે તે રીતે કાઢવામાં આવશે ! કાસિદોએ હકારમાં જવાબ આપ્યો કે, હા ! સાહબઝાદાએ એ જ સંદેશો લઈને અમોને મોકલ્યો છે. હઝરતે જણાવ્યું કે જો વિલાયતથી આ ગામડુ (પ્રદેશ) દ્રષ્ટિ હેઠળ હોય તો એ તો અન્યોની માલિકી હેઠળ છે, નહીં કે મૌદૂદ ચિશ્તીની ! અને જો વિલાયતનો મતલબ અહીંના લોકોની દ્રષ્ટિ મુજબ હોય તો આ તો સંજરના બાદશાહની પ્રજા છે ! તો પછી બાદશાહ શૈખુશ્શોયુખ (પીરોના પીર) ઠરશે. અને જો વિલાયતનો મતલબ એમની નજીક એ છે જે હું જાણું છું (ખુદાની નઝદીકી) અને જેને અલ્લાહના વલીઓ જાણે છે, તો કાલે હું એમને બતાવીશ કે વિલાયતનું કામ શું છે, અને શું હોય છે. કાસિદોને આ જવાબ આપ્યો અને બીજી બાજુ મોટુ વાદળ આવ્યું અને એક રાત દિવસ બરાબર વરસ્યું, એક ક્ષણ માટે પણ ન રોકાયું.

બીજા દિવસે સવારમાં હઝરતે ફર્માવ્યું, ઘોડા પલાળો ! (તૈયાર કરો) જેથી મૌદૂદ ચિશ્તીની પાસે જઈએ. સાથીઓએ વિનંતી કરી કે નદીમાં પૂર આવ્યું છે જેથી હવે જ્યાં સુધી થોડા દિવસ માટે વરસાદ

થંભી નહીં જાય ત્યાં સુધી કોઈ નાવિક નાવડુ પણ નહીં લઈ જઈ શકશે. હઝરતે જણાવ્યું, કાંઈ વાંધો નહીં ! આજે હું નાવિક (નાખુદા) બનીશ ! જ્યારે સવાર થઈ ને જંગલમાં પહોંચ્યા તો જોયું એક મોટી સંખ્યામાં હથિયારધારીઓ હઝરતની સાથે થયા છે. હઝરતે પૂછયું, આ કોણ લોકો છે ? જણાવવામાં આવ્યું કે હઝરતના મુરીદો તથા મહોબ્બત કરનારાઓ છે, એઓ એવું સાંભળીને કે મૌદૂદ ચિશ્તીની એક જમાઅત (ટોળી) હઝરતના મુકાબલામાં આવી છે, એટલા માટે હુઝૂર ! તેઓ આપની સાથે થયેલ છે. જણાવ્યું એમને પાછા વાળો. તીર તથા તલવારથી લડવું બાદશાહ સંજરનું કામ છે. ઔલિયાઓના હથિયારો કાંઈક જુદાં જ છે. મલતબ બધા લોકોને પાછા મોકલી દીધા. ફકત થોડા સેવકો (ખાદિમો)ની સાથે હઝરત નદીના કિનારે પહોંચ્યા. પાણી ભરતીના જોશમાં હતું. જણાવ્યું, આજે એ નકકી થયું છે કે હું નાખુદા (નાવિક) બનીશ. પછી માઅરેફતે ઈલાહીમાં વાતો કરવાની શરૂ કરી દીધી. બધા હાજરજનો ખુશ થઈને તલ્લીન થઈ ગયા. હઝરતે જણાવ્યું, આંખો બંધ કરી દો અને ''બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ'' પઢીને ચાલો ! એવું જ કર્યું, જેમણે આંખ ખોલી એમનું પગરખું ભીનુ થયું અને જેણે થોડીવાર લગાડીને ખોલી તેમનું પગરખુ સુકુ રહયું અને દરેકે પોતાની જાતને નદીના બીજા કિનારે પામી ! કાસિદોએ જ્યારે આ પ્રસંગે જોયો તો ઉતાવળે ઉતાવળે સાહબઝાદની સમક્ષ હાજર થયા. અને સંપૂર્ણ પરિસ્થિતિનું વર્ણન કર્યું. કોઈને વિ□ાસ ન આવ્યો કે જે સાહબઝાદા બે હજાર મુરીદોના હથિયારબંધ લશ્કર સાથે તૈયાર હતા પણ જેવી હઝરત શૈખુલ ઈસ્લામથી નજરો મળી તો સાહબઝાદા બેકાબૂ બનીને ગુથણે પડી ગયા અને હઝરતના કદમ મુબારકને ચુમી લીધા. હઝરત એમની પીઠ થાબડતા અને ફર્માવતા હતા કે વિલાયતનું કામ જોઈ લીધું ! તમે નથી જાણતા ખુદાના વલીઓની વિલાયત ફૌજ તથા હથિયારથી નથી ! જાઓ ! સવાર થઈ જાઓ ! હજી બાળક છો ! તમને ખબર નથી કે તમે શું કરો છો !

જ્યારે વસ્તીમાં આવ્યા તો હઝરતે પોતાના સાથીઓ સાથે





એક મહોલ્લામાં ઉતારો કર્યો. અને સાહબઝાદાએ પોતાના મુરીદો સાથે બીજા મહોલ્લામાં ઉતારો લીધો. બીજા દિવસે સાહબઝાદાના મુરીદોએ કહયું કે અમે નીકળ્યા હતા શૈખુલ અહમદને આ પ્રદેશમાંથી હાંકી કાઢવા જ્યારે આજે તેઓએ આપણી સાથે એક જ ગામમાં પડાવ કર્યો છે. એમને કાઢવા માટે કોઈ સરસ યુકિત કરવી જોઈએ. સાહબઝાદાએ જણાવ્યું કે મારો વિચાર એ છે કે ભલાઈ એમાં જ છે કે સવારે એમની સેવામાં હાજર થઈને એમનાથી રજા લઈએ, એમનું કામ આપણા વશમાં નથી. મુરીદોએ કહયું, બલ્કે સાચી સલાહ તો એ છે કે કોઈ જાસૂસ નકકી કરીએ અને જ્યારે એમનો કયલૂલા (બપોરે જમ્યા બાદ સુન્નત તરીકા મુજબ આરામ)નો સમય થાય અને લોકો એમની પાસેથી ચાલ્યા જાય અને તેઓ એકલા રહી જાય એ સમયે આપણી એક ટોળી આપની સાથે એમની પાસે જાય અને સમાઅ શરૂ કરે અને તેઓ જ્યારે વજદમાં આવી જાય એ દરમ્યાન કોઈ હથિયારથી એમના પર વાર કરવામાં આવે. સાહબઝાદાએ જણાવ્યું, આ યોગ્ય નથી, તેઓ વલી છે, કરામતવાળા છે. પણ મુરીદોએ માન્યું નહીં. જ્યારે બપોરના સમયે હઝરત શૈખુલ ઈસ્લામના આરામનો સમય થયો તો સેવકે (ખાદિમે) પાથરણુ બિછાવવાની ઈચ્છા પ્રદર્શિત કરી તો હઝરતે ફર્માવ્યું, થોડીક વાર રોકાઈ જાવ ! થોડુક કામ આવી પડયું છે. અચાનક કોઈએ દરવાજો ખખડાવ્યો. ખાદિમે દરવાજો ખોલ્યો તો જોયું કે હઝરત મૌદૂદ એક ટોળી સાથે આવી પહોંચ્યા છે. સલામ કર્યા બાદ સમાઅ શરૂ થયો અને સાથે વાળા ના'રા લગાડવા માંડયા અને એ પણ ઈચ્છયું કે પોતાનો ઈરાદો (હથિયારથી મારવાનો) પૂરો કરે. એવામાં હઝરત શૈખુલ ઈસ્લામે સરમુબારક ઊંચુ કરીને ફર્માવ્યું '' હે ! હે ! સોહલા કુજાઈ ?'' એટલે કે ''હે ! હે ! સોહલા તુ કયાં છે ?'' આ સોહેલ નામના સરખસના રહેવાસી કરામતવાળા તથા મજઝૂબ જેવા પણ બુધ્ધિશાળી બુઝુર્ગ હતા. જેઓ હમેશાં હઝરતની સેવામાં રહેતા હતા. હઝરતનો અવાજ સાંભળ ીને તેઓ તુરંત હાજર થયા અને એક ના'રો તે ફસાદ કરવાવાળાઓ પર લગાડયો તો તે બધા જ પગરખા તથા પાઘડીઓ છોડીને એકદમ

નાસી છૂટયા. ફકત સાહબઝાદા મૌદૂદ ચિશ્તી એકલા રહી ગયા. ખૂબ જ શરમિંદગીની સાથે ઊભા થયા અને માથા પરથી પાઘડી ઉતારી માફી માગવા લાગ્યા અને વિનંતિ કરવા લાગ્યા કે હઝરતને ખબર છે કે એ વખતે આ મારી મરજી ન હતી. હઝરતે ફર્માવ્યું, તમે સાચુ કહો છો પણ તમે તેઓની સાથે શા માટે આવ્યા ? વિનંતિ કરી, મેં ખોટુ કર્યું ! હઝરત માફ કરી દો ! હઝરતે જણાવ્યું મેં માફ કર્યું, જાવ ! અને તે લોકોને પાછા બોલાવી લાવો. અને બે સેવકો નક્કી કરો અને ત્રણ દિવસ મારી પાસે રોકાઈ જાવ. સાહબઝાદાએ એ પ્રમાણે જ કર્યું. ત્યારબાદ હઝરત સમક્ષ આવીને વિનંતિ કરી કે હઝરતનો જે હુકમ થયો હતો તે પૂરો કર્યો, હવે શું હુકમ છે ? હઝરતે ફર્માવ્યું, **સજ્જાદગી અભરાઈએ ચઢાવો ! અને સૌ પ્રથમ જઈને ઈલ્મ શીખો !કારણ કે ઈલ્મ વગરનો ઝાહિદ શૈતાનનો મસ્ખરો (ગમ્મતી) છે.** સાહબઝાદાએ વિનંતિ કરી કે મેં કબૂલ કર્યું, હજી શું ફર્માવો છો ? જ્યારે ઈલ્મ પ્રાપ્તિથી પરિપૂર્ણ બનો ત્યાર પછી પોતાનું ખાનદાન જીવંત કરો, તમારા બાપ દાદાઓ ઔલિયા તથા કરામતવાળા હતા. સાહબઝાદાએ વિનંતિ કરી કે ખાનદાન જીવંત કરવાનો ઈર્શાદ કરો છો તો પહેલાં બરકતના માટે હઝરતેવાલા મને ગાદી પર બેસાડી દો. ફર્માવ્યું, આગળ આવો. તેઓ આગળ ગયા. હઝરતે માથુ પકડીને પોતાની ગાદીના છેડા પર બેસાડયા, ફર્માવ્યું, **"ઈલ્મની શરતે ! ઈલ્મની શરતે !"** આમ ત્રણવાર ફર્માવ્યું. સાહબઝાદા વધુ ત્રણ દિવસ સેવામાં હાજર રહયા. ફયૂઝ તથા બરકતો અને નવાઝિશાતથી માલામાલ થયા. પછી ઈલ્મ પ્રાપ્તિ માટે બલ્ખ તથા બુખારા પહોંચી ગયા. ચાર વરસમાં પ્રવીણ તથ પરિપૂર્ણ બન્યા. દરેક શહેરમાં હઝરત મૌદૂદની કરામતો જાહેર થઈ. પછી ચિશ્ત પાછા આવ્યા અને મુરીદોની તર્બિયત (તાલીમ)માં વ્યસ્ત થયા. આસપાસના વિસ્તારના ખુદાની તલબ કરનારા લોકો આપની સેવામાં હાજર થયા અને હઝરત (મૌદૂદ ચિશ્તી)ની બરકતથી મઅરેફતની દૌલત અને વિલાયતના દરજ્જાઓ પર પહોંચ્યા. *(નફહાતુલ્ ઉન્સ)*

આ પ્રસંગ ઉપરથી અનુમાન કરો કે પીરી–મુરીદી અને





તરીકતના માટે જાહેરી ઈલ્મ કેટલો અનિવાર્ય છે. હઝરત શૈખુલ ઈસ્લામ કુત્બુલ કિરામ હઝરત અહમદ નામકી જામી رحمۃ اللہ علیہએ ખુલ્લા શબ્દોમાં જણાવી દીધું કે, **"ઈલ્મ વગરનો પીર શૈતાનનો મસ્ખરો છે."** અને એટલું જ નહીં તે ઊંચા દરજ્જાવાળા સાહબઝાદા કે જેમના બાપદાદાઓ ઔલિયાઓના તથા ઉલમાઓના સરદાર હતા. તેમ છતાં પણ તેમને જાહેરી ઈલ્મ શીખવા માટે મજબૂર કર્યા. અને જ્યારે સાહબઝાદા સાહેબે હઝરત શૈખુલ ઈસ્લામની બધી શરતો માન્ય રાખી લીધી. ત્યારબાદ બરકતના હિસાબે હઝરતથી વિનંતિ કરે કે, હુઝૂર મારી તમન્ના છે એને આપ આપની ફયૂઝવાળી ગાદી પર બેસાડીને મને આપના ફયૂઝ તથા બરકતોથી નવાઝો. આ સાંભળી હઝરતે શરતની સાથે પોતાની ગાડીના છેડા પર બેસાડયા અને ત્રણ ત્રણ વખત ફર્માવ્યું, "બશર્તે ઈલ્મ, બશર્તે ઈલ્મ" જેથી હઝરત સાહબઝાદાએ એક અરસા સુધી બલ્ખ તથા બુખારાના મદ્રસાઓમાં ઈલ્મ પ્રાપ્ત કરીને જ્યારે તરીકતની મંઝિલમાં કદમ રાખ્યો તો એમાં એવી પ્રગતિ આપે પ્રાપ્ત કરી કે મહાન ચિશ્તી સિલસિલાના ખ્વાજા અજમેરીની અગાઉના (ઉપરના) બુઝુર્ગોમાં અઝીમુશ્શાન, કરામતવાળા બુઝુર્ગ બનીને ચમકી ઉઠયા. **એટલા માટે તે વ્યક્તિઓ બોધ પ્રાપ્ત કરે જેઓ બાપ પીર હોવાના કારણે વગર ઈલ્મે, વગર શરતે જ મશૈખિયતની ગાદી પર બિરાજમાન થયેલા છે.** એમનાથી મારી સવિનય વિનંતિ છે કે, લોકોની શરમ એક બાજુએ રાખી દીનના ઈલ્મ તરફ પોતાના ધ્યાનને કેન્દ્રિત કરો. જાહેરી ઈલ્મમાં નિપુણ થયા પછી તરીકતની મંઝિલમાં કદમ મૂકો તો પછી જુઓ ! નુરૂન આલા નૂર બનીને ચમકશો. આપની જાતથી ફયઝ તથા બરકતોના ઝરાણાંઓ ફૂટી નીકળશે. અને હજારો માર્ગથી ભટેકલા આપની બરકતથી સીધા રસ્તા પર આવી જશે. અને જો તમોએ લોકોની શરમને ઈલ્મ શીખવા માટે નડતરરૂપ માની તો વિ□ાસ રાખજો કે હઝરત શૈખુલ ઈસ્લામનું તે કથન આપના ઉપર પણ ફીટ થશે કે, **"ઈલ્મ વગરનો પીર શૈતાનનો મસ્ખરો (મજાકીયો) છે."** શૈતાન કાચા તાંતણે બાંધીને પોતાની સાથે

સાથે ગુમાવશે. અને તે જે વાત વસવસા રૂપે તમારા દિલમાં નાંખશે એ જ વાત તરીકતના નામથી લોકોમાં તમે બકયા કરશો. પોતે પણ ગુમરાહ થશો અને બીજાઓને પણ ગુમરાહીના જંગલમાં ગુંચવશો. ખુદાના વાસ્તે આંખો ખોલો અને વસ્તુ સ્થિતિને ઠંડા કલેજે સમજવાની કોશિશ કરો ભલે એ તમોને ગમે તેવી કડવી જણાતી હોય ! કારણ કે સત્ય વાત કડવી જ હોય છે.

**ચેતવણી** :– એ યાદ રાખશો કે વિતેલા સમયમાં પીરાને એઝામ ખિલાફત તથા નાયબપણુ સોંપતા અગાઉ એમની પાસે વરસોના વરસ સુધી મોટી ઈબાદત–રિયાઝત તથા મુજાહિદાઓ કરાવતા. ત્યારબાદ તરીકતની મંઝિલ પસાર કરાવીને વિલાયતમાં પરિપૂર્ણ કર્યા બાદ પોતાની ખિલાફત અને ઈરાદતના ખિર્કાથી સરફરાઝ ફર્માવતા હતા. પરંતુ પાછળથી જ્યારે લોકો નિષ્કાળજીના શિકાર બની ગયા. મુજાહિદા તથા ઈબાદત રિયાઝતોથી દૂર ભાગવા લાગ્યા તો બાદમાં આવનારા ઔલિયાએ કામેલીને લોકોની નિષ્કાળજીને જોઈને ખિલાફત તથા ઈરાદતના ખિર્કાના માટે ઓછામાં ઓછી ચાર શરતો રાખી. આ ચાર શરતોના વગર કોઈ ગમે તેટલો પણ પ્રસિધ્ધ મહાન સંપત્તિવાન તથા મહાન વંશ (નસલ)વાળો કેમ ન હોય ખિલાફતના માટે લાયક થઈ જ નથી શકતો, **એને ખિલાફત આપવી એક શૈતાનના મસ્ખરાને લોકો ઉપર છોડી દેવા સમાન ગણાશે.** તે ચાર શરતો નીચે પ્રમાણે છે :–

# ☆ પીર થવાની શરતો ☆

(૧) **"સુન્ની સહીહુલ અકીદાવાળા હોવું"** પીર જો સુન્ની સહીહુલ અકીદાવાળો ન હોય તે પીર શું બનશે, પરંતુ પોતે જ ગુમરાહ અથવા કાફિર હશે. એના હાથમાં હાથ આપવો શૈતાનના હાથમાં હાથ આપવા સમાન છે. આજે ઘણા ઉઘાડા બેદીન વહાબી–દેવબંદી કે જેઓ મુદલમાં તો ઔલિયાએ કિરામનો ઈન્કાર





કરનાર તથા દુશ્મન છે છતાં છેતરપિંડી માટે તેમણે પીર મુરીદીની જાળ ફેલાવેલ છે. સાવધાન, એમનાથી સાવચેત રહેશો, નહીં તો ઈમાન પણ ગુમાવી બેસશો.

(૨) **"પીર જાહેરી ઈલ્મમાં ઓછામાં ઓછો એટલો માહિતગાર હોવો જોઈએ કે બધી દીન માટે જરૂરી બાબતો (જરૂરીયાતે દીન)નો જાણકાર હોય. હરામ તથા હલાલ, હક્ક તથા બાતિલ, કુફ્ર તથા ઈમાનની વચ્ચે તફાવત કરી શકતો હોય. તે ઉપરાંત પોતાને જરૂરી બધા મસાઈલોમાં બીજા કોઈનો મોહતાજ ન હોય પરંતું પોતે જ દીની કિતાબોમાંથી પ્રાપ્ત કરી શકે."** જો પીરમાં એટલો ઈલ્મ નહીં હોય તો તે હક્કો બાતિલ, કુફ્ર તથા ઈમાન, હલાલ તથા હરામમાં તફાવત નહીં કરી શકે. ખાસ કરીને જરૂરિયાતે દીન જેના પર ઈમાનનો આધાર છે તો જ્યારે એનું જ્ઞાન નહીં હોય તો એના પર અમલ કેવી રીતે કરી શકશે ?! અને આજે નહીં તો કાલે ગુમરાહિયતના દલદલમાં ફસાવાનો ચોક્કસ ખતરો છે. એટલા માટે આવા બેઈલ્મ–જાહિલ પીરને પીર બનાવવો જાણે કે શૈતાનના મસ્ખરાને પીર બનાવ્યો ગણાશે એનો ખુલાસો ઉપર આવી ગયો છે.

(૩) **"પીર ફાસિક તથા ફાજિર ન હોય.** એટલે કે ઉઘાડે છોગે ગુનાહનું કામ કરતો ન હોય. મલતબ કે ખુલ્લમ ખુલ્લા શરીઅતની વિરૂધ્ધ વાતો કરવી, ઈસ્લામના અરકાનોની પાબંદી ન કરવી, જૂઠ, ગીબત, દાઢી મુંડાવવી અથવા કતરાવવી, જાહેરમાં ફોટા પડાવવાનો આદી ન હોય, ટી.વી પર સિરયલો, પિકચરો, રમતો વગેરે જોતો ન હોય...વગેરે કામો કરનો ન હોય." **ફાસિક** તથા **ફાજિર** તો તે છે **જેની સાક્ષી (ગવાહી) સુધ્ધાં શરીઅતે માન્ય નથી** રાખી તેમજ નમાઝમાં તે **ઈમામ નથી બની શકતો** તો પછી દીની બાબતમાં એ તમારો **પીર કઈ રીતના થઈ શકે છે ?!**

(૪) **હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી સિલસિલાનો ક્રમ જોડાયલો હોય,** એટલે કે તમારા પીરથી લઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી શજરાના

ક્રમમાં જેટલા પણ પીરો છે તે બધા શરતો મુજબ હોય. એમનામાંથી કોઈ એક પણ જો શરતો મુજબનો પીર (એટલે આ ચાર શરતોવાળો) નથી તો સિલસિલો (ક્રમ) જોડાયેલો રહેશે નહીં. કોઈ એક પણ શરતો મુજબ ન હોવાના કારણે ક્રમ તૂટી જશે અને ઉપરથી આવતા ફયઝ તથા બરકતોથી પણ વંચિત રહેવું પડશે. **એટલા માટે, હે લોકો ! સાવધાન ! થઈ જાવ કે કોઈના હાથમાં હાથ આપતાં પહેલાં પીરની સારી રીતે તપાસ કરી લો, કે એ પીરમાં ચારેય શરતો સમાયેલી છે કે નહીં. જો સમાયેલી હોય તો ઠીક, નહીં તો કોઈ બીજા શરતો મુજબના પીરની શોધ કરો.**

સિલાસિલો તૂટી જવા માટે એ પણ પૂરતું છે કે કેટલાક લોકો બય્અત તથા ખિલાફત મળ્યા વગર પોતાના બાપ–દાદાના વારસામાં ગાદી પર બેસીને પીરી મુરીદી શરૂ કરી દે છે. અથવા બય્અત તો કરી હતી પણ ખિલાફત મળી નથી, વગર પરવાનાએ મુરીદ બનાવવાનુ શરૂ કરી દે છે. અથવા સિલસિલો કાપી નંખાયો હતો, જેમ કે કેટલાક ચોક્કસ ઝરીયાઓથી જણાયું કે હાજી વારિસ અલી સાહેબે કોઈને પણ ખિલાફત તથા પરવાનગી આપી ન હતી, છતાં પણ એમના નામથી સિલસિલો ચાલુ કરી દેવાયો છે. આ બધા કટ થયેલા સિલસિલા છે, આવા સિલસિલામાં પણ બય્અત જાઈઝ નથી.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہનો ઈર્શાદ છે કે કયામતના પહેલાં સુધી **દરેક જમાનામાં એક લાખ ચોવીસ હજાર (૧૨૪૦૦૦) વલી દુનિયામાં મૌજૂદ હશે.** તેથી એ પણ યાદ રાખો કે શરતોની પાબંદીને જોઈને પીર વિનાના રહેવાની કોશિશ પણ કરશો નહીં. ખુદાની મહેરબાનીથી આજે પણ ઘણા શરતો મુજબના પીરો અસ્તિત્વમાં છે એમની શોધમાં રહેવું જરૂરી છે. ઈન્શાઅલ્લાહ ! જરૂર એવા પીર પ્રાપ્ત થઈ જશે. જ્યારે આવા પીર મળી જાય ત્યારે તરત જ એમનો દામન પકડી લેવામાં આવે. પીરનો દામન પકડવાથી મળતા ફયઝ તથા બરકતોનો તાગ મેળવવા





આરિફ બિલ્લાહ શઅરાની رحمۃ اللہ علیہના કથનને વાંચો. આપ ફર્માવે છે : ''નિઃશંક ! બધા પેશ્વા (આગેવાનો) ઔલિયા તથા ઉલમા પોતપોતાના અનુસરવાવાળાઓની શફાઅત કરે છે. જ્યારે એમના મુરીદની રૂહ નીકળતી હોય, જ્યારે મુન્કર–નકીર તેમને પ્રશ્ન કરતા હોય, જ્યારે તેમનાથી હિસાબ લેવામાં આવે છે, જ્યારે તેમના આમાલ જોખવામાં આવે છે, જ્યારે તેઓ પુલસિરાત પર ચાલે છે, દરેક સમયે દરેક સ્થિતિમાં તેમની મદદ કરે છે. કદી પણ, કોઈ પણ જગ્યાએ કોઈ પણ પ્રસંગે ગાફિલ (બેદરકાર) થતા નથી. *(મિઝાનુશ્શરીઅતુલ્ કુબરા)*

તદ્ઉપરાંત પોતાની ઈબાદત તથા રિયાઝત, તકવો તથા પાકીઝગીના ઘમંડમાં રહી પીરનો દામન પકડવામાં અસમંજસમાં ન રહેશો. એટલા માટે કે આપણી ઈબાદત તથા રિયાઝત એટલી લાયક નથી હોતી જેનાથી નજાત (છૂટકારા)ની આશા બાંધી શકાય. જો કે આપણે નમાઝ પઢીએ છીએ, ઈબાદત કરીએ છીએ તે પણ રિયાકારી (દેખાડો)થી પર નથી (ખાલી નથી). તે ઉપરાંત આપણા બાતિન (અંદર)માં હજારો એવી બુરાઈઓ હોય છે જે આપણી ઈબાદત પર સવાર થઈ જાય છે. જેમ કે રિયાકારી, ઈર્ષા, કીનો (કોઈના પ્રત્યે મેલ રાખવો), ગીબત, જુલમ, ખૂદ પસંદી (પોતાની જ વાત સાચી હોવાની માન્યતા), સ્વાર્થીપણુ, પ્રશંસાના ચાહક હોવું, હોદ્દાની મહોબ્બત તથા દુનિયાની મહોબ્બત તથા લોકપ્રિયતાની લગન તથા અમીરોની તાઝીમ અને ગરીબોથી નફરત, નફસની ઈચ્છાઓના ગુલામ હોવું, ખુદાની નેઅમતોની નાશુક્રી, લાલચ, કંજુસાઈ, બદગુમાની, છેતરપિંડી, પચાવી પાડવાની વૃત્તિ (ખયાનત), બેદરકારી નિફાક, શૈતાનનું અનુસરણ કરવું વગેરે હજારો એવી બર્બાદ કરનારી બાબતો છે જેના કારણે આપણે ઈબાદત પર ઘમંડ નથી કરી શકતા. એટલા માટે કોઈ શરતો મુજબના પીરનો દામન પકડવામાં આવે, જેના વસીલાથી આપણી બુરાઈઓ દરગુઝર કરી દેવામાં કરી દેવામાં આવે અને આપણી તૂટીફૂટી ઈબાદત બારગાહે ખુદાવંદીમાં કબૂલ થઈ જાય. પરંતુ ઉપર મુજબની ચારે શરતોવાળા પીરનું હોવું જરૂરી છે. જો આ શરતો ધરાવતા પીરમાં કોઈ

વિશિષ્ટતા (ખૂબી) ન હોય તો પણ લાભથી ખાલી નથી. જો પીરમાં કમાલ નહીં હોય તો શું થયું ? જો શરતો મુજબનો છે તો એનો સિલસિલો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી જરૂર પહોંચેલો હોવાના કારણે ઉપરથી કમાલવાળા પીરથી સતત ફયઝ તથા બરકતો તથા મદદ પહોંચતી રહેશે. ખાસ કરીને બુઝુર્ગોના સિલસિલાથી સંબંધ જોડવો અને એમની મુશાબેહત (તેમના જેમ રહેવું) ધારણ કરવી શું ઓછી છે ? હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, **"મન તશબ્બહૂ બિ કવમીન ફહુવ મિનહૂ"** એટલે કે, **"જે જે કૌમની જેવું રૂપ ધારણ કરે છે તે તેઓમાંથી છે."** બીજી જગાએ બુઝુર્ગોના સિલસિલામાં જોડાવા વિશે હુઝૂર ફર્માવે છે કે તમારો ખુદા ફર્માવે છે કે, "તેઓ તે લોકો છે જેમની પાસે બેસવાવાળો પણ બદ્‌બખ્ત (બુરો માણસ) નથી રહેતો." કારણ કે ખુદાના મહબૂબ બંદાઓ રહમતની નિશાની છે. તેઓ પોતાનુ નામ લેવાવાળાને પોતાનો બનાવી લે છે અને એના પર રહમતની નજર રાખે છે.

જેમ કે 'બેહજતુલ અસરાર શરીફ'માં છે કે હુઝૂરે પુર નૂર સૈયદેના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ થી અર્ઝ કરવામાં આવી કે જો કોઈ વ્યકિત આપનું નામ લેવાવાળો હોય પણ ન એણે આપના હાથ મુબારક પર બય્અત કરી હોય, ન આપનો ખિર્કો પહેર્યો હોય, તો શું તે આપના મુરીદોમાં ગણાશે ? સરકાર ગૌષ પાક رضی اللہ عنہ એ જણાવ્યું જે **પોતે પોતાની જાતને મારી તરફ સંબંધિત કરે** અને પોતાનુ નામ મારા ગુલામોના દફતરમાં નોંધાવે. (કાદરી સિલસિલાના શરત મુજબના પીરથી મુરીદ બને) અલ્લાહ તઆલા તેને કબૂલ ફર્માવશે. અને જો તે કોઈ ગુનાહની રાહ પર હશે તો તેને તૌબાની તૌફીક આપશે. અને તે મારા મુરીદોના ગિરોહમાં છે, એટલા માટે કે મારા રબે મારાથી વાયદો કર્યો છે કે મારા મુરીદો અને સમાન ધર્મવાળા અને મારા દરેક ચાહતવાળાને જન્નતમાં પ્રવેશ આપશે.

અને યાદ રાખો જે કમનસીબ પોતાની ઈબાદત તથા રિયાઝતના ઘમંડમાં અથવા નિષ્કાળજીના કારણે બુઝુર્ગોનો દામન નહીં પકડે તે ખરેખર ખૂબ જ કમનસીબ છે. શૈખુશ્શોયુખ હઝરત શહાબુદ્દીન





સુહરવર્દી رضی اللہ عنہ "અવારેફુલ મઆરિફ"માં ફર્માવે છે કે "મેં ઘણાયે ઔલિયાએ કિરામને કહેતાં સાંભળ્યા કે જેણે કોઈ ભલાઈ પ્રાપ્ત કરી ચૂકેલ (એટલે શરતો મુજબના પીર)ના દર્શન (ઝિયારત) ન કર્યા તે ભલાઈ પામશે નહીં."

એ જ કિતાબમાં ઈમામ સુહરવર્દી, સુલ્તાનુલ આરેફીન બાયઝીદ બોસ્તામીનો વાકયો નકલ કરે છે કે, **"જેનો કોઇ પીર નથી તેનો પીર શૈતાન છે."** સિલસિલાએ આલિયા, ચિશ્તિયાના મહાન બુઝુર્ગ, વલી તથા મુજદ્દિદ હઝરત સૈયદ અબ્દુલવાહિદ બેલગ્રામી 'સબસે સનાબિલ શરીફ'માં લખે છે કે, "ચુ પીરત નેસ્ત પીરે તુસ્ત ઈબ્લીસ" એટલે કે **"જ્યારે તારો કોઇ પીર નથી તો તારો પીર શૈતાન છે."** બુઝુર્ગોનો કૌલ (કથન) છે કે જેનો કોઈ પીર નથી તેનો પીર શૈતાન છે. આ કથનમાં લંબાણપૂર્વકની ચર્ચા સમાએલી છે આ નાનકડી પુસ્તિકામાં તેનું વર્ણન કરવું શકય નથી. **પરંતું એટલું સમજી લો કે દરેક પીર વિનાની વ્યક્તિનો પીર શૈતાન નથી.** હા ! જે બુઝુર્ગાને દીનના સોનેરી સિલસિલાઓનો ઈન્કાર કરે, એને બાતિલ અથવા નિરર્થક સમજે અથવા ઘમંડમાં પોતે પોતાની જાતને મોટો તથા સંપૂર્ણ સમજીને કોઈનાથી બય્અત થવાને બુરું જાણે તો તે ચોક્કસ ગુમરાહ, ભલાઈ વિનાનો તથા શૈતાનનો મુરીદ છે.

## ☆ બયઅતનું વર્ણન ☆

હવે બયઅતના પણ બે પ્રકાર છે :–

**(૧)** બયઅતે બરકત **(૨)** બયઅતે ઈરાદત બયઅતે બરકત એટલે જેમાં ફકત બરકત માટે સિલસિલામાં પ્રવેશ કરે છે, જેમ કે આજકાલ સામાન્ય રીતે થાય છે, તે પણ દીની નેક નિયતોની સાથે હોવું જરૂરી છે. નહીં તો જો ફકત કોઈ દુનિયાવી સ્વાર્થ તથા ધ્યેય (મકસદ) પ્રાપ્ત કરવા માટે હોય તો એ પણ આ ચર્ચા બહારની વાત છે. આ બયઅતે બરકત માટે પણ ચારેય શરતોવાળા પીર જરૂરી છે. આ

બયઅત પણ ભલાઈથી ભરેલી છે. જેથી શૈખુશ્શોયૂખ ઈમામ શહાબુદ્દીન સુહરવર્દી ફર્માવે છે કે, ''જાણી લો કે બયઅત તથા ખિર્કો બે છે. બયઅતે ખિર્કા તથા બયઅતે ઈરાદત એ તો મશાઈખનો મુરીદોથી મૂળ ધ્યેય છે, (એટલે કે કોઈ વલીએ કામિલના હાથમાં સંપૂર્ણ રીતે પોતાની જાન સોંપીને ઈબાદત, રિયાઝત તથા મુજાહિદાઓમાં વ્યસ્ત બની સુલૂક (તરીકત)ની મંઝિલ પ્રાપ્ત કરવી) અને બયઅતે બરકતનો મતલબ એ બુઝુર્ગોથી મુશાબેહત (મળતાપણું) પૈદા કરવી છે. જેથી હકીકી મુરીદ બયઅતે ખિર્કા તથા ઈરાદતના માટે છે. (જેના માટે કામિલ વલી વિના કોઈ રસ્તો નથી, કારણ કે સુલૂક (તરીકત)ની કેટલીક એવી મુશ્કેલીભરી ઘાટીઓમાં ભલભલાને શૈતાને બરબાદ કરી દીધા છે. એ ઘાટીઓમાંથી પસાર થવા માટે ખુદાની તૌફીક અને વલીએ કામિલનું માર્ગદર્શન અત્યંત અનિવાર્ય છે.) અને બયઅતે મુશાબેહત (બરકત)ના માટે બયઅતે તબર્રુક (બરકતનો ખિર્કો) પૂરતો છે. (આ પણ લાભથી ખાલી નથી) કારણ કે જે કોઈ કૌમથી મુશાબેહત રાખે છે તે તેઓમાંથી છે, એટલે ઔલિયાઓના ગિરોહમાંથી છે) *(અવારેફૂલ મઆરિફ શરીફ)*

## ☆ મુજદ્દિદ તથા વલી તે આનુ નામ !!! ☆

આવો ! દોસ્તો ! 'વલીએ કામિલ' તથા 'મુજદ્દિદ'ની શી ખૂબીઓ હોય છે તો માટે ૧૪ મી સદીના મુજદ્દિદ એટલે કે **આશિકે રસૂલ, મુજદ્દિદે આઝમ, વલીએ કામિલ, આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત, ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી** તથા શાહઝાદાએ આ'લા હઝરત **તાજદારે અહલે સુન્નત, કુત્બે આલમ, મુફતીએ આઝમે આલમ, હઝરત મુસ્તફા રઝાખાં** رضی اللہ عنہما બંનેના જીવનના પ્રસંગોની ઝલક જોઈએ :–

''નબીરએ હઝરત મુહદ્દિષે સૂરતી મૌલાના કારી અહમદસાહબનું બયાન છે કે મદ્રસતુલ હદીષ પીલીભીતના વાર્ષિક જલસામાં હઝરત મોહદ્દિષે સૂરતી رحمۃ اللہ علیہની સાથે પીલભીતના





મશ્હૂર બુઝુર્ગ શાહજી મુહમ્મદ શેરમિયાં رحمۃ اللہ علیہને મળવા માટે તશરીફ લઈ ગયા. તો ત્યાં પહોંચતાં જોયું કે શાહ સાહબ બેપર્દા ઔરતોને (બેપર્દા સામે બેસાડીને) બયઅત કરી રહયા છે !! આ'લા હઝરત શરીઅતના હુકમોની ગૈરતના તકાઝા હેઠળ મુલાકત કર્યા વિના જ પાછા વળી ગયા.

જો બીજું કોઈ હોત તો નારાજ થઈ જાત ! પરંતુ શાહજી મિયાં સાહબ رحمۃ اللہ علیہનો બેનફસીપણાનો (નફસપરસ્તી ન હોવાનો) કમાલ તથા હકપસંદીનો કમાલ એ રીતે પ્રદર્શિત થયો કે સાંજે જયારે આ'લા હઝરત બરેલી શરીફ તશરીફ લઈ જવા માંડયા તો શાહજી મિયાં رحمۃ اللہ علیہ સ્ટેશન સુધી છોડવા આવ્યા અને સવારના પ્રસંગ બાબતે અફસોસ જાહેર કર્યો અને ફર્માવ્યું કે, મૌલાના ! હવે પછીથી હું ઔરતોને પર્દા પાછળ બેસાડીને તેમનાથી બયઅત લેતો રહીશ ! (મુરીદ કરતો રહીશ). ત્યાર બાદ આ'લા હઝરતે તેમની સાથે મુસાફો કર્યો, ગળે મળ્યા. સુબ્હાનલ્લાહ ! *(હયાતે આ'લા હઝરત, પેજ–૧૮૦)*

બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફતી અબ્દુલ મન્નાન સાહબ ફર્માવે છે કે :–

હુઝૂર મુફતીએ આઝમ رضی اللہ عنہની મજલિસમાં તાવીઝ માટે સ્ત્રીઓ તથા પુરૂષોની ભીડ લાગેલી રહેતી હતી પણ શું મજાલ કે કોઈ સ્ત્રીનો હાથ પણ બેપર્દા થઈ જાય. જો કોઈથી નિષ્કાળજી થઈ કે આપનું ધમકાવવાનું શરૂ થઈ જતું ! **લાઈલાહ ઈલ્લલ્લાહ ! અસ્તગફિરુલ્લાહ ! અરે ! પોતાનો હાથ ઢાંક બેશરમ ! બુઢ્ઢાને તારો હાથ બતાવવા આવી છે !!!** અને આખી મહેફિલમાં સન્નાટો છવાઈ જતો અને દરેક પોતાના કપડાં સંભાળી લેતું !!! (આ હતી શરીઅતની પાબંદી ! આ હતી હરામ બાબતોની નફરત !)

આજે મસ્લેહતની વણજાર ચાલી રહી છે, આમ તથા ખાસે આ બાબતોથી બોધ લઈ શરીઅતના પાબંદ થવું જોઈએ તેમાં જ ઉલ્ટી ઈજ્જત વધી જશે.

**આ પ્રસંગો હક્કના ચાહકની આંખો ખોલવા માટે પૂરતા છે અને હઠધર્મીની તો કોઈ જ દવા નથી ! મૌલા તઆલા આપણને હક્ક સમજવા પામે તેવું દિલ અતા કરે. આમીન.**

## ☆ બનાવટી સૂફીને મોહદ્દિષે આઝમનો જીવન સંદેશ ☆

શરીઅતથી બેપરવા બેઈલ્મ રહી એશોઆરામમાં સમય ગુજારતા બનાવટી સૂફીઓ માટે વલીએ કામિલ હુઝૂર **મોહદ્દિષે આઝમે હિંદ સૈયદ મુહમ્મદ કછોછવી** رحمۃ اللہ علیہની જિંદગી શું સંદેશ આપે છે તે પણ જાઈ લો :–

હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ આપના વિશે ફર્માવે છે, "આ હક્ક તથા સદાકત (સત્ય)ના આફતાબથી બદદીન, બદ્‌મઝહબ કાંપતા ધ્રુજતા હતા અને આપના નામથી કાંપી ઉઠતા હતા. દેવબંદી નજદીઓના મોટા મોટા આલિમોમાં આપના મુકાબલાની હિંમત ન હતી, જે બદ્‌મઝહબ બેદીન આપની સમક્ષ આવ્યો તે ઝલીલ થયો, આ હક્ક તથા સદાકતનો આફતાબ ગાલિબ રહયો. **હક્કની હિમાયત તથા મઝહબની હિફાઝત એ જ આપનુ કામ હતું.**

૪૮–૪૮ કલાક સુધી સતત જાગતા રહેતા, આખી આખી રાત દીનની તબ્લીગ તથા મઝહબના પ્રચારમાં વ્યસ્ત રહેતા. મોટા ભાગે ઈશાના વઝૂથી ફજરની નમાઝ અદા ફર્માવતા.........*(મોહદ્દિષે આઝમે હિંદ નંબર–અલમીઝાન)*

હઝરત મૌલાના સૈયદ હામિદ અશરફ અશરફીયુલ જીલાની કછોછવી (મદ્દઝિલ્લહુલ આલી) હુઝૂર મોહદ્દિષે આઝમ رحمۃ اللہ علیہ એ ખિદમતે દીને હક્ક માટે વેઠેલી તકલીફોનું વર્ણન આ રીતે કરે છે :–

ઘણા ગૈર મુસ્લિમો આપના હાથ પર તૌબા કરીને ઈસ્લામની દૌલતથી માલામાલ થયા. મુકર્રમી–વ–મોહતરમી જનાબ હાજી





અબ્દુલમજીદ સાહબ "ફર્શ પર અર્શ"ની પ્રસ્તાવનામાં લખે છે :–

દીને હક્કની તબ્લીગના સિલસિલામાં લગભગ પાંચ હજાર (૫૦૦૦) ગૈર મુસ્લિમો આપના હાથે મુસલમાન થયા......

બિરાદરે અઝીઝ મૌલાના સૈયદ શાહ અસીરુદ્દીન સાહબની ઝુબાની માલૂમ પડયું કે, "ખાદિમ પોતાના મુર્શિદે બરહક્ક મોહદ્દિષે આઝમે હિંદની સાથે ગુજરાતના ઈલાકામાં હતો. હઝરતે તકરીર દરમ્યાન ફર્માવ્યું કે, **મારી જિંદગી એટલા માટે છે કે દીને પાકે મુસ્તફા** صلی اللہ تعالیٰ علیہ وسلم**ની ખિદમત કરું અને ભૂલ્યા ભટકેલા મુસાફરોને રાહે હક્કથી મિલાવી દઉં. જોઈ રહયા છો કે પગના અંગોની માંદગી (અશક્તિ) વધી રહી છે, સફરની તકલીફો બમણી છે પરંતું દીને હક્કની ખિદમતનો તે જઝબો મને મારા બાપદાદાના વારસામાં મળ્યો છે જે મને યુવાન રાખે છે !! (સુબ્હાનલ્લાહ !)** *(મોહિદ્દષે આઝમ નંબર–અલમીઝાન)*

જોઈ લો ! મોકો નથી નહીં તો વધુ ટીપ્પણી કરતે છતાં એટલું સમજી લો કે **બુઝુર્ગોને દીનની નજરમાં જિંદગીનો મતલબ ખિદમતે દીન, નમાઝની શરીઅતની પાબંદી અને બાતિલો સામે એલાને હક્ક કરવું** એ સિવાય અન્ય કાંઈ હતો નહીં. મૌલા કરીમ આપણને આ બુઝુર્ગોના સદકામાં નેક હિદાયત આપે, આમીન.

## ☆ પીરે સૈયદ જ હોવું જરૂરી નથી ! ☆

ઘણા લોકોથી અને જાહિલ સૂફીઓથી એ સાંભળવામાં આવ્યું છે કે પીરના માટે આલી નસબ તથા આલે રસૂલ હોવું જરૂરી છે. **આ વાત તદ્દન જહાલત પર આધારિત છે.** જો આ જ વાત હોત તો સિલસિલએ આલિયા કાદરીયાના સદરુસ્સુદૂર **ગૌષે આ'ઝમ શૈખ અબ્દુલ કાદિર જીલાની હસની તથા હુસૈની સૈયદ** હતા તેઓ કદી પણ કોઈ ગૈર સૈયદને પોતાનો પીર ન બનાવતે. જો કે આપના પીર ગૈર સૈયદ હઝરત સઈદ મખ્ઝૂમી رضی اللہ عنہ (જેઓ કૌમે મખ્ઝૂમથી

સંબંધિત) હતા. ગૌષે આ'ઝમના પીરોમાંથી હઝરત અબૂબક્ર શિબ્લી જે ખૂબ જ મહાન શાનવાળા બુઝુર્ગ થઈ ચૂકયા છે, તેઓ પણ સૈયદ ન હતા. એમની ઉપરના પીર સૈયદુત્તાઈફા (વલીઓના ગિરોહના સરદાર) હઝરત જુનૈદ બગદાદી, આપ પણ સૈયદ ન હતા. આપની ઉપરના પીર હઝરત સર્રી સકતી, તેઓ પણ સૈયદ ન હતા. એમની ઉપરના પીર કુત્બુલ અકતાબ હઝરત મઅરૂફ કર્ખી رضی اللہ عنہ તે તો ઈસાઈ કુટુંબમાં પેદા થયા હતા ! આ પ્રમાણે બીજા બધા સિલસિલાઓમાં ઘણા સૈયદ ન હોય એવા પીર નજર આવશે. આનાથી બિલકુલ સ્પષ્ટ થઈ ગયું કે પીરના માટે **સૈયદ જ** હોવું જરૂરી નથી પરંતું શરતો પ્રમાણેના હોવું **અનિવાર્ય** છે. હા ! શરતો મુજબ હોય અને **સૈયદ હોય તો સોનામાં સુગંધ ભર્યા બરાબર ગણાશે** ! પણ શરતો મુજબ નથી તો ગમે તે હોય પીર ન થઈ શકે.

## ☆ ઈલ્મે શરીઅત તથા તરીકત ☆

**ઈલ્મે શરીઅત તથા તરીકતની ટૂંકમાં ઓળખ :–** શરીઅત, થોડાક ફર્ઝ, વાજિબ તથા હરામ–હલાલનું નામ નથી. પરંતુ બધા, શરીર તથા જીવ, રૂહ તથા કલ્બના હુકમો ઉપરાંત ખુદા તઆલાના બધા ઈલ્મો, અને મઅરેફત તથા હકીકત, અનંત....બધા તેનામાં સમાયેલા છે. જેનામાંથી એક એક ટૂકડાનું નામ તરીકત, માઅરેફત તથા હકીકત છે. એટલા માટે તો બધા જ વલીઓએ કતઈ (ચોક્કસ) ઈજમાઅ સાથે ફૈંસલો ફર્માવ્યો કે બધા હકાઈક તથા મઆરિફ (હકીકત તથા માઅરેફત) તથા કશ્ફને શરીઅતે મુતહ્હરાની કસોટીમાં ચકાસવું ફર્ઝ છે. જો શરીઅતના પ્રમાણે હોય તો હક્ક અને સ્વીકાર્ય છે, નહીં તો મરદૂદ તથા ઝલીલ છે. આનાથી પુરવાર થયું કે તદ્દન યકીનન શરીઅત જ મૂળ આધાર અને (હક્ક બાતિલની) ચકાસણી કરવાનું સાધન છે. ખુદા સુધી પહોંચવાના માર્ગને જ શરીઅત કહેવામાં આવે છે. જેની હિદાયત માટે મહબૂબે ખુદાને મોકલવામાં આવ્યા. જેથી **શરીઅતે**



★ ★ સાચા પીરની ઓળખ ★ ★

**મુહમ્મદી**નો અનુવાદ થયો. **મુહમ્મદ** صلی اللہ تعالیٰ علیہ وسلم**નો બતાવેલો માર્ગ** તે બિલકુલ આમ (દરેકને લાગુ પડે તેવો ફેલાયેલો) તથા મુતલક (અસીમ) છે. ન કે ફકત થોડાક શારીરિક એહકામો માટે ખાસ છે બલ્કે રસૂલનો આ તે માર્ગ (શરીઅત) છે કે પાંચેય વખતની દરેક નમાઝ તેમજ દરેક રકાતમાં એને માંગવી તથા એના પર સાબિત કદમ (અડગ) રહેવા માટેની દુઆ કરવી મુસલમાન માટે વાજિબ ઠરાવ્યું છે. ''ઈહ્દિનસ્સિરાતલ્ મુસ્તકીમ''' એટલે કે અમોને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلمના માર્ગ પર ચલાવ, એમની શરીઅત ઉપર અડગ રીતે રાખ. આ તે જ માર્ગ છે જેના અંતે અલ્લાહ તઆલા છે. કુર્આને અ'ઝીમે ઈર્શાદ ફર્માવ્યો, એટલે કે ''નિઃશંક ! આ સીધા માર્ગ પર મારો રબ મળે છે.'' આ તે જ માર્ગ (શરીઅતે મુહમ્મદીયહ્) છે જેનો વિરોધી બદ્દીન તથા ગુમરાહ છે. કુર્આને અ'ઝીમે ફર્માવ્યું છે. રૂકૂઅની શરૂઆતમાં શરીઅતના એહકામો વર્ણન કરીને રબ તઆલા ફર્માવે છે, ''અને હે મહબૂબ ! તમે ફર્માવી દો કે આ શરીઅત મારો સીધા માર્ગ છે. તેથી એનું અનુસરણ કરો અને એના સિવાય બીજા રસ્તાઓ તરફ ન જાવ. તે તમોને ખુદાના માર્ગથી અલગ કરી દેશે. અલ્લાહ તમોને એની તાકીદ કરે છે જેથી તમે પરહેઝગારી કરો.''

જુઓ કુર્આને અ'ઝીમે સ્પષ્ટ ફર્માવ્યું કે શરીઅત જ ફકત તે માર્ગ છે જેના દ્વારા ખુદા સુધી પહોંચવું શકય છે. એના સિવાય માણસ જે પણ માર્ગ અપનાવશે ખુદાના માર્ગથી દૂર ફેંકાઈ જશે. અને તરીકતનો અર્થ પણ માર્ગ જ છે. હવે જો (તરીકત) તે શરીઅતના માર્ગથી અલગ હોય તો કુર્આનની સાક્ષીના આધારે સમજી લો કે ખુદા સુધી પહોંચાડશે નહીં, પરંતુ શૈતાન સુધી લઈ જશે, જન્નતમાં નહીં પણ જહન્નમમાં લઈ જશે. એટલા માટે કે શરીઅત સિવાય તે બધા જ રસ્તાઓને કુર્આને અ'ઝીમે બાતિલ તથા મરદૂદ દર્શાવ્યા છે. જેથી યકીનન જે એને (તરીકત)ને શરીઅતથી અલગ સમજે છે તે એને ખુદાના માર્ગથી તોડીને (અલગ ગણી) ઈબ્લીસનો માર્ગ માને છે. જો કે આવુ બિલકુલ નથી. તરીકત શૈતાનનો માર્ગ નથી પણ ચોક્કસ ખુદાનો માર્ગ છે. તેથી ખરેખર

તરીકત એ શરીઅતે મુતહ્હરાનો જ ટૂકડો છે. તરીકતમાં જે કાંઈ કશ્ફથી જાહેર થાય છે તે શરીઅતની ઈત્તેબાઅ (પાલન)નું જ પરિણામ છે. નહીં તો ઈત્તેબાઅ વગર મોટા મોટા કશ્ફ, આશ્ચર્યજનક પ્રસંગો (ઈસ્તેદરાજ) જેમ કે હવામાં ઉડવું વગેરે તો પાદરીઓ, જોગીઓ, સન્યાસીઓ, જાદૂગરોથી પણ શકય છે. (ઉપલબ્ધ છે.) તો પછી કશ્ફ અને ઈસ્તેદરાજ એમને કયાં લઈ જશે ? તે જ જહન્નમની આગ તથા દર્દનાક અઝાબમાં ! હવે જો કોઈ શરીઅત વગરના જાહિલ સૂફીથી કોઈ કશ્ફ તથા કમાલ જાહેર થાય તો એને કરામત સમજી લેવામાં ન આવે પરંતું તે એક શૈતાની ઈસ્તેદરાજ, હાથ ચાલાકી અથવા જાદૂનો ચમત્કાર છે જેને જાહિલ અવામ ( અજ્ઞાન લોકો) કરામત સમજી બેસે છે. (અલ્લાહની પનાહ !)

કેટલાક જાહિલ સૂફીઓને એવુ પણ કહેતાં સાંભળવામાં આવ્યા છે કે તેઓ શરીઅતને ટીપું અને તરીકતને સમુદ્ર બતાવે છે. હાય અફસોસ ! જાહિલની મતિ (બુધ્ધિ) નિરાલી જ હોય છે. એ નાદાનને એટલી પણ ખબર નથી કે શરીઅત જ ખુદા સુધી પહોંચવા માટે મમ્બાઅ (જયાંથી પાણી નીકળી દરિયો બને છે એટલે કે ઉદ્ભવસ્થાન) તથા સમુદ્ર છે. શરીઅતના સમુદ્રમાંથી આ **તરીકત** તથા **મઅરેફત** તથા **હકીકત**ની નહેરો નીકળેલી છે. શરીઅતના મમ્બાઅમાંથી જ આ નહેરો નીકળેલી છે. જો મમ્બાઅ ન હોય તો નહેરોમાં પાણીનો પ્રશ્ન જ ઉપસ્થિત થઈ શકતો નથી. કારણ કે નહેરમાં જે પાણી દેખાય છે એ એજ મમ્બાઅની બરકત છે. મમ્બાઅથી જો જોડાણ કાપી નાખવામાં આવે તો નહેર ચોક્કસ સૂકાઈ જશે. જેથી સ્પષ્ટ થાય છે કે નહેર મમ્બાઅની મોહતાજ છે. નાદાન જે ઈલ્મે શરીઅતને ટીપું કહી એને ઉતારી પાડે છે અને પોતાના ફાસિદ ગુમાન (ખોટો વહેમ) હેઠળ કહે છે કે અમે તો અહલે બાતિન તથા અહલે તરીકત છીએ ! અમારે જાહેરી ઈલ્મ તથા શરીઅતના ઈલ્મની કશી પણ જરૂર નથી. તે જ શરીઅતનો ઈલ્મ કેટલા પ્રમાણમાં મહાન શાનવાળો કિનારા વગરનો સમંદર છે તેનું નીચેના સોનેરી કથનો પરથી





અનુમાન કરો અને સાથે સાથે એ પણ દિમાગમાં વસાવી દો કે શરીઅતે મુતહ્હરાના મૂળભૂત સિધ્ધાંતો જેને અદિલ્લએ અરબાઅ (શરીઅતની ચાર પ્રકારની દલીલો) પણ કહે છે તે કુલ ચાર છે.

## ☆ શરીઅતની ચાર પ્રકારની દલીલો ☆

**(૧)** કુર્આન મજીદ, **(૨)** હદીષે રસૂલ, **(૩)** અઈમ્માનો (ઈમામોનો) કયાસ, **(૪)** ઉમ્મતનો ઈજમાઅ. આ ચાર તે સિધ્ધાંત છેના જે થકી શરીઅતના હુકમો જારી થાય છે. આ ચારેયમાંથી હમણાં ત્રણને અલગ રાખીએ છીએ, એમાંથી ફકત એક કુર્આન લઈ લો કે એક કુર્આનમાં જ એટલા વિશાળ પ્રમાણમાં ઈલ્મ છે કે જેને જોઈને માણસની બુધ્ધિ આશ્ચર્યમાં ડૂબી જાય છે. આના અનુસંધાનમાં જો કે હું ટૂંકમાં વર્ણન કરીશ. તેમ છતાં પણ આ ટૂંક વર્ણન સમજદારો માટે વસ્તુ સ્થિતિ સમજવા માટે પૂરતુ થઈ રહેશે.

આયાતે કરીમા અને સહાબાએ કિરામ તથા ઔલિયાએ એઝામના નિર્દેશો :–

**(૧)** કુર્આન મજીદમાં ખુદા તઆલા પોતે જ ફર્માવે છે, એટલે કે, ''અમે કુર્આનમાં કોઈ વસ્તુ બાકી નથી છોડી.''

**(૨)** બીજી જગ્યાએ ઈર્શાદ થાય છે, ''અને અમે તમારા પર આ કિતાબ ઉતારી કે (જેમાં) દરેક વસ્તુઓનું રોશન વર્ણન છે.'' (એટલે કે કુર્આન કરીમમાં દીન તથા દુનિયાની દરેક વસ્તુનું વર્ણન છે) આ બંને આયતો સીમારેખા વિનાની (કેદ વગરની) છે જેથી એમાં બધી જ વસ્તુઓ સમાઈ ગઈ. તરીકત પણ માઅરેફત પણ હકીકત પણ.

**(૩)** 'મિર્કાત'માં મુલ્લા અલી કારીએ નકલ કરેલ છે કે કેટલાક ઉલમાએ ફર્માવ્યું, ''દરેક આયતો માટે ૬૦ હજાર મફહૂમ (મતલબો) છે.''

**(૪)** હઝરત અલી کرم اللہ تعالی وجہہ الکریم એ ફર્માવ્યું કે, ''જો હું ધારૂં તો બિસ્મિલ્લાહની **બે**ના નુકતાના ઈલ્મથી ૮૦ ઊંટો ભર દઉં. (એટલી

કિતાબો લખાઈ જાય કે ૮૦ ઊંટો પર લાદવામાં આવે તો ભરાઈ જાય.)

**(૫)** અલ્લામા અસ્માદીની 'શરહે સલાત' સૈયદી એહમદ કબીર رضی اللہ عنہમાં છે કે અમારા સરદાર ઉમર મેહજારથી રિવાયત છે કે જો હું ધારું કે તમને મૌખિક બતાવીને ''મા નન્સખમિન આયતીન''ની થોડી તફસીર લખાવી દઉં તો એક લાખ ઊંટો લદાઈ જાય તો પણ તેની તફસીર પૂરી ન થાય અને ખરેખર હું એવું કરી શકું છું.

**(૬)** આ ''શરહે સલાત''માં છે કે ખલીફા અબુલ ફઝલના ખાનદાનના અમુક ઔલિયાએ ફર્માવ્યું કે, અમે કુર્આનમાં દરેક અક્ષરની તહત (ની અંદર)માં ચાલીસ કરોડ અર્થો પ્રાપ્ત કર્યા છે. (એટલે કે કુર્આનના અક્ષરમાં ચાલીસ ચાલીસ કરોડ અર્થ પામ્યા.) અને તેના દરેક અક્ષરના એક મકામ (સ્થાન)માં જે અર્થ છે તે અર્થો સિવાયના છે જે બીજા સ્થાનમાં છે. (જે 'અલિફ' એક જગ્યાએ હોય તે જ 'અલિફ' ફરી બીજી જગાએ હશે તો એના અર્થો પેલાથી અલગ જ આવશે.)

**(૭)** આરિફ બિલ્લાહ ઈમામ શઅરાનીના પીર હઝરત અલી ખવાસ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને સૂરએ ફાતેહા (અલહમ્દુ શરીફ)ના અર્થોથી માહિતગાર કર્યો તો મને તેમાંથી એક લાખ ચાલીસ હજાર નવસો નેવું (૧૪૦૯૯૦) ઈલ્મો જાહેર થયા.

**(૮)** 'મિઝાનુશ્શરીઅત' નામની ઈમામ શઅરાનીની કિતાબમાં છે કે મારા ભાઈ અફઝલુદ્દીને સૂરએ ફાતેહામાંથી બે લાખ સુડતાલીસ હજાર નવસો નવ્વવાણું (૨૪૭૯૯૯) ઈલ્મ કાઢયા પછી એ બધાને બિસ્મિલ્લાહ તરફ ફેરવી દીધા, પછી બિસ્મિલ્લાહના 'બે' તરફ ફેરવી દીધા, પછી તે નુકતાની તરફ જે 'બે' ની નીચે છે (એટલે સૂરએ ફાતેહાથી ૨૪૭૯૯૯ ઈલ્મ કાઢયા હતા એટલા જ ઈલ્મ 'બે'ની નીચેના નુકતાથી કાઢયા). અને તેઓ ફર્માવતા હતા કે અમારી સામે (નજરમાં) કુર્આનની ઓળખની દિશા (મકામે મઅરેફતે કુર્આન)માં કોઈ મર્દે કામિલ નથી હોતો જ્યાં સુધી બધા એહકામોનો અને બધા મુજતહીદોના બધા મઝહબોના દરેક મસ્અલા હુરૂફે હિજ્જા (મૂળાક્ષરો)થી





જેમાંથી ધારે કાઢી લે. આ કૌલથી ધોળા દિવસના બપોરના સૂર્યની જેમ સ્પષ્ટ થઈ ગયું કે જાહિલ સૂફી જેનું ટીપું બતાવી તિરસ્કારની દ્રષ્ટિએ જોતો હતો એ જ શરીઅતના સિધ્ધાતોમાંથી એક સિધ્ધાંત એટલે કે કુર્આનની ઈલ્મી વિશાળતા જોઈ લીધી. હજી ત્રણ (સિધ્ધાંતો) બાકી છે. જો આ બધાને એકત્રિત કરવામાં આવે તો એની વિશાળતાનો કોઈ અંદાઝો (અનુમાન) લગાડી શકે ? કદાપી નહીં. તો તમારું (જાહિલ સૂફીઓનું) શરીઅતને ટીપું કહેવું કેટલા પ્રમાણમાં કઢંગી બકવાસ છે તેનું અનુમાન કરી લો. એટલા માટે એનાથી પૂરવાર થઈ ગયું કે વાસ્તવિકમાં આ જ શરીઅતનો ઈલ્મ કિનારા વગરના સમુદ્ર સમાન છે. જેની નહેરો તરીકત મઅરેફત અને હકીકત છે. એનો કાંઈક વધુ ખુલાસો હું આગળ જતાં કરીશ. અત્યારે એના અનુસંધાનમાં સમજવા માટે સરળતા પૂરતાં બે ઉદાહરણો જોઈ લો :–

## ☆ શરીઅત વિના તરીકતમાં રહેવું અશકય ! ☆

**ઉદાહરણ પહેલું :–** શરીઅત દૂધની જેમ છે, તરીકત મલાઈ સમાન, માઅરેફત માખણ સમાન, હકીકત ઘીના સમાન છે. બરાબર આ જ પ્રમાણે શરીઅત તથા તરીકત તથા માઅરેફત તથા હકીકતની સ્થિતિ છે. એટલે કે જો શરીઅત ઉપર અડગ રહે તો એ શરીઅતની બરકતથી એક પ્રકાશ (નૂર) જાહેર થશે જેનાથી તે તરીકતની તરફ આગેકૂચ કરી શકશે. જ્યારે એમાં પણ અડગતાથી રહે તો એનાથી વધુ તે જ પ્રકાશ (રોશની) જાહેર થશે જે પ્રકાશના પ્રતાપે મઅરેફતની દિશામાં આગેકૂચ કરી શકશે. જ્યારે એમાં પણ અડગતાથી રહેશે તો પછી એનાથી પણ એકદમ વધુ ઉજાસવાળો પ્રકાર જાહેર થશે જેના દ્વારા મંઝિલે મકસૂદ એટલે કે હકીકતની મંઝિલ પ્રાપ્ત કરી લેશે. જેવી રીતે દૂધ વગર કશુંય નહીં મળે. એવી જ રીતે શરીઅત વિના ન તો તરીકત છે ન મઅરેફત ન હકીકત. હવે જો જોઈ વ્યકિત કહે કે જનાબ હું તો દૂધના સહારા વગર મલાઈ કાઢીશ ! તો તેના એ વિચાર અને તેની એ વાત ગાંડપણ સિવાય બીજું કાંઈ જ ન કહી શકાય. એવી જ

રીતે શરીઅત વગરના સૂફીઓ પાગલ સિવાય બીજું કાંઈ જ ન કહી શકાય.

**બીજુ ઉદાહરણ** :– શરીઅત પાયો છે તથા તરીકત પહેલો માળ, માઅરેફત બીજો માળ, અને હકીકત ત્રીજો માળ છે. માળાઓ (મજલા) જેટલા પ્રમાણમાં ઉપર જતા જશે એટલા પ્રમાણમાં પાયા પર વધુ આધાર રાખતા થશે. હવે કોઈ મૂર્ખ (અક્કલનો બહેરો) એવું કહે કે અમે તો ઉપરના માળ બનાવી લીધા છે, હવે પાયની શું જરૂરત છે. એ વિચારથી એણે પાયાને ખોદીને ફેંકી દીધો. તો હવે તમે જ બતાવો કે શું ઉપરના તે માળાઓ જે પાયાના આધારે ટકી રહયા હતા તે સલામત રહેશે ? કદાપી નહીં ! બલ્કે પાયાને ખોદતાં જ આખી ઈમારત જમીનદોસ્ત થઈ જશે. બરાબર એ જ પ્રમાણેનું દ્રષ્ટાંત શરીઅત તથા તરીકતનું પણ છે કે શરીઅત પાયો છે અને તરીકત, માઅરેફત વગેરે ઉપરના માળાઓ છે. જે જેટલો ઉપરના માળા ઉપર પહોંચવા ઈચ્છશે એટલો વધારે પાયા (શરીઅત)નો મોહતાજ થશે. હવે જો કોઈ નાદાન ઉપરના માળ પર પહોંચ્યા પછી શરીઅતના પાયાને ખોદવા માંગશે તો ચોક્કસ એની સૂફીપણાવાળી ઈમારત જમીનદોસ્ત થઈ જશે અને ફકત શૈતાની ધોકાબાઝીનો શિકાર બનીને "ટુક ટુક દીદમ દમ ન કશીદમ"ની જેમ (સ્તબ્ધ બની ફાડેલી આંખે) જોતો રહી જશે !

શરીઅત જ ખુદા સુધી પહોંચવાનો માર્ગ છે. તરીકત, માઅરેફત વગેરે એના કેટલાક ભાગોનું કેટલીક અવસ્થાઓ દરમ્યાન નામ છેઃ– દા.ત. એક જ વ્યકિતને કયારેક બેટો કહીને બોલાવવામાં આવે છે, કયારેક બાપ કહીને કયારેક મામા કહીને કયારેક માસા કહીને બોલાવવામાં આવે છે. જો કે છે તે એક જ વ્યકિત પરંતુ અલગ અલગ પરિસ્થિતિના કારણે નામો અલગ અલગ પડી ગયાં, નામ બદલાઈ જવાને કારણે જાત નથી બદલાતી. બિલકુલ એ પ્રમાણે શરીઅતે મુતહ્હરા એક ખુદાઈ નૂરનું ફાનસ છે. જેનાથી દીની દુનિયામાં એના સિવાય કોઈ પ્રકાશ નથી. એનો ઉજાસ વધવાની કોઈ સીમારેખા નથી.





એ જ ખુદાઈ ફાનસ (શરીઅત)થી વધુ પ્રકાશ મેળવવાનું નામ તરીકત છે.

આ જ પ્રકાશ વધીને સવાર, પછી વધુને વધુ વધીને સૂરજ અને પછી એથી પણ વધીને અત્યંત વધુ દરજાઓ સુધી પ્રગતિ કરે છે જેથી વસ્તુઓની હકીકત છતી થાય છે. (એટલે કે આ ખુદાઈ નૂરથી બધી વસ્તુઓની હકીકતનું રહસ્ય જાહેર થાય છે.) અને હકીકી નૂર તજલ્લી ફર્માવે છે.

એટલા માટે શરીઅતે મુતહ્હરાના પ્રમાણે સંપૂર્ણ રીતે ઈલ્મી તથા અમલી (ઈલ્મી એટલા માટે કે અમલના પહેલાં એના વિશે ઈલ્મ હોવા જરૂરી છે ઈલ્મ વગર અમલ અશકય છે કારણ કે જયારે એ ચીઝનો ઈલ્મ જાણતો જ નથી તો એના પર અમલ શું કરશે ?) જિંદગી પસાર કરવી અને રસૂલુલ્લાહની સુન્નતોના અનુરૂપ જીવનને સજાવવું અને અલ્લાહ તથા રસૂલે જે ચીજોની આજ્ઞા આપી તેનું પાલન કરવું અને જે ચીજોની મનાઈ કરી છે તેનાથી દૂર રહેવું. ઈસ્લામના અરકાનોનું પૂરે પૂરું પાબંદ બનવું. ફર્ઝો તથા વાજિબો ઉપરાંત ખૂબ વધારે સંખ્યામાં નફ્લોમાં વ્યસ્ત રહેવું. (હદીષે કુદસીમાં છે કે મારો બંદો મોટી સંખ્યામાં નફ્લો પઢવાના કારણે મારી નઝદીકી પ્રાપ્ત કરે છે તો હું એને મારો દોસ્ત બનાવી લઉં છું અને જયારે એને મારો દોસ્ત બનાવી લઉં છું તો હું એની આંખ બની જાઉં છું જેનાથી એ જુએ છે, એનો કાન બની જાઉં છું જેનાથી એ સાંભળે છે, હું એનો હાથ બની જાઉં છું જેનાથી એ પકડે છે, હું એનો પગ બની જાઉં છું જેનાથી એ ચાલે છે.) બધા ગુનાહો કબીરા તથા સગીરાથી બચવું, ત્યાં સુધી કે બધી બુરી આદતો જૂઠ, છેતરપિંડી, ગીબત, ચાડી ચુગલી, ગુસ્સો, કીનો, ઈર્ષા, વાસના, દિલનો મેલ, હુંપદ તથા આડંબર, નબળી ઈચ્છાઓ, નફસની ગુલામી, સ્વાર્થીપણુ, પોતાની જ ચલાવવાની આદત, નાશુક્રી, વસવસાઓ, હક્કની વિરૂદ્ધમાં બાતિલની તરફેણ, લોકોની ખુશામદ, ખયાનત, ગફલત, એશોઆરામ, મોજ મજા, રિયાકારી, મોટી મોટી આશાઓ બાંધવી, દુનિયવી મજાઓ પ્રાપ્ત કરવી, નિફાક, લાલચ, કંજૂસાઈ,

મખ્લૂક પર ભરોસો, અજૂગતુ વર્તન, ફુઝૂલ વાતો, હંસી મઝાક, બીજાને નીચો પાડવો, અમીરોની તાઝીમ અને ગરીબોને તિરસ્કારની દ્રષ્ટિથી જોવું વગેરે સેંકડો બરબાદ કરવાવાળી બુરી સિફતો જેનાથી રબ તઆલા નારાજ થાય છે અને જેને નાપસંદ ફર્માવે છે, પોતાની જાતને એનાથી પાક તથા સાફ કરવી. એ પ્રમાણે બધા સદ્‌ગુણો જેવાં કે સાચું બોલવું, ઓછુ ખાવું, ઓછુ બોલવું, ઓછુ સૂવું, હરામ તથા મકરૂહ ત્યાં સુધી કે શંકાસ્પદ ચીજોથી બચવું, ગરીબી તથા ફાકાકશીથી મોહબ્બત, તવંગરીથી નફરત, ધીરજ તથા થોડામાં રાજી તથા ખુશ રહેવું, સહનશકિત, તવક્કુલ, ખુદાથી આશા તેમજ ડર રાખવો, જન્નતનો શોખ, દોઝખનો ડર, પરહેઝગારી તથા તકવો, મૌતની યાદ, દુનિયાથી દૂર ભાગવું, માફ કરવું તથા દરગુઝર કરવું, ખુદાનો ખૌફ, ખુદાની યાદમાં પીગળવું, ગોશાનશી (ઈબાદત માટે ખૂણો પકડવો) થવું, અલ્લાહની બંદગી અને રસૂલની ફર્માંબરદારીમાં રચ્યા પચ્યા રહેવું, નફસને કાબૂ કરવા અને ખુદાને રાજી કરવા માટે દુનિયાની બધી મજાઓની છોડી દેવી વગેરે. બધી સારી સિફતોથી સજી ધજીને દુઆ તથા દુરૂદ, ઝિક્ર તથા ઈબાદત તથા તિલાવત તથા રિયાઝત તથા મુરાકેબા તથા મુજાહિદાની ભઠ્ઠીમાં પોતાની જાતને નાખીને પોતાની જાતને ભૂલીને ખુદાની જાતમાં ફના થઈ જાય છે, તો પછી બંદો એ ખૂબી (વિશિષ્ટતા)ઓનો માલિક બની જાય છે. ત્યારે કાટ ખાઈ ગયેલુ લોઢુ જેવી રીતે આગની ભઠ્ઠીમાં પહોંચીને સાફ અને સ્વચ્છ થઈને નીકળે છે, બરાબર એ જ મુજબ શરીઅતે મુતહ્‌હરાના પ્રમાણે ઉપર બતાવ્યા મુજબ અમલી જિંદગી પસાર કરવાથી બંદો પણ બધા મેલ કચરાથી પાક તથા સાફ થઈને ફરિશ્તાઓ જેવી સિફતોનો માલિક બની જાય છે. આ જ શરીઅતના માર્ગના અમલી હિસ્સા (અમલ કરવાવાળા માર્ગ)ને 'તરીકત' નો માર્ગ કહે છે.

એને જો વિગતવાર જાણવો હોય તો કુત્બે ઝમાં, મુજદ્દિદે દૌરાં, હુજ્જતુલ ઈસ્લામ, ઈમામ ગઝાલીની લાજવાબ કિતાબ 'અહ્‌યાઉલ ઉલૂમ' જે આપે સૂફીઓને ખોટા માર્ગે જવાથી બચાવવા માટે લખી છે





તેનો અભ્યાસ કરો. જો આખી વાંચવાની શકિત ન હોય તો ચાર ભાગમાંથી ફકત ત્રીજા ભાગનો અભ્યાસ કરી લો. આશા છે કે સૂફીપણાના દાવાને ભૂલી જશો અને ભૂલથી પણ પોતે પોતાની જાતને સૂફી કહેવાની હિમ્મત નહીં કરો.

આ જ તરીકત પર જ્યારે બંદાનો કદમ જામી જાય છે તો એના અંતે એનું દિલ પુરનૂર (પ્રકાશિત) થઈ જાય છે, અને અરીસાની જેમ ચમકી ઉઠે છે જેના પરિણામે તે જ વસ્તુ તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે જેને દિલના આયનામાં જોઈ લે છે. જેથી કરીને લોકોના દિલની વાતો ત્યાં સુધી કે લોહો કલમ જેમાં શરૂથી અંત સુધીનો ઈલ્મ સમાયેલો છે તે એના દિલના આયનાથી ઓજલ નથી રહેતો. તદ્‌ઉપરાંત તે પોતાના દિલના આયના તથા પ્રકાશથી દરેક વસ્તુને ઓળખી લે છે. આ ઓળખ પ્રાપ્ત કરી લેવાના લીધે શરીઅતના માર્ગના આ ટૂકડાનું નામ 'મઅરેફત' રાખવામાં આવ્યું, પછી એ જ આયના તથા પ્રકાશમાં વધારો થવાને કારણે બધી વસ્તુઓની ઓળખ પ્રાપ્ત કરી લીધા પછી એની સંપૂર્ણ તપાસ (તેહકીક) તથા સંશોધન કરવાના લીધે એનું નામ 'હકીકત' રાખવામાં આવ્યું, એને એ રીતે સમજો કે કેટલાકોએ ઈલ્મના ત્રણ પ્રકાર વર્ણવ્યા છે, ઈલ્મુલ યકીન, અયનુલ યકીન, અને હક્કુલ યકીન.

**ઈલ્મુલ યકીન** :– કોઈ ચીજને જોયા વગર તેની રૂપરેખા અને કૈફિયત (આંતરિક સ્થિતિ)ને એવા વિ□ાસ સાથે જાણી લેવું કે એમાં જરા પણ શંકા ન રહે. જેમ કે કોઈએ પાણીને જોયા વગર એવા વિ□ાસની સાથે એની રૂપરેખા તથા કૈફિયત (એટલે કે પાણીની રૂપરેખા આવી છે અને એની તાસીર તથા ફાયદાઓ આટલા આટલા છે.) ને જાણી લેવું કે એમાં શંકા પણ બાકી ન રહે. આ દરજો અને દાખલો શરીઅત તથા તરીકત બેઉના સંગમનો છે.

**અયનુલ યકીન** :– ઈલ્મુલ યકીન પ્રાપ્ત કર્યા પછી એને પોતાની નજરથી જોઈને સંપૂર્ણ વિ□ાસ કરવો. જેમ કે પાણીને જોયા

વગર એનું 'ઈલ્મુલ યકીન' પ્રાપ્ત કર્યું હતું પછી એણે પાણીને જોઈને એને ઓળખ્યું અને એણે વિ□ાસને પહેલાં કરતાં વધુ મજબૂત કર્યો. આ દરજો તથા દાખલો 'મઅરેફત'નો છે.

**હક્કુલ યકીન :–** ઈલ્મુલ યકીન અને અયનુલ યકીનના પ્રાપ્ત કર્યા બાદ પછી એને અનુભવ, અને સંશોધન દ્વારા એની રૂપરેખા તથા કૈફિયતની સંપૂર્ણ પરિસ્થિતિ જાણી લેવી. જેમ કે જેણે પાણીને જોયા વગર ઈલ્મુલ યકીન મેળવ્યું પછી એને જોઈને અયનુલ યકીન પ્રાપ્ત કર્યા બાદ પછી એની રૂપરેખા તથા કૈફિયતને ખૂદ પોતે અજમાવે, જેમ કે પાણીને સ્પર્શીને એણે રૂપરેખા તથા કૈફિયતનો વિ□ાસ કર્યો કે પાણી ખરેખર પ્રવાહી તથા રંગ વગરનું હોય છે. સુંઘીને તથા ચાખીને એની ગંધ તથા સ્વાદ પારખ્યો અને પીને તરસ છીપાવી અને ધોઈને ગંદકી દૂર કરવાની ખૂબી જોઈ અને વિશ્લેષણ (સંશોધન) કરીને પાણીમાં આયર્ન, સોલ્ટ, કેલ્શયમ વગરે છે તેનો પોતે અનુભવ કરીને પહેલા બંને કરતાં વધારે સંપૂર્ણ મજબૂત વિ□ાસ પ્રાપ્ત કરે કર્યો તો આ દરજો તથા દાખલો 'હકીકત'નો છે.

આ દાખલાઓથી જાણ થઈ કે વાસ્તવિકમાં તે જ એક માર્ગ શરીઅત છે કે જે વિવિધ અવસ્થાઓમાં જુદા જુદા નામોથી ઓળખાય છે. જ્યારે આ પ્રકાશ વધીને સવારની જેમ ઉજાસ ફેલાવે છે તો શૈતાન મલઊન શુભેચ્છક બનીને આવે છે અને સૂફીને કહે છે કે દીપ હોલવી નાખ ! હવે તો સવાર ખૂબ પ્રકાશિત થઈ ગઈ. જો માણસ છેતરપિંડીમાં ન સપડાય અને ફાનસનું અજવાળુ વધીને દિવસ થઈ જાય તો શૈતાન ફરીથી આવીને કહે છે કે  શું હજી પણ દીપ નહીં હોલવે ? સૂરજ પ્રકાશિત છે, મૂર્ખ હવે તારે દીપની શું જરૂર !

જો ખુદાની હિદાયત તથા તૌફિક (શકિત) ની મદદ હશે તો બંદો **'લાહવ્લ'** પઢીને એ મલઊન (શૈતાન)ને ભગાડી મૂકે છે કે હે ખુદાના શત્રુ ! આ જેને તું દિવસ તથા સૂરજ કહી રહયો છે અંતે એ શું છે ? આ ફાનસનો જ તો પ્રકાશ છે. જો એને હોલવી નાખું તો પ્રકાશ





કયાંથી આવશે ? ત્યારે એ ધોકાબાઝ શૈતાન મલઊન (જેના પર ખુદાની લાનત વરસે તે) નિરાશ થઈને નાસે છે. અને જો શૈતાનની છેતરપિંડીમાં સપડાઈ ગયો અને સમજી બેઠો કે, હા ! દિવસ તો થઈ ગયો હવે મારે ચિરાગ (દીપ)ની શું જરૂર રહી. અને જેવું આ બાજુ ફાનસ ઓલવ્યું કે તરત એવું ઘોર અંધારૂ ફેલાઈ ગયું કે પોતાના હાથ પગ નથી જોઈ શકતો.

જેમ કે કુર્આન મજીદે ફર્માવ્યું, (અર્થ) : ''અંધારાં છે એકની ઉપર એક, જ્યારે પોતાનો હાથ કાઢે તો નજરે પડતો ન જણાય, અને જેને અલ્લાહ પ્રકાશ ન આપે એના માટે કયાંયે પ્રકાશ નથી.''

આ તેઓ છે કે તરીકત જ નહીં હકીકત સુધી પહોંચીને પણ પોતે પોતાની જાતને માટે શરીઅતને જરૂરી નથી સમજતા. અને શૈતાનની છેતરપિંડીમાં આવીને ખુદાઈ ફાનસને હોલવી બેઠા અને કાશ ! (જો) એવુ થતું હોત કે એને ઓલવવાથી જે અંધકાર સર્વત્ર એની આંખો સામે છવાઈ ગયો, જેણે એને ધોળા દિવસે બરબાદ કરી દીધો એની ખબર એને પડતે તો કદાચ તૌબા કરતે અને ફાનસનો માલિક (ખુદા તઆલા) શર્મિંદગી અનુભવનારા અને તૌબા કરવાવાળાઓ ઉપર રહમ (દયા)ની દ્રષ્ટિ કરે છે, તે ફરીથી એમને પ્રકાશ આપતે. પરંતુ મુસીબત પર મુસીબતનું અંધારું એવું છવાય છે કે શૈતાન મલઊને જેવી ફાનસ ઓલવાવી અને સાથે તરત જ પોતાની કાવતરાવાળી ફાનસ સળગાવી એમનાં હાથમાં સોંપી દીધી ! આ (જાહિલ સૂફી) એને પ્રકાશ સમજી રહ્યા છે અને એ વાસ્તવિકમાં આગ છે. એ (જાહિલ સૂફી) વહેમમાં ડૂબેલા છે કે શરીઅતવાળાઓ પાસે શું છે ? એક આછા પાતળા પ્રકાશવાળો (ઝબુકા મારતો) દીવો છે. અને વાસ્તવિકમાં એમને જાણ નથી કે આ પ્રકાશ વાસ્તવિકમાં શૈતાની છેતરપિંડી (કાવતરા)વાળા દીપની આગ છે. આંખ મીચાતાં (મૃત્યુ આવતાં) જ બધી પરિસ્થિતિ ઉઘાડી થઈ જશે.

કહેવાનો આશય એ કે શરીઅતની જરૂર દરેક મુસલમાનને

દરેક દરેક શ્વાસ, દરેક દરેક પળે, દરેક દરેક ક્ષણે મુત્યુના આખરી દમ સુધી છે અને તરીકતમાં ડગલુ મૂકનાર માટે એથી પણ વધુ એની જરૂરિયાત રહે છે, કારણ કે જેટલો વધારે બારીક રસ્તો હોય એટલી વધારે માર્ગદર્શકની જરૂરિયાત રહે છે. એટલા માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવ્યું કે, ''ફિકહ (ના ઈલ્મ) વિના ઈબાદતમાં પડનારો એવો છે જેવો કે ઘંટી ખેંચવાવાળો ગધેડો ! કે મુસીબતો વેઠે, દુઃખ સહે અને લાભ કાંઈપણ નહીં.''

## ☆ કિતાબ સંપાદન કરવાનું કારણ ☆

આ કિતાબ લખવાનો જઝબો એ કારણે ઉદ્દ્ભવ્યો કે કેટલાક જાહિલ સૂફીઓની ચિત્ર વિચિત્ર પ્રવૃત્તિઓ જોઈને કલમ ઉઠાવવા માટે લાચાર થવું પડયું, એક જાહિલ સૂફીએ કેટલીક વ્યક્તિઓને પોતાની જાળમાં ફસાવીને એમને લેશન (પાઠ) આપવાનું શરૂં કરી દીધું. થોડાક જ દિવસો પછી તે મુરીદો ઉઘાડા છોગે લોકોને કહેવા લાગ્યા કે, ''આ રોઝા તથા નમાઝ એમાં કાંઈ રાખેલું નથી ! ન શરીઅતની કોઈ જરૂર છે, બસ દિલમાં ને દિલમાં અલ્લાહ અલ્લાહ કરો, બધું જ મળી જશે ! થોડા દિવસના અધ્યયનમાં અમોને એ કમાલ (વિશિષ્ટતા) પ્રાપ્ત થઈ ચૂકયો છે કે અમે જ્યારે આંખો બંધ કરીએ છીએ તો અમોને જાગૃત અવસ્થામાં ખુદા નજર આવે છે !'' હવે વિચાર કરો કે આ જાહિલોએ કુર્આન, રસૂલ તથા ઈસ્લામી અરકાનો બધાને સદંતર બાતિલ ઠરાવ્યું કે નહીં ? અને ખાસ કરીને તે વાકય કે ''જાગૃત અવસ્થામાં ખુદાને જુએ છે.'' આ તે વાકય છે કે જેમાં ઈજમાઅ સાથે કુફ્રનો ફત્વો આપવામાં આવ્યો છે. કારણ કે આ ગુણ (સિફતો) ફકત ખુદાના મહબૂબનો છે. આપના સિવાય વલી તો શું કોઈ નબીની પણ જાગૃતાવસ્થામાં ખુદાનો દીદાર પ્રાપ્ત નથી થયો. જે આવો દાવો કરે તે યકીનન (સંપૂર્ણ વિ□ાસ સાથે) ચોક્કસ **કાફિર** છે.

બીજો પ્રસંગે મુનાઝેરાના સ્વરૂપે એ રીતે ઉપસ્થિત થયો કે





એક બિલકુલ જાહિલ વારસી સૂફીએ અમારા વિસ્તારના ઘણા લોકોને ભરમાવીને પોતાના મુરીદ બનાવી લીધા અને મુરીદોને એવી તાલીમ આપવા લાગ્યો કે, ''અમે તો તરીકતવાળા લોકો છીએ અમારા માટે શરીઅતની પાબંદીની કાંઈ જરૂર નથી. તથા નમાઝ–રોઝાની પણ કશી જરૂર નથી. ફકત 'યા વલી વારસ અલી'નો વિર્દ કરો તો બધો જ બેડોપાર છે. આ વિર્દ જ તમારા રોઝા છે આ વિર્દ જ તમારી નમાઝ છે !!!''

ત્રીજો પ્રસંગ એ છે કે હમણાં થોડાક જ સમય પહેલાં એક વિ□ાસુ આલિમથી એ સમાચાર મળ્યા કે સૂરત તથા અંકલે□રના વિસ્તારમાં એક સૂફી ઊભો થયો છે જેણે પોતાના મુરીદોને રોઝા–નમાઝ, ત્યાં સુધી કે શરીઅતથી પણ અલગ કરી દીધા છે. ઉઘાડે છોગે કહે છે કે અમારે રોઝા–નમાઝ અને શરીઅતની કોઈ જરૂર નથી ! (મઆઝલ્લાહ !)

આ તે જ કારણો છે જેનાં લીધે આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી રહી છે. હવે હું તે જાહિલ સૂફીઓથી પૂછુ છું કે ખુદા સુધી પહોંચવાનો માર્ગ સૂચવવા ખુદા તઆલાએ કુર્આન ઉતાર્યું, જેના માટે અલ્લાહ તઆલાએ શરીઅત બનાવી, જેની તબ્લીગના માટે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબને મોકલ્યા, એ મહબૂબે જીવનપર્યંત એની તબ્લીગ ફર્માવી, એટલું જ નહીં પોતે પણ એના ઉપર જીવનપર્યંત સદા સક્રિય રહયા, સહાબાએ કિરામને જેની હમેશાં તાકીદ કરતા રહયા, એના પર મજબૂતાઈથી પાબંદ કર્યા, બધા સહાબીઓ જેના પર અડીખમ રહયા, એટલું જ નહીં રસૂલે ખુદાના વિસાલ પછી જ્યારે કેટલાક લોકોએ શરીઅતના અરકાનોમાંથી એક રુકન એટલે કે ઝકાતનો ઈન્કાર કર્યો તો સહાબાઓએ એમને ઈસ્લામથી ખારિજ જાહેર કરી એમની સાથે જેહાદ કર્યો.

**હે જાહિલ સૂફી !** જે નમાઝને તમે તુચ્છ ગણી છોડી દીધી છે, શું રસૂલે ખુદાએ પોતાની ઉમ્ર શરીફમાં કદી એને છોડી હતી ? પંજગાના (પાંચ વખતની) તો પંજગાના છે તહજ્જુદની નમાઝ પણ આપે કદી છોડી નથી. બધા જ સહાબીઓને પણ એ નમાઝના સંપૂર્ણ

પાબંદ બનાવ્યા. ચાહે સફરમાં હોય કે પોતાના ઘર પર પણ ન તો રસૂલે નમાઝ છોડી ન કોઈ સહાબીએ, એટલે સુધી કે ગઝવાત (જે લડાઈઓમાં રસૂલે પોતે હાજર રહયા)માં ઘમસાણ મચાવી દેનાર લડાઈની સ્થિતિમાં પણ નમાઝ નથી છોડી, પરંતુ ઈસ્લામી લશ્કરને બે ભાગમાં વહેંચી દેવામાં આવતું. અડધા જમાઅત સાથે નમાઝ અદા કરતા અને અડધા લડાઈમાં વ્યસ્ત રહતા. નમાઝથી પરવાર્યા પછી આ લોકો લડાઈમાં વ્યસ્ત થઈ જતા અને બાકી રહેલા બીજા લોકો જમાઅત સાથે નમાઝ અદા કરતા. નમાઝ તો નમાઝ જમાઅત પણ છોડતા ન હતા. જો કોઈ કારણસર જમાઅતમાં ન આવતો તો રસૂલ એમના ઘરોને સળગાવી દેવાની ચેતવણી આપેલી છે. રસૂલે તો એ પ્રમાણે જીવન પર્યંત નમાઝની પાબંદી કરી કે મૃત્યુશૈયાએ બીમાર હાલતમાં પણ નમાઝ ન છોડી. ત્યાં સુધી કે એ જ બિમારી અને અશક્તિની સ્થિતિમાં પણ જમાઅતની પાબંદી કરતા રહ્યા.

## ☆ નમાઝનું મહત્વ ☆

જે નમાઝના અનુસંધાનમાં નસ્સે કતઈથી (કુર્આની આયતથી) એક બે જગાએ નહીં પણ લગભગ બ્યાસી (૮૨) જગાઓ પર નમાઝ કાયમ કરવા માટેનો હુકમ કર્યો. નમાઝ છોડનારાના માટે જાત જાતની અઝાબની ધમકીઓ આપી. "અવ્વલે પુરસીશ નમાઝ બુવદ" ફર્માવવામાં આવ્યું. એટલે કે હશ્રના મેદાનમાં સૌ પ્રથમ નમાઝ વિશે પ્રશ્ન કરવામાં આવશે. જે નમાઝની પાબંદી કરનારાઓને જાત જાતની ખુશખબરી તથા બશારતો રસૂલે આપી, જે નમાઝના છોડનારાઓ માટે અત્યંત સખત દરજ્જાના અઝાબની ધમકીઓ આપવામાં આવી. અહીં ફકત એક હદીષ બશારતવાળી અને થોડીક હદીષ અઝાબની ધમકીવાળી જોઈ લો :–





## ☆ બશારતવાળી હદીષ શરીફ ☆

હાકિમે પોતાની તારીખમાં હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا થી રિવાયત કરી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે અલ્લાહ તઆલા ફર્માવે છે : જો સમયસર નમાઝ કાયમ રાખશે તો મારા બંદાને મારી મહેરબાનીની જિમ્મેદારી પર ચોક્કસ વાયદો છે કે એને અઝાબ ન આપું અને હિસાબ લીધા વગર જન્નતમાં પ્રવેશ આપું."

## ☆ અઝાબની ધમકીવાળી હદીષો ☆

**(૧)** ઈમામ અહમદે ઉમ્મે અયમન رضی اللہ عنہ થી રિવાયત કરી કે હઝરતે ફર્માવ્યું, "જાણી બુઝીને નમાઝ ન છોડો કારણ કે જે જાણી જોઈને નમાઝ છોડી દે છે અલ્લાહ તથા રસૂલ એના માટે જિમ્મેદાર નથી." હવે જાતે જ અનુમાન કરો કે જેને અલ્લાહ તથા રસૂલ પોતાની જિમ્મેદારીમાંથી અલગ કરી દે તેનું કેટલું ખરાબ પરિણામ આવી શકે છે.

**(૨)** બયહકીમાં હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરેલ છે કે હુઝૂર ફર્માવે છે કે, "જેણે નમાઝ છોડી દીધી તેનો કોઈ ધર્મ નથી, નમાઝ ધર્મનો થાંભલો છે."

**(૩)** ઈમામ અહમદ તથા દારમી નકલ કરે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "જેણે નમાઝની હિફાઝત (હમેશાં અદા) કરી કયામતના દિવસે તે નમાઝ એના માટે પ્રકાશ તથા દલીલ તથા નજાત (નું કારણ) બનશે. જેણે નમાઝની હિફાઝત ન કરી એના માટે ન પ્રકાશ છે, ન દલીલ, ન નજાત (છૂટકારો). અને કયામતના દિવસે કારૂન તથા ફિરઔન તથા હામાન તથા ઉબય ઈબ્ને ખલફની સાથે હશે."

**(૪) "મન તરકસ્સલાત મુતઅમ્મિદન ફકદ કફર."** એટલે કે "જેણે જાણી જોઈને નમાઝ છોડી દીધી (ગોયા કે અથવા તેહકીક કે) કુફ્ર કર્યું" કેટલાક સહાબી તથા અઈમ્માઓએ એનો અસલ અને

જાહેરી અર્થ લીધો. એટલે કે જેણે જાણી જોઈને નમાઝ છોડી દીધી એણે ચોક્કસ કુફ્ર કર્યુ. જેનો ભાવાર્થ એ થાય છે કે કુફ્ર નહીં પણ કુફ્રની નજીક (પહોંચી ગયો). એના ખુલાસા માટે આગળ બીજી હદીષ રજુ થઈ રહી છે. **પરંતુ જે લોકો અર્થઘટનનો સ્વીકાર કરે છે એમનામાંથી પણ દરેકનું કહેવું એ છે કે ઘણા કબીરા (મોટા) ગુનાઓ છે જેવા કે વ્યભિચાર કરવો, દારૂ પીવું, ચોરી, જૂઠ, વ્યાજ ખાવું, વગેરે. પરંતુ આ બધા કબીરા ગુનાહોમાં સૌથી મોટો ગુનોહ નમાઝ છોડવાનો છે.** કારણ કે રસૂલે નમાઝ છોડવાના કારણે જેટલી કડક રીતે અઝાબની ધમકીઓ આપી છે એવી બીજા કબીરા ગુનાહ માટે નથી આપી.

**(૫)** તિર્મિઝીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને શફીક رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે, "સહાબાએ કિરામ નમાઝ સિવાય કોઈ અમલને છોડવાને કુફ્ર સમજતા ન હતા" ઘણી એવી હદીષો આવેલી છે કે જેનો જાહેરી અર્થ એ થાય છે કે જાણી જોઈને નમાઝ છોડવી કુફ્ર છે. અને કેટલાક સહાબાએ કિરામ દા.ત. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ, હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ, અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ, હઝરત મઆઝ ઈબ્ને જબલ, હઝરત અબૂહુરૈહ્ અને હઝરત અબૂ દરદા رضی اللہ عنہم નો મઝહબ હતો. અને કેટલાક ઔલિયા તથા અઈમ્મા દા.ત. ઈમામ અહમદ ઈબ્ને હમ્બલ અને ઈમામ ઈસ્હાક તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક તથા ઈમામ નખઈનો પણ એ જ મઝહબ હતો, એટલે કે જાણી જોઈને નમાઝ છોડવી કુફ્ર છે. જો કે આપણા ઈમામે આ'ઝમ અને બીજા અઈમ્માએ કિરામ તથા ઘણા સહાબાએ કિરામ એને કુફ્ર નથી કહેતા. તો પણ આ કાંઈ નાની સુની વાત છે કે તે જલીલુલ કદર (મહાન ઈજ્જતવાળા) હઝરતોની નજીક એવી વ્યકિત (જાણી જોઈને નમાઝ છોડનાર) કાફિર છે ?!

**ચેતવણી :-** અહીં કાફિર થવા ન થવાનો મતભેદ ફકત



★ ★ સાચા પીરની ઓળખ ★ ★

જાણી જોઈને નમાઝ છોડવાના વિષયમાં છે પછી કોઈ ભૂલ ભૂલામણીના કારણે હોય કે પછી આળસના કારણે નમાઝ છોડવામાં આવી હોય. **પરંતું એ વિશે તો કોઈ એકનો મતભેદ નથી જે નમાઝનો ઈન્કાર કરતો હોય.** દરેકની દ્રષ્ટિએ એ વ્યકિત એકમતે કાફિર છે, જે નમાઝનો ઈન્કાર કરે છે. કારણ કે નમાઝ નસસે કતઈ (કુર્આન) થી સાબિત છે. દા.ત. એમ સમજો કે નસસે કતઈ (કુર્આની આયત) દ્વારા અલ્લાહે દારૂ પીવાને હરામ ફર્માવ્યું, તો એ ગુનેગાર થશે કાફિર નહીં થાય. પરંતું જે દારૂ પીવાને ખુદાએ હરામ બતાવ્યું એ દારૂ પીવાને કોઈ ખુદાના મુકાબલામાં પોતાના માટે દારૂ પીવાને હલાલ સમજશે તો એ ચોક્કસ કાફિર મુર્તદ થશે. એટલા માટે કે અલ્લાહ તથા રસૂલના હુકમને નકારવા (ઈન્કાર કરવા)નું નામ જ કુફ્ર છે.

હવે જરા વિચારો તો ખરા કે જે નમાઝને કાયમ કરવાના માટે અલ્લાહ તથા રસૂલે આવી આવી બશારત (ખુશ ખબરી) તથા એ વાયદાઓ ફર્માવ્યા. અને એના છોડવાવાળા માટે આવી અઝાબની ધમકીઓ ફર્માવી અને એ તો દરેક વ્યકિતને ખબર છે કે અલ્લાહ તથા રસૂલના વાયદાઓ કદી ખિલાફ નથી હોતા, તો પછી જેને અલ્લાહ તથા રસૂલ નસસે કતઈના રૂપે ઓર્ડર આપે અને આ જાહિલ સૂફી એનો પોતે પણ ઈન્કાર કરે અને એના શિષ્યો મારફતે પણ એનો ઈન્કાર તથા હંસી ઉડાવાવે, તો હવે તમે જાતે જ નિર્ણય કરી લો કે આ બનાવટી સૂફી અને એના શિષ્યો અલ્લાહ તથા રસૂલની નજીક શું ગણાશે ?

શું કોઈ જાહિલ સૂફી પૂરાવો આપી શકે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم **એ કદી કોઈને શરીઅતની વિરૂદ્ધ બીજા માર્ગ તરફ બોલવ્યો છે ?** કદાપી નહીં. તો પછી જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જીવનપર્યંત એની જ (શરીઅતની) તરફ બોલાવ્યા અને આ જ રસ્તો આપણા માટે ખુલ્લો મૂકયો. બધા જ સહાબાએ કિરામ તથા ઔલિયાએ એઝામ એની જ પાબંદી કરતા રહ્યા, એ માર્ગને અપનાવતા રહયા. હમણાં ઉપર આવી ગયું કે બધા આરિફો, ઉલમા, ઔલિયાએ એકી અવાજે જણાવ્યું કે જે શરીઅતનો રસ્તો બાજુ પર રાખી તરીકત ધારણ

કરે તે તરીકત નથી પણ મરદૂદ છે. (હે જાહિલ સૂફી !) તો પછી તમે એવા તો કોણ છો (તમને શું હક્ક છે) કે અલ્લાહ તથા રસૂલનો માર્ગ છોડીને એની સરખામણીમાં બીજો માર્ગ ઊભો કરો ? શું તમને ખબર નથી કે ખુદા ફર્માવે છે કે, "આ શરીઅત મારો સીધો રસ્તો છે તો (તમે) એનું અનુસરણ કરો અને એના સિવાય બીજા માર્ગની પાછળ ન જાવ ! કારણ કે તે તમને ખુદાના માર્ગથી દૂર કરી દેશે."

જુઓ, ખુદાના આ ફર્માનથી સ્પષ્ટ જાહેર થાય છે કે **શરીઅત સિવાય બધા રસ્તા બંધ છે.** હવે જે શરીઅત સિવાય બીજો માર્ગે ચાલશે ચોક્કસ તે જહન્નમની આગમાં પહોંચશે. શું તમને ખબર નથી કે જો કોઈ અલ્લાહ તથા રસૂલના સીધા રસ્તાને છોડીને એના મુકાબલે બીજો રસ્તો ઊભો કરે, શું તે અલ્લાહ તથા રસૂલનો દુશ્મન નહીં થશે ? શું તમને ખબર નથી કે અલ્લાહ તથા રસૂલના સીધા માર્ગ શરીઅતને નકારવું (ઈન્કાર કરવો) અથવા એની મશ્કરી કરવી (હાંસી ઉડાડવી) કુફ્ર નથી ? ચોક્કસ છે. તો ખુદાને વાસ્તે ભાનમાં આવો ! શરીઅતની હાંસી ઉડાવી (મશ્કરી કરી)ને પોતાની તથા પોતાના શિષ્યોની આખેરત બર્બાદ ન કરો, તમારા પેટને ભરવા ખાતર લોકોને ધોકામાં ન નાખો, આરામથી રહેવા અને નફસને ખુશ રાખવા ખાતર નમાઝની હાંસી ન ઉડાવો, **સૂફીયાએ કિરામની તો એ સ્થિતિ હતી કે, અમુક તો ફર્ઝો ઉપરાંત રોજ હજારો રકાતો નફ્લ નમાઝ પઢયા કરતા હતા. ઈશાના વુઝૂથી સવાર સુધી આખી રાત નફ્લો પઢતા હતા. અમુક રાત્રી દરમ્યાન એક જ વુઝૂથી બે રકાત નમાઝમાં આખુ કુર્આન પૂર્ણ કરી દેતા હતા.** રાબીયા બસરીયહ્ એટલાં વૃદ્ધ થઈ ગયાં કે જાણે જૂનુ મશક (ખખડધજ વૃદ્ધ) ! એ સ્થિતિમાં પણ આખી રાત જાગીને ઈબાદતો કરતાં હતાં અને દરરોજ ચારસો રકાતો નફ્લ નમાઝ પઢતા હતા. સૂફીયાએ પોતાની બધી મનભાવત વસ્તુઓ, મનને ગમતી વસ્તુઓ તમામ લાલચો તથા મઝેદાર (સ્વાદિષ્ટ) વસ્તુઓને ખુદાને ખુશ કરવા તથા પોતાના નફ્સને મારવા માટે સદંતર છોડી દીધી હતી. તે ઉપરાંત દિવસ દરમ્યાન રોઝો રાખ્યા બાદ પાન,





ઘાસનાં મૂળીયાં અથવા તો પછી સૂકો રોટલો પાણીમાં ઘોળીને પી જતા હતા. હે બનાવટી સૂફી ! તમે પણ તો સૂફીપણાનો દાવો કરો છે તો શું તમે પણ આવું જ કરો છો ? મારું ધારવું છે કે બિલકુલ નહીં. એથી ઉલ્ટું તમે તો શરીઅતના પાલન, રોઝા તથા નમાઝનું કષ્ટ જોયું ને તરત જ ફત્વો લગાવી દીધો કે અમે તો તરીકતવાળા લોકો છીએ ! અમારે એની જરૂર નથી ! અને જ્યાં નફસને ખુશ કરવાનો સામાન આખી શેકેલી મરગી (મુર્ગ મુસલ્લમ), વધુ તેલવાળા ખોરાકો જોઈને બાંયો ચઢાવી પલાંઠીવાળીને એના ઉપર એવા તૂટી પડો છો કે જાણે તરસનું માર્યુ ઊંટ પાણીમાં ઉતરી પડે છે ! આ જ નફસ (નફસને ખુશ કરવું)નું નામ તમે તરીકત પાડી દીધું છે !

હવે સામાન્ય લોકોને પણ શું કહીએ કે મુસલમાનને ઘરે જન્મ લીધો તથા ત્યાં જ ઉછેર પામ્યો અને શરીઅતની તાલીમ સર્વસામાન્ય હોવા છતાં એટલી પણ ધાર્મિક સમજ નથી કે એક બાજુ તો અલ્લાહ તથા રસૂલનો શરીઅતે મુતહ્હરા પર પોતાના બંદાઓને પાબંદ તથા આમિલ (અમલ કરતા) બનાવવાનો અને એના પર સંપૂર્ણ વિ□ાસ કરવવાનો અટલ ફૈંસલો, તે પણ કેવી રીતે ? નસસે કતઈ (કુર્આની આયતો)ના દ્વારા ઓર્ડર (આજ્ઞા), જેના માટે કુર્આનનું ઉતરાણ, વહીનો ક્રમ, મહબૂબને મોકલવું, બંદાઓને એના પર સક્રિય કરવા માટે જેહાદ સુધીની આજ્ઞા કરવી, નાયબોને મુકર્રર કરવા વગેરે કેટલી કાળજીની સાથે થયું છે. અને બીજી બાજુ આજ શરીઅત તથા નમાઝ વગેરેને એક જાહિલ બનાવટી સૂફી શૈતાની વસવસામાં ફસાઈ (શૈતાની માયા જાળમાં અટવાઈ) ને શૈતાની ઈલ્કાના (શૈતાન દ્વારા દિલમાં વાત રાખવામાં આવે તેના) પ્રમાણે પોતાના તરફથી મનઘડત વાતો, પાયા વગરની કહાનીઓ નફ્સ પરસ્તી (નફસને ખુશ કરવા)ના લીધે, લોકોને પોતાની જાળમાં ફસાવવા માટે કોઈ પણ જાતની દલીલ તથા પુરાવા વિના સંભળાવે છે અને છતાં પણ લોકો આંખો મીચીને એને માની લે છે ! જેને જોયો કે લોભામણી વાતો કરી રહયો છે, ટીપ–ટોપ અને શાનો શૌકતનું પ્રદર્શન કરે છે અને સૂફીપણા વિશે મોટા મોટા ગપાટા

મારે છે, લોકોને પોતાના તરફ આકર્ષવા માટે દલાલો છોડીને દિવસ રાત નિતનવી કરામતો સંભળાવીને લોકોને આકર્ષે છે, મુરીદોનું દિલ જીતવા માટે તેઓના ઠેકાણા (ઢંગઘડા) વગરની પ્રસંશા કરીને પૂછડી ઊભી કરી દે છે ! જાત જાતની સોગઠાબાઝી કરામતના નામે બતાવે છે, બસ પછી પૂછવું જ શું ? લોકો એની છેતરપિંડીમાં આવી જઈ એના તરફ આકર્ષાય જાય છે. કારણ કે લોકોને એમાં ઉઘાડા બે લાભ દેખાતા હોય છે, એક તો પોતાની પ્રશંસા, બીજો રોઝા–નમાઝ તથા શરીઅતની પાબંદીથી મુકિત ! એનાથીયે મોટો લાભ એ કે જન્નતની પરવાનગી ! હવે બાકી શું રહયું ? આજુબાજુ જોયા વગર ઉંધુ ઘાલીને સૂફી ગમે તેટલી પણ શરીઅતની વિરૂધ્ધ વાતો કરે એ બધાને કરામત સમજીને એનો એવો જાંનિસાર (જાન આપી દેનારો) મુરીદ બની જાય છે કે જો કોઈ સમજાવવાવાળો સમજાવવાનો પ્રયત્ન કરે છે તો એને જીવ બચાવવો પણ અઘરો થઈ જાય છે ! હું આપણા લોકોને વિનંતિ કરીશ કે મૌલા તઆલાએ તમોને સદ્‌બુધ્ધિ આપેલી છે. થોડીક ધાર્મિક સમજ ઊભી કરો અને અસલીને બનાવટીમાં તફાવત કરવાનો પ્રયત્ન કરો કેમ કે આ કોઈ દુનિયાવી ખેલ (તમાશો) નથી પરંતું આકેબત તથા આખેરતનો મામલો (વિષય) છે જે પણ ડગલું ભરો સમજી વિચારી ભરો, કોઈની લોભામણી વાતોમાં ન ખેંચાઈ જાવ અને અસલી તથા નકલીમાં તફાવત જોવા માટે શરીઅતની કસોટીને ચકાસણીનું સાધન બનાવો,

મૌલા તઆલા આપણા બધા દીની ભાઈઓને દીની સમજ અને શરીઅતે મુતહ્‌હરાના માર્ગ પર ચાલવાની તૌફીક અતા ફર્માવે.–આમીન.

★★★★★

☆☆☆☆☆☆☆☆☆





# ★ આખરી નમ્ર વિનંતિ ★

## ☆ ખુદાના ગઝબથી ડરો ! ☆

પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા દીવાનાઓ ! આપે અભ્યાસ કરી લીધો તથા સમજી શકો છો કે મહાન મહાન વલીઓ ગૌષપાક, ખ્વાજા સાહબ, બાયઝીદ બોસ્તામી, જુનૈદ બગદાદી, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા, મુફતીએ આઝમ, મોહદ્દિષે આઝમ..... رضی اللہ عنہم વગેરે તો શરીઅતની પાબંદી કરીને સુન્નતો અપનાવી જીવવું, દીને હક્કની સુન્નિયતની ખિદમત **એલાને હક્ક** સાથે કરવી તેને જ જીવન ધ્યેય સમજતા હતા અને આપણે તેમનો વસીલો ચાહનારા, તેમની મદદના ઈચ્છુક રહીને તેમના કરતાં તદ્દન વિરૂધ્ધ જિંદગી જીવીએ તો શું આપણે આ મુબારક મકબૂલ હઝરાતના ફયૂઝથી વંચિત ન રહી જઈએ ? યકીનન ! તેમની રૂહો આપણા ગૈર શરઈ કૃત્યોથી નારાજ થશે અને આપણે તેમની નઝરે ઈનાયતથી મહરૂમ થઈ જઈએ.

## ☆ ખુદાને ખાતર આ કવ્વાલીઓને બંધ કરો ! ☆

જો સાચા અર્થમાં બુઝુર્ગોથી અકીદત–વ–મહબ્બત છે તો પછી દિલ પર હાથ રાખીને કહો કે, **એક રંડી જેવી બની ઠનીને આવેલી બેહયા ઔરત** સેંકડો મરદોની સામે સ્ટેજ પર ચઢીને ગાય, તે પણ બુઝુર્ગના મઝાર પર અને ૧૦૦–૧૦૦ ની નોટો તે ફાહિશા ઔરતના ચહેરા પર ઉડાવવામાં આવે ! તેણી વાંજિત્રો સાથે તાલીઓ પાડીને ગાય અને નાદાન મરદો તેની પર ઝુમી ઉઠે, એક તરફ જુગાર ચાલે, બીજી બાજુ જુવાન જુવાન સ્ત્રી પુરૂષો બેહયાઈઓના દ્રશ્યો પૂરાં પાડે........ સ્ત્રી કે જેના અવાજને પણ પર્દો અનિવાર્ય છે, તાળી પાડવી

હરામ, વાજિંત્રો વગાડવાં હરામ, પરાઈ સ્ત્રીને જોવી હરામ, અરે ! **સ્ત્રીએ તો પોતાના પીરથી પણ પર્દો કરવો ફર્ઝ છે. જો પીર સામે પણ બેપર્દા કેવળ મળવા આવે તો પીરને પણ બદનામ કરશે !** તો અન્ય લોકોની વાત જ શું કરવી ?! વળી જુગાર ખેલાય તે પણ હરામ. દોસ્તો ! બતાવો કુર્આન–હદીષ કે બુઝુર્ગોના કથનોમાં આમાંની કઈ ચીજ જાઈઝ છે ? અને કુર્આન–હદીષ તથા બુઝુર્ગોની રાહ જન્નતની રાહ છે, ખુદાની રહમત પામવાની રાહ છે, એ સિવાયના માર્ગો જહન્નમમાં લઈ જનાર તથા ખુદાના ગઝબનો શિકાર કરનારા માર્ગો છે. તો શા માટે જહન્નમના શિકાર બનો છો ? ખુદાથી ડરો ! એક એક પાઈનો હિસાબ થશે તો ખુદાની આપેલી દૌલતને હલાલ કામોમાં વાપરો અને એ રીતે ખુદાનો શુક્ર અદા કરો, હરામ કામોમાં નાણાં ન બગાડો. દરગાહો પર છાકટા કવ્વાલો, ફાસિક ફાજિર કવ્વાલોને તથા બેહયા ઔરતોને બોલાવીને શા માટે ખુદાની નારાઝગી, રસૂલની નારાજગી તથા ખૂદ તે વલીની ઝાતની નારાજગી વહોરી રહયા છો ? શા માટે ખુદા વ રસૂલના દુશ્મનોને, ગુસ્તાખે રસૂલ લોકોને આંગળી ચીંધાવવાનો અવસર પૂરો પાડો છો ? સાચે જ સુન્ની છો, સુન્નિયતથી લાગણી તથા મહબ્બત છે તો આ ગુનાહીત કામોને રોકી દો, ખુદાનો ડર કરો, રસૂલની શરમ કરો, વલીની સાચી રીતે ઉર્સ મનાવીને યોગ્ય અદબ કરો. કોઈ પણ જગાના દાખલા આપીને ખુદા વ રસૂલે ઠરાવેલા હરામ કામને તમે જાઈઝ ઠરાવી શકવાના નથી. નફ્સની શરારતોથી બચો અને ઉર્સ કરો પણ શરીઅતના દાયરામાં રહીને કરો. અને સલાતો સલામ તથા નઅતે પાકની, ઝિક્રો દુરૂદની, તકરીરની, કુર્આન ખ્વાનીની મહેફિલો સજાવો અને પાકીઝા વાતાવરણ ઊભુ કરો. **દરગાહોના ટ્રસ્ટીઓ, જિમ્મેદારો આ બાબતે ધ્યાન આપે, નહીં તો કયામતના દિવસે અઝાબે ઈલાહીના માટે તૈયારી રાખો !**





## પ્રકાશક તરફથી વધારો....

# વાજિંત્રો સાથે કવ્વાલી કેવી ?

## ઢોલ સારંગીની સાથે કવ્વાલી

**પ્યારા સુન્ની ભાઈઓ !**

દરેક કામમાં અલ્લાહના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી શરીઅતનો લેહાજ રાખવો અનિવાર્ય ચીજ છે. માટે કોઈ પણ ગલત ખયાલ, વહેમ કે ભરમ રાખ્યા વિના આ લખાણોને વાંચશો જેમાં એકદમ સ્પષ્ટતા સાથે મુજદ્દિદે દીનો મિલ્લત **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ એ **વાજિંત્રો સાથે કવ્વાલીને હરામ** ઠરાવેલ છે. એના વિશેના અમુક પ્રશ્નો તથા તેના જવાબો ઈન્સાફ પ્રિય દિલ સાથે રાખીને વાંચશો તો વાસ્તવિકતા સમજાઈ જશે. અંતમાં **હઝરત મીર સૈયદ અબ્દુલવાહિદ બેલગ્રામી** رحمۃ اللہ علیہ ની મકબૂલે બારગાહે રિસાલત કિતાબ **"સબએ સનાબિલ શરીફ"** માંથી પણ **સમાઅ વિશે સ્પષ્ટતા દર્શાવી છે.** મૌલા તઆલા દરેકને સાચી સમજ અતા કરે. (આમીન)

હાલના સમયમાં બુઝુર્ગાને દીનના મઝારો પર ઉર્સના નામે ઔરતોની ભીડભાડ વગેરે જે ખુરાફાત થાય છે તેમાં **ઢોલ સારંગીની સાથે કવ્વાલી** પણ છે. તે જ પ્રકારના સવાલ પર કે, "ઉર્સમાં ઢોલ સારંગીની સાથે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم, ગૌષે આ'ઝમ તથા અન્ય ઔલિયા અલ્લાહની શાનમાં નઅત તથા મનકબતના અશ્આર પઢવા જેને હાલમાં સામાન્ય બોલીમાં **"કવ્વાલી"** કહે છે, તેનો શું હુકમ છે ? મુજદ્દિદે દીનો મિલ્લત, આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી

رضی اللہ عنہએ જે જવાબ આપ્યો તેને ધ્યાનપૂર્વક જોવો જોઈએ અને આ'લા હઝરત પર જ આ પ્રકારના ખુરાફાતની તાલીમ આપવાનો ઈલ્ઝામ લગાડવાવાળા (વહાબી–દેવબંદી)ઓએ પણ પોતાનું માથુ તથા મોઢું પીટવું જોઈએ. અને આપણા સુન્ની ભાઈઓએ પણ સબક લઈ વાજિંત્રોવાળી કવ્વાલી સદંતર બંધ કરવી જોઈએ ! વાંચો !"

**"આવી કવ્વાલી હરામ છે.** હાજરીન બધા જ ગુનેહગાર અને તે સહુનો ગુનોહ આવો ઉર્સ કરવાવાળાઓ અને કવ્વાલો પર છે. અને કવ્વાલોનો પણ ગુનોહ તે ઉર્સ કરાવાવાળા પર. એવું નહીં કે, ઉર્સ કરવાવાળાઓના માથે કવ્વાલોનો ગુનોહ જવાથી કવ્વાલો પરથી ગુનોહ કાંઈ ઓછો થાય અથવા તે કવ્વાલો પર હાજરીનોની વબાલ પડવાથી હાજરીનોના ગુનાહમાં કાંઈક કમી થાય, નહીં ! બલ્કે હાજરીનોમાં દરેક પર પોતાનો પૂરો ગુનોહ અને કવ્વાલો પર પોતાનો ગુનોહ અલગ અને સૌ હાજર રહેલાઓના જેટલો અલગ. કારણ એ કે હાજરજનોને ઉર્સ કરવાવાળાઓએ બોલાવ્યા, તેઓના માટે આ ગુનાહનો સામાન ફેલાવ્યો અને કવ્વાલોએ તેઓને સંભળાવ્યું. જો તેઓ સામાન ન કરત તો તેઓ (કવ્વાલો) આ ઢોલ સારંગી ન સંભળાવત તો હાજર રહેનારાઓ આ ગુનાહમાં કેવી રીતે પડત ? એટલા માટે કવ્વાલોનો ગુનોહ પણ તે બોલાવવાવાળા પર."

*(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૧૦, પેજ–૧૯૯)*

## વાજિંત્રોવાળી કવ્વાલી એ ચિશ્તી બુઝુર્ગો પર જૂઠો આક્ષેપ છે !

એક સવાલ પર કે, રાગ અથવા વાજિંત્રો વગાડાવવામાં આવે તે કબીરા ગુનોહ છે કે સગીરા ? આ કાર્યનો કરનાર ફાસિક છે કે નહીં ? આ'લા હઝરત પોતાના કલમનું જૌહર દેખાડે છે;

**"વાજિંત્રો"** એટલે કે **"મૌજ મજા માટે આનંદ પ્રમોદનો સામાન"**





તે નિઃશંક ! હરામ છે, જેનું હરામ હોવું ઔલિયા તથા ઉલમા બંને તબકાના (પેશ્વાઓ)ના કલેમાતે આલિયહ્ (કથનો) માં સ્પષ્ટ જણાવેલ છે. તેના સાંભળવા કે સંભળાવવામાં ગુનોહ હોવામાં શક નથી. અને વારંવાર કરવું કબીરા છે. **સિલસિલાએ ચિશ્તિયહના મહાન બુઝુર્ગોની તરફ તેની નિસ્બત (કરવી) તદ્દન બાતિલ અને આક્ષેપ (કરવો) છે.**

હઝરત સૈયદ ફખ્રુદ્દીન ઝર્રાવી કુદ્દેસ સિર્રહૂ કે (જેઓ) હુઝૂર સૈયદેના મહબૂબે ઈલાહી સુલતાનુલ ઔલિયા નિઝામુલહક વાલિદૈને મુહમ્મદ અહમદ رضی اللہ تعالیٰ عنہના મહાન ખલીફાઓમાંથી છે. જેમણે હઝરત (નિઝામુદ્દીન ઔલિયા)ની હયાતીમાં બલ્કે ખૂદ હુઝૂરેવાલા (નિઝામુદ્દીન ઔલિયા)ના હુકમથી સમાઅના મસઅલામાં "કશ્ફૂલ કતઅને ઉસૂલિસ્સમાઅ" રિસાલો લખ્યો (તે) રિસાલામાં ફર્માવે છે, **"કેટલાક પોતાના હાલથી બેકાબૂ બનેલા લોકોએ પોતાના હાલ અને શોખના તરંગમાં વાજિંત્રો સાથે સમાઅ સાંભળ્યો, અને અમારા પીરાને તરીકત رحمۃ اللہ علیہનું સાંભળવું આ આક્ષેપથી અલિપ્ત છે.** (વાજિંત્રો સાથે સાંભળવાનો આક્ષેપ તેમના પર ખોટો છે.–અનુ) તે તો ફકત કવ્વાલોનો અવાજ છે (અને) તે અશ્આરોની સાથે જે ઈલાહી જલ્લ વ અલાની કમાલની સિફતની ખબર આપે છે........અંત સુધી.........

બલ્કે ખૂદ હુઝૂર મમદૂહ (નિઝામુદ્દીન ઔલિયા) رحمۃ اللہ علیہએ પોતાના મલ્ફૂઝાત શરીફ **"ફવાઈદુલ ફવાઈદ"** વગેરેમાં ઠેક ઠેકાણે **વાજિંત્રો હરામ હોવાની સ્પષ્ટતા કરી.** બલ્કે હુઝૂરેવાલા **કેવળ તાલીને પણ મના ફર્માવતા હતા** કેમ કે તે ખેલકૂદની સાથે મુશાબેહત (મળતાપણું) ધરાવે છે." *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૧૦, પેજ–૫૪)*

## કવ્વાલી અને સાહિબે મઝાર

બુર્ઝુગોના મઝારો પર ઉર્સના નામે ગાવા બજાવવાનો રિવાજ

આમ થઈ ગયો છે. અને **તેનો આક્ષેપ ચિશ્તી બુઝુર્ગાને કિરામ પર લગાડવામાં આવે છે કે તેઓ સાંભળતા હતા એટલા માટે અમે પણ સાંભળીએ છીએ** ! એના અનુસંધાનમાં એક હેરતનાક અને ઈબ્રતનાક ખુલાસો જુઓ :–

આ'લા હઝરતને એક સવાલ કરવામાં આવ્યો કે, "શું આ રિવાયત સાચી છે કે હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ કબર શરીફમાં ઉઘાડે માથે ઊભા થઈને ગાવાવાળાઓ પર લાનત ફર્માવી રહ્યા હતા ?" આ'લા હઝરતે ફર્માવ્યું;

"આ બનાવ હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہનો છે કે આપના મઝાર શરીફ પર સમાઅની મજલિસમાં કવ્વાલી થઈ રહી હતી. આજ કાલ તો લોકોએ ખૂબ જ નવી નવી વાતો પોતાની તબીયતથી ઉપજાવી કાઢેલી છે, નાચ વગેરે પણ કરાવે છે. જો કે **તે સમયે એ બારગાહોમાં વાજિંત્રો પણ ન હતાં.** હઝરત સૈયદ ઈબ્રાહીમ ઈરજી رحمۃ اللہ علیہ જેઓ અમારા પીરોના સિલસિલામાંથી છે. સમાઅની મજલિસની બહાર બેઠેલા હતા. એક સાહબ સાલેહીનમાંથી આપની પાસે આવ્યા અને કહ્યું કે મજલિસમાં તશરીફ લઈ ચાલો ! હઝરત સૈયદ ઈબ્રાહીમ ઈરજી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, તમે જાણવાવાળા છો. હુઝૂરના મઝારના સિરહાનાની તરફથી હાજર થાવ, જો હઝરત રાજી હોય તો હું હમણાં જ આવું છું. તેમણે મઝારે અકદસ પર મુરાકિબો કર્યો તો જોયું કે હુઝૂર (હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર) કબર શરીફમાં પરેશાન હાલતમાં છે અને તે કવ્વાલોની તરફ ઈશારો કરીને ફર્માવે છે, **"ઈં બદ્‌બખ્તાને વકત મારા પરેશાન કરદા અન્દ"** (આ બદ્‌બખ્તોએ મને પરેશાન કરી રાખ્યો છે). તેઓ પાછા આવ્યા અને કાંઈ કહે તે પહેલાં જ (હઝરત ઈબ્રાહીમ ઈરજીએ) કહ્યું, તમે જોઈ લીધું !" *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૧, પેજ–૧૧૨)*



# સમાઅનો મતલબ શો છે ?

(બારગાહે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلمમાં મકબૂલ થયેલ કિતાબ "સબએ સનાબિલ શરીફ"માંથી)

**સવાલ :–** શું સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم અને હઝરત અલી મૌલાએ કાએનાત کرم اللہ تعالیٰ وجہہ الکریم નું સમાઅ સાંભળવું ષાબિત છે ?

**જવાબ :–** હઝરત શૈખ અલૂદીનોરી કુદ્દેસ સિર્રહૂનું કથન જે પેજ–૪૧૮ પર નકલ થયેલ છે કે આપણા પૈગંબર صلی اللہ تعالیٰ علیہ وسلم અને હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم અને આપણા મશાઈખે **સમાઅ** સાંભળ્યો છે, એ સહીહ છે. એનો મતલબ **હમ્દ** તથા **નઅત** અને **વઅઝ** તથા **નસીહત** સાંભળવું છે. કેટલીયે હદીષોમાં આવેલ છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمએ હઝરત હસ્સાન ઈબ્ને ષાબિત તથા અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા તથા અન્ય સહાબી શાયરો પાસેથી હમ્દ તથા નઅતના શેઅરો સાંભળ્યા.

હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہના બારામાં તો એટલે સુધી આવ્યું છે કે તેમના માટે મસ્જિદે નબવીમાં મિમ્બર રાખતા અને તેમને હુકમ ફર્માવતા કે પોતાના અશ્આર સંભળાવો ! તેમના માટે દુઆ ફર્માવતા **અલ્લાહુમ્મ ઐયિદહૂ બિરૂહિલ્ કુદ્દસિ.** એ જ પ્રમાણે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمના બારામાં પણ એવી ઘણી રિવાયતો છે કે તેઓ અશ્આર સાંભળ્યા કરતા હતા.

**"સમાઅ"**નો અર્થ કેવળ એ જ છે કે **અશ્આર (શેઅરો)ને "સાંભળવું"** તેમણે એવું કયાં ફર્માવ્યું છે કે **મઝામીર (વાજિંત્રો) સાથે સમાઅ** સાંભળતા હતા ? **વાજિંત્રો હરામ છે !** શેઅરોને કોઈ સારા અવાજવાળા થકી સાંભળવું હરામ નથી......

*(સબએ સનાબિલ શરીફ, પેજ–૪૫૪,*
*અઝ : હઝરત મીર સૈયદ અબ્દુલવાહિદ બેલગ્રામી)*